# પ્રકરણ – ૩ આદિ મહાકાવ્ય : મહાભારત

(૧) મહાભારતનું સ્વરૂપ અને વિકાસ
(૨) મહાભારતના કર્તા
(૩) મહાભારતનાં પ્રસિદ્ધ આખ્યાનો લક્ષણો
(૪) મહાભારતનું સંસ્કૃત સાહિત્યમાં સ્થાન
(૫) મહાભારત આદિકાવ્ય તરીકે
(૬) મહાભારતના વર્ણ્ય–વિષયો
પાદટીપ

*    **ભૂમિકા :–**

સંસ્કૃત સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓમાં રામાયણ અને મહાભારત સ્થાન ધરાવે છે.ભારતીય સંસ્કૃતિ સંસ્કૃતના શ્રેષ્ઠ સાહિત્યને લીધે પ્રસિદ્ધ બની છે. રામાયણ અને મહાભારત જેવા શ્રેષ્ઠ મહાકાવ્યો દિર્ઘ કાળ સુધી વિ ને માર્ગદર્શન આપતા રહેશે. ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના ગ્રંથોમાં મહાભારતનું સ્થાન વિશિષ્ટ અને અનન્ય છે. મહાભારત મહર્ષિ વેદ વ્યાસનું દિવ્ય સર્જન છે. મહાભારત ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિક છે. મહાભારત સંસ્કૃત સાહિત્યની અનન્ય કૃતિ છે. ભારત દેશ આ અપ્રતિમ મહાકાવ્યોના નિર્માણ બદલ વિ સાહિત્યમાં ગૌરવ લઇ શકે છે.

સંસ્કૃત સાહિત્યમાં મહાભારત મહાકાવ્ય અદ્વિતીય છે. તે વિશાળ સાગર સમાન છે. મહાભારત ઈતિહાસ, આયુર્વેદ, વિજ્ઞાન, ખગોળ, ગણિત જેવા અમૂલ્ય રત્નો સભર છે. મહાભારતના વર્ણ્ય વિષયો જ્ઞાનના વિપુલ ભંડારો સમાન છે. ભારતીય સંસ્કૃતિના ગૌરવ સમાન મહાભારત વિ સાહિત્યની અનુપમ ભેટ છે. મહાભારત અત્યંત લોકપ્રિય મહાકાવ્ય છે. મહાભારત વર્તમાન યુગનો ઐતિહાસિક,પૌરાણિક, નૈતિક અને તત્ત્યવજ્ઞાન સંબંધી કથાનો વિશાળ ગ્રંથ છે. મહાભારતના એક ભાગરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતા સાચા અર્થમાં જીવન ગ્રંથ છે. વિ સાહિત્યનું ટોચનું તત્ત્યવજ્ઞાન તેમાં છૂપાયેલું છે. મહાભારત અને રામાયણ અનંત કાળ સુધી લોકોને માર્ગદર્શન આપતા રહેશે.

મહાભારતમાં પાંડવો અને કૌરવોની પ્રસિદ્ધ યુદ્ધ કથા છે. મહાભારતનો મુખ્ય ઉદ્દેશ મનુષ્ય જાતિના ભૌતિક જીવનની નિઃસારતા દર્શાવી મોક્ષમાર્ગ તરફ પ્રવૃત કરવાનો છે. ભારત જેવા વિશાળ દેશને એકસૂત્રે બાંધી રાખવાનું મહાન કાર્ય મહાભારતે કર્યું છે. મહાભારત ધર્મનું મહત્વનું અંગ છે. ધર્મ અને સંસ્કૃતિનું તે કવચ છે. ધર્મનું સત્ત્યવ અને તત્ત્યવ મહાભારત જાળવી રાખે છે. ધર્મના સત્ત્યવને નીચોવી તેને એક પાત્રમાં ભરી રાખવાનું શકતય નથી. કોઇપણ સંસ્કૃતિ માટે ગ્રંથો આવશ્યક છે. તે ગ્રંથોને આધારે માણસ દિવ્ય પ્રેરણા અને માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે. રામાયણ અને મહાભારત બન્ને મહાકાવ્ય સાચા અર્થમાં માનવ જીવનનાં પથદર્શક છે. તેની પ્રેરણા પ્રાપ્ત કરીને માણસ દિવ્ય જીવન જીવી શકે.

ભારતનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ શ્રીમદ્ભગવદ્ગીતા છે. આ ગ્રંથ પણ મહાભારતનો જ એક ભાગ છે. અનુગીતા, ગજેન્દ્ર મોક્ષ, વિષ્ણુ સહસ્ત્રનામ, ભીષ્મ સ્તવરાજ જેવા પંચરત્નોની ઉત્પત્તિ પણ મહાભારતમાંથી જ થઇ છે. આ બધા ગ્રંથો સ્વતંત્ર છે. તેનું મહત્વ ઓછું આંકી શકાય તેમ નથી. મહાભારતમાં ભરત વંશના મહાન્ રાજાઓનું વર્ણન કરવામાં આવ્યું છે એટલા માટે તેને મહાભારત કહેવામાં આવે છે. મહાભારત ફકતત એક ગ્રંથ નથી પરંતુ તે સર્વવેદો, ઉપનિષદોના સારરૂપ ગણ્યું છે. મહાભારતમાં પુરાણ, ઈતિહાસ ત્રણે કાળનું નિરૂપણ કર્યું છે. જન્મ–મૃત્યુ સનાતન તથા શાત છે. મહાભારતના જ્ઞાન દ્વારા આ તથ્યને સમજી શકાય છે.

મહાભારત દિવ્ય અને પ્રેરણા સભર ગ્રંથ છે. સાથે તે નીતિશાસ્ત્રનો પણ ગ્રંથ છે. વિદુરનીતિ, ભીષ્મ નીતિનું અને સંજયનીતિનું વર્ણન છે. મહાભારતમાં માણસ છે કે કર્મ, જ્ઞાન અને ભકિતત વગેરેને નજર સમક્ષ રાખી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. મહાભારતે વૈદિક ધર્મના ભોગવાદ અને ઉપનિષદોના ત્યાગનો મધ્યમ માર્ગ અપનાવ્યો છે. મહાભારતમાં પ્રવૃતિ, નિવૃતિ, કર્મ અને સંન્યાસના સુંદર વિચારોનું પ્રતિપાદન કર્યું છે. અન્ય વિવેચકોએ મહાભારતને એક વૃક્ષના બીજની ઉપમા આપવામાં આવી છે. જે વૃક્ષ બનીને બધાને શીતળતા બક્ષે છે. મહાભારતના પાત્રોમાં જીવનનો ધબકાર સંભળાય છે. વિશાળ ક્ષેત્રમાં થયેલું વર્ણન અન્ય જગ્યાએ મળવું દુર્લભ છે.

મહાભારતના એકથી એક પાત્રો શ્રેષ્ઠ અને પ્રેરણારૂપ હતા. વીર યોદ્ધા અને રાજનીતિજ્ઞ ભીષ્મ પિતામહ, પ્રાતઃસ્મરણિય દ્રોણ, દાનવીર કર્ણ, શૂરવીર પણ દુષ્ટ દુર્યોધન, મહાન તેજસ્વી પાંડવો, ત્યાગ અને પ્રેરણામૂર્તિ સતી દ્રોપદી, તેજસ્વી વીર પુત્રોની માતા કુંતી, અંધ છતા પણ પતીવ્રતા સ્ત્રી ગાંધારી આ બધા મહાભારતનસ અમર કથાના શ્રેષ્ઠ પાત્રો છે. તથા આ ઉપરાંત યોગે  ર શ્રીકૃષ્ણ સર્વ કથામાં પ્રભાવ પાડે છે તે દિવ્ય પાત્ર છે. આ બધા જ દિવ્ય પાત્રો વર્ષો સુધી માનવ જાતને માર્ગદર્શન આપતા રહેશે. આ બધા જ પાત્રો પોતપોતાના ક્ષેત્રમાં દિવ્યતા પ્રાપ્ત કરી છે અને સંઘર્ષ કરતા–કરતા તે આગળ વધે છે. અપાર દુઃખો યાતનાઓ સહન કરીને પરિસ્થિતિ સામે અડિખમ  ભા રહીને યોગ્ય માર્ગની પસંદગી કરે છે.

મહાભારતના આખ્યાન અને ઉપાખ્યાનમાં દયા, પ્રેમ, ત્યાગ, વૈરાગ્ય, કરુણા, દેવ–દાનવ, પશુ–પક્ષી અને સાધુ સંતો સંબંધી જે દ્રષ્ટાંતો મળે છે તે તેનું ઐતિહાસિક મહત્વ છે. આ ઉદાહરણોને લીધે મહાભારતું મહત્વ વધી જાય છે. માનવજીવનની અનેક વૈવિધ્યપૂર્ણ સંકુલ ઘટનાઓને આટલી સૂક્ષ્મતાથી તથા વાસ્તવિકતાથી આલેખનાર આ મહાકાવ્યના અંતરંગમાં આટલો વ્યાપક અને ગહન સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ છે. મહાભારતની કથાવસ્તુ આપણને વાસ્તવિકતાઓ પરિચય કરાવે છે. મહર્ષિ વેદવ્યાસની અનુપમ કથા એટલે મહાભારત. રામાયણ અને મહાભારત ભારતીય સંસ્કૃતિના બે ઉન્નત અને સિમાચિન્હરૂપ ગ્રંથો છે. ભારતીય સંસ્કૃતિ સદાને માટે આ બે મહાકાવ્યો માટે ગૌરવ લેશે.

## ૧. મહાભારતનું સ્વરૂપ અને વિકાસ :–

મહાભારતના રચયિતા મહર્ષિ વેદ વ્યાસ છે. મહર્ષિ વ્યાસના નામને કોણ નથી જાણતું તેના વિના ભારતીય સંસ્કૃતિ અધૂરી છે. તેમના અખુટ સાહિત્ય સર્જનમાં ભાગવત અને મહાભારત મુખ્ય છે. સંસ્કૃત સાહિત્યમાં અખૂટ સર્જન થયુ છે પણ તે બધુ કાળના પેટમાં દટાઇ ગયું છે. પણ મહાભારત આજે પણ નવું જ લાગે છે. મહાભારત દિવ્ય અમૃત છે. મહર્ષિ વેદ વ્યાસે સમગ્ર વિ  સમક્ષ નવનીત તારવ્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું જેમાં સંક્ષેપમાં તથા વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. ભારતીય લોકો મહર્ષિ વ્યાસના આ નિઃસ્વાર્થ કાર્યને યુગો સુધી યાદ કરશે. આ દૈવિ કાર્ય કરવા બદલ ભારતીય

લોકો સદિઓ સુધી ગૌરવ લેતા રહેશે. મહાભારત સાચા અર્થમાં પથદર્શક અને રાહબર છે. માનવજીવનને સત્ય સનાતન જીવન શીખવાડનાર મહર્ષિ વેદ વ્યાસ ધન્ય છે.

મહાભારત આર્ષ સાહિત્યનો મહાનતમ ગ્રંથ છે તેના પ્રણેતા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસના નામથી પ્રખ્યાત છે. તેમના શરીરનો રંગ શ્યામ હોવાના કારણે તેમને કૃષ્ણ અને દ્વિપમાં જન્મ લેવાના કારણે તેમને દ્વૈપાયન કહેવામાં આવે છે. તેમણે વેદોનું વિભાજન કર્યું છે એટલા માટે તેને વેદવ્યાસ કહેવામાં આવે છે. મહાભારત એક અગાધ સાગર સમાન છે. તેમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વગેરે ચારેય પુરુષાર્થો સાથે સંબંધ ધરાવનાર અનંત રત્નોથી સભર નીતિ કથાઓ, આખ્યાનો અને ઉપાખ્યાનો આવેલા છે. મહાભારતનો મુખ્ય ઉપદેશ ધર્મનો છે. "यतो धर्मस्ततो  जय:" મહાભારતમાં ધર્મનો મહિમા ગાવામાં આવ્યો છે.

મહાભારત વિશાળ કથાઓને આવરી લે છે તથા અસંખ્ય વિષયોનું વર્ણન કરેલું છે એટલા માટે તેને 'મહાકાવ્ય' શબ્દ પણ નાનો પડે છે. આ મહાભારતના નામના ગ્રંથમાં એક લાખ શ્લોકો હશે તેમ મત્સ્ય પુરાણમાં ઉલ્લેખ છે.[૧] મહાભારતના આદિપર્વમાં વૈશંપાયને તો જણાવ્યું છે કે મહર્ષિ વ્યાસ કૃત મહાભારતમાં એક લાખ શ્લોકો છે.[૨] આદિપર્વમાં ઉલ્લેખ જોવા મળે છે કે મહાભારતમાં અઢાર પર્વો છે. તથા તેમાં ૮૨,૨૦૦ શ્લોકો છે. તથા ૧૯૧૮ અધ્યાય છે. રાયબહાદુર ચિંતામણી વિનાયક નામના વૈદ્ય પોતાના પુસ્તકમાં મહાભારત વિશે લખે છે કે

"In fact, the mahabharata itself states that the bharata was in 24000 verses oringinally and that bharata meant the mahabharata without the accessory legends Nobody has found nor has it been anywhere stated which these Upakhyanas are and which art the original 24000 shlokas. Such a statenent can only be explained on the admission that there was a bharata of 24000 shlokas before the upakhayanas were added by some perason later on.[3]

ભારતીય સંસ્કૃતિમાં મહાભારતનું સ્થાન વિશિષ્ટ છે. મહાભારત મહર્ષિ વ્યાસની બુદ્ધિનુંશ્રેષ્ઠ સર્જન છે. સંસ્કૃત ભાષાના મહાકાવ્યમાં મહાભારતનું નામ મોખરે આવે છે. મહાભારત આપણી સંસ્કૃતિ અને સભ્યતાનું મહાકાવ્ય છે મહાભારત વિ   ને મનોરમ ભેટ છે. મહાભારત રત્નાકર સમાન વિશાળ ગ્રંથ છે. ભાષા અને વિષયની દષ્ટિએ મહાભારતનું તુલનાત્મક અધ્યયન કરતા જણાય છે કે તેની કથાઓ અને ઉપકથાઓમાં અંતર છે. કાળક્રમની દષ્ટિએ જોતા પણ તેની સામગ્રી ક્રમબદ્ધ નથી. અમુખ આખ્યાન પ્રાચીન છે તો અમુક પાછળથી ઉમેરેલા છે. મહાભારતની સર્જન પરંપરા ખૂબ જ લાંબા સમયની પ્રક્રિયા હતી.

''મહાભારતનું આદિ રૂપ કેવું હશે તે જાણવા આપણી પાસે કોઇ સાધન નથી, પણ એટલું

ચોકતકસ છે કે હાલ મહાભારતની જે વાચના મળે છે તેમાં પ્રાપ્ત થતાં વિવિધ ધર્મપંથો, કથા, ધર્મ–તત્ત્યવજ્ઞાન, સામાજિક, રાજકીય, આર્થિક વ્યવસ્થાનું ચિત્રણ તથા જીવનના પ્રત્યેક સ્તરને સ્પર્શતી કવિ પ્રતિભા ઘણા અંશે મૂળ રચનાને અનુસરે છે. મહાભારત ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ ધર્મ વર્ણવવાનો છે.''[૪]

ઉપરના વિધાનો પરથી માહિતી મળે છે કે મહાભારત અનેક દાયકાની યાત્રા છે. મહાભારતની મૂળ કથા ખૂબ જ લાંબી હશે અને તેનો મૂળ ઉદ્દેશ ધર્મની સ્થાપના કરવાનો છે. પાણિનીય અષ્ટાધ્યાયી મુજબ મહાભારતમાં કૌરવો અને પાંડવોના યુદ્ધ ઉપરાંત ઘણું બધું છે.[૫] भारतः એટલે સંગ્રામ અને 'महाभारत' એટલે મહાસંગ્રામ એવો અર્થ મહાભારત શીર્ષક નિર્દેશ કરે છે. તેનું એક નામ 'महाभारताख्यान' છે. તે આખ્યાન ગ્રંથ પણ છે.[૬] મહાભારતનો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે મહાભારતની કથા ત્રણ તબકતકામાં વિકાસ પામી છે. તેના ત્રણ સ્વરૂપ માનવામાં આવે છે. એટલા માટે મહાભારતને જુદા જુદા ત્રણ વકતતઓએ રજુ કર્યું છે.

મહાભારતના ત્રણ સંસ્કરણમાં પહેલા સંસ્કરણમાં શ્રી કૃષ્ણ દ્વેપાયન વ્યાસજીએ કૌરવો અને પાંડવોની યુદ્ધની કથાને પોતાના પાંચ શિષ્યો સુમન્તુ, જૈમિની, પૈલ, વૈશંપાયન અને શુકદેવને કહી હતી. મહાભારતનું આ પ્રથમ સંસ્કરણ તે 'जय' ના નામે ઓળખાય છે. રાજા વૈશંપાયન પરીક્ષિતના પુત્ર જનમેજયને તેમણે કરેલ સર્પસત્ર પ્રસંગે જે કથા કહી હતી તે મહાભારતનું બીજું સંસ્કરણ 'भारत' ના નામે ઓળખાય છે.

રાજા પરિક્ષિતના પુત્ર જનમેજયના સર્પસત્રમાં લોમહર્ષના પુત્ર ઉગ્રશવા હાજર રહ્યા હતા. તેમણે શૌનકાદિ ઋષિઓને જે કથા સંભળાવી તે મહાભારતનું ત્રીજું સંસ્કરણ 'महाभारत' ના નામે ઓળ ખાય છે.

મહાભારતના ત્રણ સંસ્કરણો વિશે મહાભારતમાં એક પ્રમાણ પ્રાપ્ત થાય છે.

मन्वादि भारतं केचिदास्तिकादि तथापरे ।
ततोपरिचरादन्ये विप्राः सम्यगधीयते ।।

–महाभारत १.१.५०

ઉપરના શ્લોક પ્રમાણે 'राजोपरिचरो' શબ્દથી શરૂ થતો ભાગ મહર્ષિ વ્યાસ રચિત 'जय' ગ્રંથ છે. વૈશંપાયનકથિત 'भारत', 'आस्तिकारव्यान' થી શરૂ થાય છે. 'मनु' શબ્દ કોઇ શ્લોકની શરૂઆતમાં આવતો નથી. 'वैवस्वत' શબ્દ આવે છે. 'वैवस्वत' એ 'मनु' નો સમાનાર્થી શબ્દ છે. એક ગણીએ તો 'मनु' શબ્દથી શરૂ થતું 'भारत', 'मन्वादिभारत' સૂત કે સૌતિ સંબંધિત 'महाभारत' હશે તેમ માનવામાં આવે છે. આમ, મહાભારતના ત્રણ સંસ્કરણો જોવા મળે છે.

### 1.1 जय :-

કૃષ્ણદ્વૈપાયન વ્યાસ જય નામના મહાભારતના પ્રથમ મૌલિક રૂપના રચયિતા છે. મહાભારતના

દરેક પર્વની શરૂઆત બધા શ્લોકો છે તેમાં 'जय' નામનો ઉલ્લેખ જોવા મળે છે. અલગ–અલગ વિદ્વાનો જય શબ્દના નામનો અલગ–અલગ અર્થ દર્શાવે છે. જય એટલે સંસ્કૃતિની વિજય ગાથા.

"અંતર્યામિ નારાયણ સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ તેના નિત્યસખા નર સ્વરૂપ નરશ્રેષ્ઠ અર્જુન, ભગવતી સરસ્વતી અને મહર્ષિ વેદવ્યાસને નમસ્કાર કરી 'जय' નામના ગ્રંથનું પઠન કરવું જોઇએ."૭

મહાભારતનું પ્રથમ મૌલિક સર્જન તે 'जय' છે તેને ઇતિહાસ કહ્યો છે. 'जय नामेतिहासोऽयम्' મહાભારતમાં પાંડવોનો વિજય થયો હતો તે કારણે તેનું નામ 'जय' રાખવામાં આવ્યુ હશે. મહાભારતના દરેક મંગલ શ્લોકમાં 'जय' નામનો ઉલ્લેખ આવેલો છે એટલે તેનો એક અર્થ જય જય કાર થાય છે પણ તે પૂર્ણ રીતે સ્પષ્ટ કરી શકાયું નથી. એક શ્લોકમાં 'जय' ગ્રંથનું નામ છે તેવું સ્પષ્ટ છે.

'जय नीमेतिहासोऽयं श्रोतव्योविजिगीषुणा ।
मही विजयते सर्वां शत्रूश्चाचि पराजयते ।।" – महाभारत–१.५.घु.१९

મહાભારતનું આદિ સંસ્કરણ 'जय' જ છે તેમ સ્પષ્ટ અહિં દર્શાવ્યું છે. 'जय' માં કૌરવો–પાંડવોનો ઇતિહાસનો જ ઉલ્લેખ હશે એમ લાગે છે. મહર્ષિ વેદ વ્યાસ રચિત આ મૂળ ગ્રંથમાં ૮,૮૦૦ શ્લોક છે. મહર્ષિ વેદવ્યાસજી જ આ શ્લોકોની સંખ્યા વિશે મહાભારતમાં તેનો ઉલ્લેખ કરે છે.[૮] ચિંતામણિ વૈદ્ય આ શ્લોકોને મહાભારતના કૂટ શ્લોકો છે તેમ જણાવે છે. તેના સંદર્ભમાં વ્યાસજી જ જણાવે છે. તેમના મતે આ બધા જ શ્લોકોને હું અને શુકદેવજી જાણીએ છીએ. અલગ–અલગ વિદ્વાનો 'जय' ના શ્લોકોની બાબતમાં ભિન્ન ભિન્ન મતો ધરાવે છે.

ભવિષ્ય પુરાણ અનુસાર શબ્દથી આ ગ્રંથોને સમજવામાં આવે છે. જે વાત અઢાર પુરાણો, રામાયણ, ધર્મશાસ્ત્રો મહાભારતના નામથી પ્રસિદ્ધ 'પંચમવેદ' તરીકે ઓળખાય છે તેને વિદ્વાનો 'जय' કહે છે.

**1.2 भारत :–**

મહર્ષિ વેદવ્યાસજીએ મહાભારતની કથા તેમના એક પુત્ર અને અન્ય શિષ્યોને કરી હતી. તે પાંચેય શિષ્યોએ 'भारत' કથાને પોતપોતાની રીતે રજૂ કરી હતી. તે બધા જ શિષ્યો ભારતાચાર્ય તરીકે ઓળખાતા હતા. જો કે અત્યારના સમયમાં તે મહર્ષિ વ્યાસના શિષ્યોની કૃતિઓ પ્રાપ્ત નથી. મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતનું સંસ્કરણ 'भारत' હતું એમ વિદ્વાનો માને છે. તે 'भारत' નામની કથામાં માત્ર યુદ્ધનું વર્ણન હતું. ભારત કથા વૈશંપાયને અર્જુનના પ્રપૌત્ર જનમેજયને કહી હતી. આ 'भारत' નામની કથા 'आस्तिकारव्यान' શબ્દથી શરૂ થાય છે.

'भारत' નામની કથામાં કુલ ૨૪૦૦૦ હજાર શ્લોકો હતા.

'चतुर्विंशतिसाहस्त्री चक्रे भारतसंहिताम् ।' – મહાભારત ૧.૧.૧૦૨

શ્રી વ્યાસજી રચિત મૂળ કથાનક અહીં જ વધારે વિસ્તાર પામ્યું છે. બ્રાહ્મણો અને પુરોહિતોએ મૂળ ઈતિહાસમાં માત્ર ધર્મ, નીતિ અને ઋષિઓના વંશોને લગતી કથાઓ તથા ધાર્મિક એવં દાર્શનિક કહી શકાય તેવી સામાન્ય કથાઓ ઉમેરી હશે. આ કથામાં ઉપાખ્યાનોનો સમાવેશ ન હતો તેવો ઉલ્લેખ આદિપર્વમાં મળે છે.[૯]

**1.3 महाभारत :-**

મહાભારતનું છેલ્લુ સંસ્કરણ મહાભારત હતું. મહાભારતમાં મહાભારત અને ભારત બન્ને શબ્દોનો ઉલ્લેખ જોવા મળે છે. મહાભારતમાં વચ્ચે વચ્ચે ઉપાખ્યાન વગેરેનો સમાવેશ થાય છે. અસ્વાભાવિક રૂપમાં અભિનવ ઘટનાઓનું સંયોજન છે તે કારણે આ કાવ્ય ખૂબ જ વિશાળ બન્યું છે.

વર્તમાન સમયમાં સૌતિના એક લાખ શ્લોકોના મહાભારતને સ્વીકારે છે. અલગ–અલગ આવૃતિઓને એકઠી કરીને એક લાખ શ્લોકોનું વિશાળ મહાકાવ્ય બનાવ્યું છે. સૌતિ મુનિએ શૌનક ઈત્યાદિને કથા કહી અને જે સંહિતા તૈયાર કરી તે મહાભારત તરીકે પ્રસિદ્ધ થઈ. આજે પ્રાપ્ત થતો મહાભારતનો ગ્રંથ એક લાખ શ્લોકો અને અઢાર પર્વોમાં વિભાજીત છે. પરંતુ ભારતની પ્રજા મહાભારતને એક જ કર્તાની રચના માને છે. સદિઓથી સંવર્ધિત અને બ્રાહ્મણો દ્વારા સંશોધિત એવં પુનઃ સંસ્કરણિત ગ્રંથ છે. તેનાથી અવિ  સનીય વિવિધતાનું જ્ઞાન થાય છે. વિદ્વાનો આ ગ્રંથનો પ્રારંભ 'नारायणं नमस्कृत्यं' થી થયો માને છે.

મહાભારત ખૂબ વિશાળ ગ્રંથ છે તેની વિશાળતાનું પણ કારણ છે. મહાભારત જે પ્રદેશમાં પહોંચ્યું તે પ્રદેશના લોકોના હૈયામાં સ્થાન મેળવ્યુ હતુ. તેથી તે પ્રદેશના કવિઓ, ચારણો વગેરેએ તેનો સારા પ્રમાણમાં લાભ લીધો હતો. આ મહાભારત જે પ્રદેશમાં ગયું ત્યાના રીત–રિવાજો, માન્યતાઓ, સમય, પરિસ્થિતિ અને જ્ઞાનનું તેમાં ઉમેરણ થતું ગયું. તે પ્રદેશના લોકોએ તેમાં યોગ્ય લાગ્યું તે ઉમેરવાનું ચાલું રાખ્યું. ત્યાર પછી આ મહાકાવ્યના આશ્રય નીચે બધી પુરાણકથાઓ, ઈતિહાસ, ધર્મસંપ્રદાયો, દર્શનો, પરંપરાઓ, વાદો, કાવ્યો, શાસ્ત્રો વગેરેએ પ્રવેશ કર્યો. તેનાથી મહાભારતના બે ભાગ પડ । ઉત્તર ભારતની વાચના અને દક્ષિણ ભારતની વાચના.

મહાભારત જેમ જેમ વિશાળ બનતું ગયું તેમ તેમ તેમાં અનુકૂળ લાગે તેવી બાબતો ઉમેરવાનું ચાલુ રહ્યું. સમયે સમયે કથાને ઉપયોગી લાગે તેવા કથાનકો, ધર્મને ઉપયોગી સિદ્ધાંતો, ઉપનિષદોના વિચારો, નીતિ સભર કથાઓ, ધાર્મિક આખ્યાનો વગેરેના ઉમેરણને કારણે મહાભારત ખૂબ જ વિશાળ મહાકાવ્ય બની ગયું.

મહર્ષિ વ્યાસના મતાનુસાર મહાભારતનું સ્વરૂપ ૧૫૦૦ વર્ષ પૂર્વેનું મનાય છે. મહાભારતમાં વૈદિક એવું લૌકિક સંસ્કૃત ભાષાનો પ્રયોગ થયેલો જોવા મળે છે. અનુષ્ટુપ્ અને ઈન્દ્રવજા  છંદનાં પ્રયોગ

થયેલા જોવા મળે છે. આ મહાન ગ્રંથના પ્રથમ અધ્યેતા વ્યાસજીના પુત્ર શુકદેવજી છે તથા તેના વાચક વૈશમ્પાયન છે. આ ગ્રંથનો મુખ્ય વિષય પાંડવો અને કૌરવોનું યુદ્ધ છે.

મહાભારત વિશાળ ક્ષેત્રમાં પથરાયેલું છે. 'मनु' કે 'वैवस्वत' શબ્દથી મહાભારતની શરૂઆત થાય છે. મહાભારત ભારત ગ્રંથનો વિસ્તાર છે. આ અતિ વિસ્તૃત ગ્રંથમાં એક લાખ શ્લોકોનો સંગ્રહ છે. તેમાં વિવિધ આખ્યાનો અને ઉપાખ્યાનોનો સમાવેશ થતાં તે 'उपाख्यानैः सह એવું 'भारतम्' મહાકાવ્ય બન્યું.[૧૦]

પાશ્ચાત્ય વિદ્વાન વિન્ટરર્નિત્ઝ મહાભારત વિશે જણાવે છે કે –

''મહાભારતનું કથાવસ્તુ તેના મૂળ રૂપમાં સર્વપ્રથમ કેવળ વીરગીતના રૂપમાં પ્રચલિત હતું. આ બધા જ વીરગીતોનો સંગ્રહ, સંશોધન અને ગોઠવણી કરી મહર્ષિ વેદવ્યાસે મહાભારતની રચના કરી છે. ત્યારપછી સૂતો, ભાટ, ચારણો દ્વારા તેમાં ઉમેરણ થતું ગયું. આથી તેમાં કથાનો વધારો થતો ગયો. ત્યારપછી મહાભારતનો આવો વિકાસ થતો જોઈને બ્રાહ્મણોએ પોતપોતાના સંપ્રદાયનાં કેટલાંક ધાર્મિક, સામાજિક કે દાર્શનિક આખ્યાનો અને ઋષિઓના વંશની કથાનો સમાવેશ કરી એક ધર્મગ્રંથના રૂપમાં મહાભારતને પ્રચલિત કર્યું. આ ઉપરાંત મહાભારતમાં આખ્યાનો, ઉપાખ્યાનો, ત્યાગ, વૈરાગ્ય, દયા, ક્ષમા અને કરૂણા જેવા સદ્‌ગુણોની તથા દેવો–દાનવો, ભૂત–પ્રેત, સાધુ–સંતો વગેરેને લગતી અન્ય કથાઓ પણ જોવા મળે છે. તે દરેકનું પણ અલગ–અલગ મહત્વ રહેલું છે. આ બધાનો સમાવેશ સાધુ–સંતોએ કર્યો હશે. આમ આ બધી કથોઓના મિશ્રણને કારણે મહાભારતનું કદ ખૂબ જ વિસ્તૃત બની ગયું હશે.''[૧૧]

મહાભારતમાં સમયે–સમયે નવી નવી કથાઓ સિદ્ધાંતો, આખ્યાનો–ઉપાખ્યાનો વગેરે ઉમેરણ કરીને વિશાળ ગ્રંથ તૈયાર થયો છે. મહાભારતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થો સિદ્ધ થાય તે માટે આ ગ્રંથની રચના કરવામાં આવી છે. મહાભારત વિશે તેમાં જ વર્ણન જોવા મળે છે.

धर्मे अर्थे च कामे च मोक्षे च भरतर्षभ ।
यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्तकवचित् ।।

– महाभारत :- १.६२.४३

મહાભારતના ઉપરના શ્લોક ઉપરથી મહાભારત કેટલું વિશાળ છે તેનો ખ્યાલ આવે છે. સૌતિના આ કથાનકમાં મૂળ યુદ્ધકથાનો વિસ્તાર ખૂબ જ જોવા મળે છે. મૂળ કથા સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલ ન હોય તેવાં કેટલાય આખ્યાનો અને કથાઓને તેમણે મૂળ વૈશપાયનના કથાનકમાં ઉમેરી દીધેલ છે. વિદ્યા અને જ્ઞાનનો સંવર્ધક, નીતિ અને ધર્મનો ઉપદેશ આપતા આખ્યાનો સરસ્વતી ઉપાખ્યાન,રામોપાખ્યાન, શકુંતલોપાખ્યાન, ભૌગોલિક વર્ણનો, ઉપદેશાત્મક ખંડો ઉમેરાયેલાં છે. તથા

પ્રકૃતિ વર્ણનો, યુદ્ધો વગેરેને ઉમેરીને સૌતિએ 'भारत' ના કાવ્યના કદને વિસ્તારીને મહાભારત બનાવી દીધું છે.

ભારતીય સંસ્કૃત સાહિત્યમાં મહાભારતના ત્રણ સંસ્કરણોની માહિતી મળે છે. પરંતુ ભારતીય પ્રજાજનો મહાભારતને એક જ કવિની કૃતિ ગણે છે. મહાભારતનું લેખન બ્રહ્મમાં વ્યાસ અને ગણપતિએ કર્યું છે. સ્વયં વૈશંપાયને કહ્યુ છે કે, મહર્ષિ વ્યાસ મુનિએ નિત્ય પ્રયત્નશીલ રહીને ત્રણ વર્ષમાં આ અલૌકિક મહાભારતની રચના કરી છે.[૧૨] ઉપરના વાકતય પરથી એમ કહી શકાય કે ત્રણ વર્ષમાં ફકતત ૨૪,૦૦૦ શ્લોકો પાછળ એટલી મહેતન ન હોઇ શકે તેથી એમ કહી શકાય કે એક લાખ શ્લોકોનાં સંગ્રહવાળો ગ્રંથ મહર્ષિ વ્યાસ રચિત હશે. વૈશંપાયન પણ તેના વિશે કહે છે કે અસીમ પ્રભાવશાળી સત્યવતીના પુત્ર વ્યાસજી પુણ્યાત્મા પાંડવોની આ કથા એક લાખ શ્લોકોમાં કહી છે.[૧૩]

મહાભારતના આદિપર્વના પ્રથમ અધ્યાયમાં ઉલ્લેખ છે તે પ્રમાણે મહર્ષિ વેદવ્યાસે પ્રથમ આખ્યાનરહિત ચોવીસ હાજર શ્લોકોવાળી સંહિતાની રચના કરી જે 'ભારત' નામે પ્રસિદ્ધ થઇ. તેને સંક્ષેપમાં કરી દોઢસો શ્લોકોવાળી પર્વસહિત એક અનુક્રમણિકા બનાવી. તે પ્રથમ પોતાના પુત્ર શુકદેવને સંભળાવ્યું. ફરી વ્યાસજીએ સાંઠ લાખ શ્લોકોની એક બીજી 'ભારત સંહિતા' ની રચના કરી તેમાંથી ૩૦,૦૦,૦૦૦ શ્લોકો દેવતાઓ માટે, ૧૫,૦૦,૦૦૦ (પંદર લાખ) શ્લોકો પિતૃઓ માટે, ૧૪,૦૦,૦૦૦ (ચૌદ લાખ) શ્લોકો ગંધર્વો અને યક્ષો માટે તથા ૧,૦૦,૦૦૦ (એક લાખ) શ્લોકો મહર્ષિ વેદવ્યાસે પોતાનાં શિષ્ય વૈશંપાયનને સંભળાવ્યા હતા.

મહર્ષિ વ્યાસે વૈશંપાયન તથા જનમેજયના સંવાદને પ્રથમથી જ તેમનાં ગ્રંથમાં સંગ્રહિત કર્યા છે. શ્રદ્ધાની દષ્ટિએ જોઇએ તો વ્યાસજી માટે કંઇ જ અશકતય નથી. મહાકાવ્ય મહાભારતમાં તથા પુરાણોમાં મહર્ષિ વ્યાસને ભગવાનનો અવતાર માનવામાં આવે છે. શ્રીમદ્ ભાગવતમાં જે ચોવીસ અવતારોનું વર્ણન છે તેમાં સત્તરમાં અવતાર તરીકે પરાશર અને સત્યવતીના પુત્ર વ્યાસનું વર્ણન છે.[૧૪] આ રીતે અદ્‌ભૂત દૈવીસમાર્થ્યથી યુકતત ત્રણેય કાળનું જ્ઞાન ધરાવનાર ભગવાનરૂપ મહર્ષિ વ્યાસજીએ ભૂત, ભવિષ્ય અને વર્તમાન વૃતાંતોને એક જ સાથે મહાભારતમાં નિરૂપ્યાં હોય તો તેમાં કોઇપણ પ્રકારનું નવિનતાપણું નથી.

મહાભારત વિષયક વિચારોને શ્રી ઉમાશંકર જોષી આ પ્રમાણે દર્શાવે છે –

મહાભારત મહાયુદ્ધનો ઇતિહાસ જ ન રહેતા માનવજીવનના સનાતન ઇતિહાસનું કાવ્ય બની ગયુ. પરાક્રમી વીરોના સાહસ કર્મો નિરૂપતું વીરરસ કાવ્ય જ ન રહેતાં જીવનના સૌથી મોટા પરાક્રમ ધર્મજીવનને આલેખતું ધર્મ કાવ્ય બની ગયું. મહાભારતમાં યુદ્ધ ઉપરાંતની વાતો પાંડવોની ઉત્પત્તિ, ઇન્દ્રપ્રસ્થની સ્થાપના, સભાપર્વના દ્યૂત આદિ પ્રસંગો, વનવાસ વગેરે યુદ્ધપૂર્વની ઘટનાઓ અને યુદ્ધને અંતે જય મળ્યા બાદ ભીષ્મનો બાણશય્યા પરનો ઉપદેશ, અ  મેઘ યજ્ઞ અને મહાપ્રસ્થાન, સ્વર્ગારોહણ

એ મુખ્ય અનિવાર્ય પ્રસંગો ઉમેરાતા 'ભારત' કાવ્યની રચના થઇ હશે. આવી રીતે 'ભારત', 'મહાભારત' બન્યું.

## 1.4 મહાભારતનો સમય :–

સંસ્કૃત સાહિત્ય એ આપણો ભવ્ય સાહિત્યિક વારસો છે. તે સાહિત્ય વિશે આપણે સૌ ભારતવાસીઓને ગર્વ છે. સંસ્કૃત સાહિત્યમાં એકથી એક ચઢિયાતી કૃતિ જોવા મળે છે. પરંતુ તે કૃતિઓના સમય બાબતે આપણને ચોકતકસ માહિતી પ્રાપ્ત થતી નથી. આપણાં પ્રસિદ્ધ કવિઓને યશ કે નામનાનો મોહ ન હતો એટલાં માટે તેઓ પોતાની કૃતિઓમાં સમય કે પોતાના નામનો ઉલ્લેખ કરતા ન હતા. તે કૃતિઓનો સમય નકતકી કરવા માટે આપણે શિલાલેખો કે અન્ય ગ્રંથોનો આધાર લેવો પડે છે. આપણી સંસ્કૃતિના ભવ્ય વારસારૂપ મહાભારત વિશે પણ આમ જ મુશ્કેલી છે. તેના કર્તા વિશે સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી.

મહાભારતની રચના વિશે અલગ–અલગ તત્ત્યવ ચિંતકોએ પોત–પોતાના મતો રજૂ કર્યા છે. વરાહ મિહિર અને આર્યભટ્ટના કેટલાંક જોતિષને લગત પ્રમાણો, વિલિયમ્સ, મેકડોનલ, વિન્ટરર્નિત્ઝ, વિન્સેટ, હોપકિન્સ વગેરે વિદેશી વિદ્વાનોએ ભિન્ન ભિન્ન મતો દર્શાવ્યા છે.

વિશાળ મહાભારતનાં સમયને નકતકી કરવા માટે વિદ્વાનો મથામણ કરે છે. જોતિષશાસ્ત્ર, ભૂગોળ, પુરાતત્ત્યવ, લેખો વગેરેનો સહારો લઈને તેના સમયના બારામાં સંશોધન કર્યું છે. હાલ ઉપલબ્ધ મહાભારત સંહિતાના સંબંધમાં આધુનિક ભારતીય વિદ્વાનોએ ખૂબ વિસ્તારથી તેના રચનાકાળ, સમય ઉપર વિચાર કર્યો છે. આ બધા જ વિદ્વાનો મહાભારતના ઘણાંબધા રચયિતા હોય તેમ કહે છે તેઓના મતે મહાભારતનાં ત્રણ રચયિતા છે. (૧) મહર્ષિ વેદવ્યાસ, (૨) વૈશંપાયન અને (૩) સૂતપુત્ર ઉગ્રશ્રવા કે સૌતિ. વેદ વ્યાસે પોતે જ પોતાની સંહિતાનું વર્ણન બ્રહ્માજી પાસે કર્યું છે તે આ પ્રમાણે છે.

''ભગવન્ ! મે આ સંપૂર્ણ લોકથી અત્યંત પૂજિત એક મહાકાવ્યની રચના કરી છે. બ્રહ્મન્ ! મેં આ મહાકાવ્યમાં સંપૂર્ણ વેદોના ગુપ્તત્તમ રહસ્ય તથા અન્ય બધાં શાસ્ત્રોનો સાર સ્થાપિત કર્યો છે. માત્ર વેદોને જ નહિ, તેના અંગ એવા ઉપનિષદોને પણ આમાં વિસ્તારથી નિરૂપ્યાં છે. આ ગ્રંથમાં ઈતિહાસ અને પુરાણોનું મંથન કરીને તેનું પ્રશસ્ત રૂપ પ્રકટ કર્યું છે. ભૂત–વર્તમાન અને ભવિષ્યકાળ ત્રણ સંજ્ઞાઓનું વર્ણન થયું છે. આ ગ્રંથમાં વૃદ્ધત્વ, મૃત્યુ, ભય, રોગ અને પદાર્થોના સત્યત્વ અને મિથ્યાત્વને વિશેષ રૂપથી નિશ્ચિત કરવામાં આવ્યા છે. તથા અધિકારી ભેદથી જુદા જુદા પ્રકારના ધર્મો અને આશ્રમોના લક્ષણો બતાવવામાં આવ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ ચારેય વર્ણોના કર્તવ્યોનું વિધાન તથા પુરાણોનું સંપૂર્ણ મૂલત્વ પ્રકટ થયું છે. તપસ્યા અને બ્રહ્મચર્યનું સ્વરૂપ, અનુષ્ઠાન અને ફળોનું વિવરણ, પૃથ્વી, ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, સત્યયુગ, ત્રેતા, દ્વાપર, કલિયુગ આ બધાના પરિણામ અને પ્રમાણ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તેના આધ્યાત્મિક અભિપ્રાય એવં અધ્યાત્મશાસ્ત્રનું વિસ્તારથી વર્ણન

કરવામાં આવ્યું છે. ન્યાય, શિક્ષા, ચિકિત્સા, ધન એવં પાશુપતશાસ્ત્ર વિસ્તારથી નિરૂપિત છે. સાથે જ એ પણ દર્શાવવામાં આવ્યું છે કે દેવતા, મનુષ્યો, વગેરેના જુદી જુદી યોનિઓમાં જન્મનું કારણ શું છે ? લોકપાવન તીર્થો, દેશો, નદીઓ, વનો અને સમુદ્રનું આમાં વર્ણન કર્યું છે. દિવ્યનગર તથા દુર્ગોના નિર્માણના કૌશલ તથા યુદ્ધની નિપુણતાનું વર્ણન છે. જુદી જુદી ભાષાઓ અને જાતિઓની જે વિશેષતાઓ છે, લોકવ્યવહારની સિદ્ધિ માટે જે આવશ્યક છે તથા અન્ય પણ જેટલા લોકોપયોગી પદાર્થ હોઇ શકે છે, તે બધાનું આમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પરંતુ મને એ વાતની ચિંતા છે કે પૃથ્વી પર આ ગ્રંથ લખી શકે તેવું કોઇ નથી.''[૧૫]

મહાભારત વિષયની વિવિધતા છે, તેમાં દરેક વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ એટલા મહાન ગ્રંથને નિર્માણ કરવામાં જ્ઞાનીજનોએ ખૂબ જ પ્રયત્ન ઉઠાવ્યો હશે. પોતે જે વિષયમાં પંડિત હશે તે વિષયોના ઉમેરણો તેમા કર્યા હશે. પાશ્ચાત્ય ગ્રીસના વીર કાવ્યો 'ઓડિસી' અને 'ઇલિયડ' બંનેના કદ કરતાં આઠ ગણા વિરાટ મહાભારતનો સમય નિર્ધારિત કરવાનું કાર્ય અતિ મુશ્કેલ છે. ભારતીય અને વિદેશી વિદ્વાનોએ મહાભારતનો સમય નકતકી કરવા ખૂબ જ પ્રયત્ન કર્યો છે. અલગ–અલગ મતો પ્રમાણે મહાભારતનો સમય ઇ.સ. પૂર્વે દસમાં સૈકાથી ઇ.સ. ના પંદરમાં સૈકા સુધીમાં શોધવાનો પ્રયાસ કર્યો છે.

*** ભારતીય રૂઢિગત પ્રમાણો :–**

ભારતીય પરંપરા મહાભારત અંતર્ગત પ્રમાણોને આધારે પોતાના મતો રજૂ કરે છે. એ પ્રમાણે મહાભારત આદિ પર્વમાં થયેલ ઉલ્લેખ પ્રમાણે, ''મહર્ષિ વ્યાસજી ત્રણ અગ્નિઓના સમાન ત્રણ કુરુવંશી પુત્રોને જન્મ આપીને પરમજ્ઞાની વ્યાસજી ફરી પોતાના આશ્રમ પર ચાલ્યા ગયા. જ ારે તે પુત્રો વૃદ્ધ થઇ પરમગતિને પામ્યા ત્યારે મહર્ષિ વ્યાસજીએ મનુષ્યલોકમાં મહાભારતનું પ્રવચન કર્યું. મહારાજ જનમેજય અને બીજા હજારો બ્રાહ્મણોને પ્રશ્ન કરવા વ્યાસજીએ પાસે જ બેઠેલા પોતાના શિષ્ય વૈશંપાયનને આજ્ઞા કરી કે તમે આ લોકોને મહાભારત સંભળાવો. વૈશંપાયન યાજ્ઞિક સભ્યોની સાથે જ બેઠાં હતા. આથી જ ારે યજ્ઞ કર્મની વચ્ચે–વચ્ચે અવકાશ મળતો ત્યારે યજમાન વગેરેના વારંવાર આગ્રહ કરવાને કારણે તેઓ મહાભારત સંભળાવ્યા કરતાં''[૧૬]

મહર્ષિ વ્યાસજીની પ્રેરણા અને યુધિષ્ઠિરની અનુમતિથી રાજર્ષિ ધૃતરાષ્ટ્રે મહાભારત યુદ્ધના ૧૬ માં વર્ષે વન પ્રવેશ કર્યો. ધર્મનું કામ કરતાં ત્યાં એક વર્ષ વીત્યું ત્યાર પછી તે જગ્યા પર આવીને નારદે કહ્યું કે ધૃતરાષ્ટ્રના જીવનના હવે ત્રણ વર્ષ શેષ છે. આ વિગત આશ્રમવાસિક પર્વ અંતર્ગત પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે નારદ કહે છે ''સાક્ષાત ઇન્દ્રના મુખેથી મેં સાંભળ્યું છે કે ધૃતરાષ્ટ્રની ઉંમરની જે અંતિમ સીમા છે, તેને થવામાં હવે માત્ર ત્રણ જ વર્ષ શેષ રહ્યા છે.''

મહાભારતના યદ્ધ પછી વીસમાં વર્ષે વિદુર સહિત ધૃતરાષ્ટ્રને પરમપદ પ્રાપ્ત થયું. એટલે

મહાભારતની સંહિતાની રચના મહર્ષિ વેદવ્યાસજીએ મહાભારત યદ્ધના વીસ વર્ષ પસાર થયા પછી કરી અને જનમેજયના સર્પસત્રમાં વૈશંપાયને તેનું પ્રવચન કર્યું. મહાભારત યદ્ધના ૩૬ વર્ષ પસાર થયા પછી પરીક્ષિતનો રાજ ાભિષેક થયો અને તેમણે ૬૦ વર્ષ સુધી રાજ નો કારભાર સંભાળ્યો તેની માહિતી મહાભારતમાં મળે છે.

તમારા પિતાજીએ ૬૦ વર્ષ પર્યંત પ્રજાનું પાલન કર્યું. ત્યારપછી અમને બધાને દુઃખ આપીને તેઓએ વિદેહ કૈવલ્ય પ્રાપ્ત કર્યું આ જ વિધાનને બળ મળી રહે તેવો ઉલ્લેખ સૌપ્તિક પર્વમાં છે તેમાં ભગવાન શ્રીકૃષ્ણ કુંતાજીને કહે છે ''આ પ્રકારે ઉત્તમ પ્રકારના અસ્ત્રોનું જ્ઞાન મેળવીને ક્ષત્રિય ધર્મમાં સ્થિત રહીને પરીક્ષિત ૬૦ વર્ષ સુધી આ પૃથ્વીનું પાલન કરશે.''[૧૭]

મહાભારતમાં આવતા કેટલાંક વર્ણનો પરથી મહાભારતનાં સમય અંગે થોડીઘણી માહિતી મેળવી શકાય છે. મહાભારત યુદ્ધનો પ્રથમ દિવસ માગશર સુધી એકાદશીએ ભગવાન શ્રીકૃષ્ણએ રણમેદાનમાં અર્જૂનને શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સંદેશ આપ્યો હતો. ત્યારપછી અઢારમાં દિવસે યુદ્ધ પૂર્ણ થયુ હતું. માગશર મહિનાની કૃષ્ણપક્ષની બે તિથિઓનો ક્ષય થવાને કારણે કૃષ્ણપક્ષ ૧૩ દિવસનો થયો એટલે માગશર સુદ એકાદશીથી પૂનમ સુધી પાંચ અને માગશરના કૃષ્ણ પક્ષના ૧૩ દિવસ મળીને ૧૮ દિવસ થયા. આપણને મહાભારતના સમય વિશે જે માહિતી મેળવી તે મહાભારતના યુદ્ધકાળ પછીની જ છે.

મહાભારતના યુદ્ધકાળનું સૌથી પ્રબળ પ્રમાણ મહાભારતનાં આદિ પર્વમાં મળી આવે છે. તે પ્રમાણે ''કળિયુગ અને દ્વાપર યુગના મધ્યમાં સમન્તપંચકમાં કૌરવ અને પાંડવનન સૈન્યનું વર્ણન તથા યુદ્ધનું વર્ણન જોવા મળે છે. આ મતને પ્રાચીન વધૂ પુષ્ટી પુરાણના જ ોતિષના મતને આધારે મળે છે.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે ''પ્રત્યેક નક્ષત્ર પર સપ્તર્ષિ ૧૦૦ વર્ષ રહે છે. તે સપ્તર્ષિ પરીક્ષિતના જન્મકાળે પણ મઘા નક્ષત્ર પર હતા અને આજ તારા પરિક્ષીતના અંતકાળે પણ મઘા નક્ષત્ર પર સ્થિત હતા. જ ારે સપ્તર્ષિ મઘા નક્ષત્ર પર આવે છે ત્યારે ૧૨૦૦ દિવ્ય વર્ષોનો કલિયુગ પ્રવૃત થયો છે.''[૧૮]

જ ોતિષશાસ્ત્રનાં ગ્રંથ બૃહદ્સંહિતામાં વર્ણન છે કે ''જે સમયે યુધિષ્ઠિર રાજ ચલાવતા હતા તે સમયે સપ્ત ર્િ મઘા ન ત્ર પર હતા અને એટલું જ નહિ, શક ૪૨૧ માં આર્યભ ે પોતાના ગ્રંથમાં લખ્યું છે કે ''કલિયુગ અને ભારતીય યુદ્ધથી પૂર્વે કલ્યના આરંભથી આ મન્વાદિ વ્યતીત થયો છે.''

ઉપરના મતો પ્રાપ્ત થયા છે તેવા બૃહદસંહિતા, આર્યભટ્ટીય સિદ્ધાંત, પંચાંગ પત્રો, દાનપત્રો,

શિલાલેખો અને મહાભારત વગેરે ઉપરી મહાભારતનો યુદ્ધકાળ ઇ.સ. પૂર્વે ૩૧૦૨ હોઇ શકે છે.

શ્રી બલદેવ ઉપાધ્યાયના મતે મહાભારત યુદ્ધ પહેલાની રચના છે તે સ્પષ્ટ છે કે મૂળ મહાભારતની રચના આનાથી ઓછામાં ઓછા ૨૦૦ વર્ષ પહેલા થઈ હશે. અત્યારે જે મહાભારત પ્રાપ્ત થાય છે તે બુદ્ધ પછીનું જ પ્રાપ્ત થાય છે.[૧૮]

ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોના મતો તથા મહાભારતના આંતરપ્રમાણોને આધારે મહાભારતનો ચોકતકસ સમય નકતકી કરી શકાય તેમ નથી. મોટા ભાગના વિદ્વાનો તેને ખૂબ જ પ્રાચીન ગણે છે. મહાભારતને ઇ.સ. પૂર્વેના સૈકાઓથી માંડીને ઇ.સ. ની પાંચમી સદી સુધીના વિશાળ પથ પર આર્વિભૂત થયેલ માનવામાં આવે છે. ઇ.સ. પૂર્વે ૫૦૦ થી ઇ.સ. ની ચોથી સદી સુધીની કલ્પનાઓ કરવામાં આવી છે. આમ મહાન મહાકાવ્યનો ઇતિહાસ પણ ખૂબ જ મહાન અને રસપ્રદ છે.

## 2 મહાભારતનાં કર્તા :

ભારતીય સંસ્કૃતિનો મહાનતમ ગ્રંથ એટલે મહાભારત. આ મહાન ગ્રંથનાં રચયિતા પણ એટલા જ મહાન છે. વિ  માં જેનો જોટો મળે તેમ નથી એવા એક લાખ જેટલા શ્લોકોવાળા આ ગ્રંથના રચયિતા મહર્ષિ વ્યાસ છે. સાહિત્યએ તથા સંતપુરુષોએ જેમની અસાધારણ શકિતત તથા બુદ્ધિ પ્રતિભાને જોઇને જેમને ભગવાનના લોકકલ્યાણ માટે પ્રકટનારા મુખ્ય ચોવીસ અવતારોમાંના એક કહીને બીરદાવ્યા છે. મહર્ષિ વ્યાસ મુનિના પિતા પરાશર હતા. ૨૦ એટલા માટે જ વ્યાસને 'પારાશર્ય' પણ કહેવામાં આવે છે. પરાશર મુનિ તીર્થયાત્રા કરવા જાય છે. ત્યારે તેમણે મત્સ્યગંધાને જોઇ અને તેના તરફ આકર્ષાય છે.

પરાશર મૂનિ તેની માંગણી કરે છે અને કહે છે કે હું તારા પર પ્રસન્ન છું તું વરદાન માંગી લે ત્યારે મત્સ્યગંધા પોતાના શરીરમાંથી દુર્ગંધ દૂર થાય તેવું વરદાન માંગે છે. આમ તેની દુર્ગંધ દૂર થાય છે. ત્યાર પછી પરાશર મુનિ અને મત્સ્યગંધાનો પુત્ર તે મહર્ષિ વ્યાસ હતા. તે યમુના દ્વીપમાં જન્મ્યા હોવાથી કૃષ્ણદ્વૈપાયનના નામે પણ ઓળખાય છે. તેના સમયમાં ધર્મ ઉપર સંકટ  ભું થયું હતું. અને ધર્મ સંસ્થા સંકટમાં આવી હતી તે ધર્મનો હ્રાસ થતો જોઇને તે મહાન આત્માએ વેદોનો વ્યાસ એટલે કે શાખા વિભાગ કર્યો તેથી 'વ્યાસ' તરીકે પણ ઓળખાય છે.

મહર્ષિ વ્યાસનો જન્મ આવી અદ્ભુત મત્સ્યગંધાના સંયોગથી થયો છે. છતાં પણ તે પ્રસંગને સમાજમાં કતયાંય પણ ટીકાનો સામનો કરવો પડો નથી. તે પ્રસંગને સમાજ તથા લોકો પવિત્ર દષ્ટિથી મૂલવે છે. આ વાત દર્શાવે છે કે તે સમયના તત્કાલિન લોકોગુણ પૂજક હશે અને તે આ પ્રસંગને એક ઇ  રી ઇચ્છાનુસાર કાર્ય માનતા હતા. આમ મહર્ષિ વ્યાસનો જન્મ પણ એક અદ્ભુત ઘટના છે.

પરાશર મુનિ શ્રેષ્ઠ યોગી હતા તે સત્યવતીની પાછળ ભાન ભૂલ્યા ન હતા. તેમણે સત્યવતીની ઇચ્છાનુસાર કાર્ય કર્યું છે તેની મરજી વિરૂદ્ધ કાંઇ કર્યું નથી. તે વિષયોના ભોગી ન હતા તે મત્સ્યગંધાને સહેલાઇથી છોડીને તપ કરવા માટે ચાલી નીકળે છે તે સત્યવતી ઉપર એટલા મોહિત હોય તોઆવું ના કરે. સામાન્ય માણસના જીવનમાં આવુ બધુ જોવા મળે છે પણ પરાશરની બાબતમાં આવું કશુ જોવા મળતું નથી. તે યોગી હતા, મહાન આત્મા હતી, તપસ્વી તથા સંયમી વ્યકિતત હતા.

મહાન તપસ્વી પરાશર અને સત્યવતીના પુત્ર એટલે મહર્ષિ વ્યાસ. મહાભારતના કર્તા તરીકે જે પ્રસિદ્ધ છે તે મહામુનિ વ્યાસને 'ભારતભવ્ય' કહી શકાય. મહાભારત તેની કૃતિ છે. કૃતિ કરતા કર્તા હંમેશા મહાન હોય છે. મહાભારત ગ્રંથ ભારતીય સંસ્કૃતિના પ્રતિબિંબ સમાન છે. વ્યાસ એટલે માત્ર કૃષ્ણ દ્વૈપાયન નહીં, પરંતુ અનેક મહાન આત્માઓનો સંગમ છે. વેદકાળથી લઇને

પુરાણકાળ સુધી તેની સુગંધ ફેલાયેલી છે. મહર્ષિ વ્યાસના શબ્દની વ્યુત્પતિ જોઇતો वि+आस् માંથી વ્યાસ શબ્દ બન્યો. જે વિશિષ્ટ બેઠક ધરાવે છે તે વ્યાસ. પુરાણોમાં પણ વ્યાસના મુકતત કંઠે વખાણ કર્યા છે.

नमोऽस्तु ने व्यास विशालबुद्धे कुल्लारविन्दायतपत्रनेत्र य ।
येन त्वया भारततैलपूर्वाः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ।।

હે વિશાળબુદ્ધિ વ્યાસ ! આપને નમસ્કાર પ્રફુલ્લ ખીલેલા કમળના નેત્રવાળા! આપને નમસ્કાર ! આપે ભારતરૂપી તેલથી ભરેલા જ્ઞાનમય પ્રદીપને પ્રજવલિત કર્યો છે.

મહર્ષિ વ્યાસની પ્રશંસા કરતાં કહ્યું છે કે ચાર મુખ નથી છતાં બ્રહ્મા છે, બે જ હાથ છતાં બીજા ભગવાન્ વિષ્ણુ, ભાલમાં નેત્ર નહીં છતાં શિવ, તે જ ભગવાન્ બાદરાયણ છે. પ્રો. સાંડેસરાએ વ્યાસ શબ્દને સમજાવતા કહ્યુ છે કે ગણિતમાં જેમ વર્તુળના કેન્દ્રમાંથી પસાર થઇ બંને બાજુના પરિઘને જોડતી રેખાને વ્યાસ કહેવામાં આવે છે તેમ મહાભારતમાં માનવીને કેન્દ્રમાં રાખીને એના ઇષ્ટ–અનિષ્ટ બંને પાસાઓને બે હાથ લાંબા કરીને જોડવાનો પ્રયત્ન કર્યો છે. એટલા માટે તેને 'વ્યાસ' કહે છે.

મહાભારતનાં કર્તા વ્યાસ મુનિ મહાભારતના પાત્રો સાથે લોહીનો સંબંધ ધરાવે છે. મહાભારતના શાન્તિપર્વમાં આપેલી વંશાવલી પ્રમાણે નારાયણના પુત્ર બ્રહ્મા, બ્રહ્મના પુત્ર વશિષ્ઠ, વશિષ્ઠના પુત્ર શકિતત, શકિતતના પુત્ર પરાશર અને પરાશરના પુત્ર વ્યાસ હતા. એટલા માટે તેને 'પારાશર્ય' પણ કહે છે. તૈત્તિરીય આરણ્યકમાં તેમનો પારાશર્ય તરીકે ઉલ્લેખ જોવા મળે છે. આ મહર્ષિ વ્યાસ સત્યવતીના પુત્ર ચેદિરાજ ઉપરિચરનું વીર્ય માછલીના ગર્ભમાં પ્રવેશી ગયું. એટલા માટે પાછલીના પેટમાં ગર્ભ રહ્યો અને તે માછલીના પેટે જન્મી હતી. તે રાજાએ તેને એક માછીમારને આપી દીધી હતી. તેના શરીરમાંથી મત્સ્યની દુર્ગંધ આવવાને કારણે તે મત્સ્યગંધાના નામે પ્રસિદ્ધ થઇ હતી. તે રૂપ અને ગુણોથી સંપન્ન હતી એટલા માટે 'સત્યવતી'ના નામે પણ વિખ્યાત બની હતી.

પુત્રને દ્વીપ પર જન્મ આપ્યો તેથી 'દ્વૈપાયન' કહેવાયા.[૨૧]

રંગ શ્યામ હોવાને કારણે કૃષ્ણ કહેવાયા તથા વેદોને ચાર સંહિતાઓમાં વિભાજીત કર્યા તેથી વેદવ્યાસ નામે પ્રસિદ્ધ થયા.[૨૨]

આગળ સમય પસાર થતા સત્યવતીએ શાંતનુ સાથે લગ્ન કર્યા. આ સંબંધને કારણે વ્યાસ ભીષ્મ પિતામહ અને વિચિત્રવીર્યના માતૃ સંબંધી થયા. વિચિત્ર વીર્ય મૃત્યુ પામે છે ત્યારે અને તેને કોઇપણ સંતાન હોતું નથી. માતા સત્યવતીના આગ્રહથી વંશ પરંપરાને જીવંત રાખવા દ્વૈપાયને વિચિત્રવીર્યની વિધવા પત્ની સાથે નિયોગ પદ્ધતિથી ગર્ભ સ્થાપન કર્યું. જેને કારણે ધૃતરાષ્ટ્ર, પાંડુ અને દાસી પુત્ર વિદુર જન્મ્યા.

ધૃતરાષ્ટ્ર દ્વારા કૌરવો અને પાંડુ દ્વારા પાંડવોના વંશની પ્રાપ્તિ થઇ. મહર્ષિ માત્ર આ સર્વના જન્મના કારણરૂપ ન હતા. પરંતુ વારંવાર તેમણે કૌરવો–પાંડવો એવં વિદુરને ઉપદેશ આપ્યો.

મહાકવિ વેદવ્યાસ મહાભારત મહાકાવ્યાના પ્રતિષ્ઠાતા છે. ભારતની અખંડતા, ભારતીય આત્માની મુકિતત, સનાતન નૈતિક અને આધ્યાત્મિક આદર્શ જીવનનો ઉપદેશ આપતુ કાવ્ય છે. મહાકવિ વ્યાસ મહાભારતમાં કલહ, હિંસા, ભય, સંગ્રામ, પ્રબળનો અત્યાચાર, પ્રેમ અને સહાનુભૂતિ, સેવા અને સહયોગ, યજ્ઞ અને ત્યાગ, સામ્ય, મૈત્રી, કરુણા તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વગેરેના નિરૂપણ કરવામાં વ્યાસે પોતાની બુદ્ધિને બરાબર કસી છે. આવા વિશાલ દષ્ટા, જ્ઞાનસમ્રાટ, મહામનીષી, શ્રી વ્યાસજી વિશે કહેવામાં આવ્યુ છે કે,

व्यासाय विष्णुरूपाय व्यासरूपाय विष्णवे ।
नमो वै ब्रह्मनिधये वासिष्ठाय नमोनमः ।।

– वेणीसंहार – ३

મહર્ષિ વ્યાસ જેવા પ્રતિભાવંત મહાપુરુષ ભારતમાં કે ભારત બહાર દિવો લઈને શોધવા છતા ન મળે. શ્રી સાંડેસરા વ્યાસ વિશે જણાવે છે કે ''મહાભારતના કર્તા તરીકે જેની પ્રસિદ્ધિ છે તે મહામુનિ વ્યાસની વિભૂતિને ભારતભવ્ય કહીએ તો આપણને સંતોષ શી રીતે થાય ! ભારત તો એમની કૃતિ છે. કૃતિ કરતા કર્તા તો હંમેશા મોટા જ હોવાના.

વિ   સમાજમાં મહર્ષિ વ્યાસનું નામ બધા આદરથી લે છે. ભારતીય સંસ્કૃતિની યુગો સુધી પથરાયેલી પરંપરામાં વ્યાસજીનું નામ શા   ત જ ોતિર્ધર તરીકે દિપી રહ્યું છે. માત્ર મહાભારતના કવિ તરીકે જ નહિ પરંતુ વેદના સર્જક તરીકે પણ શ્રી વ્યાસનું જ નામ આપવામાં આવે છે. આ વિશાળ બુદ્ધિનિષ્ઠ મહાત્મા વિશે કહેવાયુ છે કે –

''હે વિશાળ બુદ્ધિ વ્યાસ! આમને નમસ્કાર, આપે મહાભારતરૂપી તેલથી ભરેલ જ્ઞાનંમય પ્રદીપને પ્રજવલિત કર્યો છે.''[૨૪]

મહાભારતની પ્રશંસા સાંભળતા ખ્યાલ આવે છે કે આ મહાકાવ્ય જેવો જ્ઞાન પ્રદિપ દુનિયામાં બીજે કાંઇપણ પ્રાપ્ત થઇ શકે નહીં મહર્ષિ વ્યાસની પ્રશંસા ખૂબ જ થઇ છે. તેઓને ચાર મુખ નથી છતાં બ્રહ્મા છે. કપાળમાં ત્રીજું લોચન નથી છતાં શિવ છે, એ જ ભગવાન બાદરાયણ છે. તેનો જ્ઞાનપ્રવાહ સતત વહેતો રહ્યો છે અનેક કવિઓએ તેના ગુણગાન ગાયા છે. મહાકવિ બાણે 'હર્ષચરિત' નામની પોતાની કૃતિમાં કૃષ્ણ દ્વૈપાયન વ્યાસને વંદન કરીને તેને બ્રહ્મા સમાન ગણાવ્યા છે. [૨૫]

'વ્યાસ' એટલે કે જે વિશિષ્ટ બેઠક ધરાવે તે. તેમણે સતત ત્રણ વર્ષ સુધી મનન કરીને મહાભારતની રચના કરી છે. વ્યાસ શબ્દનો અર્થ અલગ–અલગ ગ્રંથોમાં વિદ્વાનોએ ભિન્ન–ભિન્ન રીતે

કર્યો છે. અમરકોશ મુજબ 'विस्तार: विग्रहो व्यास:' વ્યાસ એટલે વિસ્તાર એવો થાય છે. 'વ્યાસ' એટલે 'વિસ્તાર' એવો અર્થ મહાભારતમાંથી જ પ્રાપ્ત થાય છે.[૨૬]

સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં વાચસ્પતિ ગૈરાલા લખે છે કે કૃષ્ણ દ્વૈપાયને બદરિકાશ્રમમાં બેસી બ્રહ્મસૂત્ર રચ્યું એટલા માટે તેઓ બાદરાયણ કહેવાયા.[૨૭]

*** મહાભારતના એક માત્ર પાત્ર મહર્ષિ વેદ વ્યાસ :–**

મહાભારત નામના મહાન અને અદ્વિતિય મહાકાવ્યમાં અનેક પાત્રો થઇ ગયા છે. તેમાં મહર્ષિ વ્યાસ પણ એક પાત્ર તરીકે આપણી સમક્ષ પ્રગટ થાય છે. મહાભારતે વ્યાસની સર્વજ્ઞાનો સારો એવો પરિચય કરાવી આપ્યો છે. ડૉ. ઉમેન્દ્રરાય સાંડેસરા મહર્ષિ વિશે તથા મહાભારત વિશે જણાવે છે – " મહાભારત પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો કેવળ વિ કોશ જ નથી, પ્રાચીન ભારતના ઇતિહાસનો માત્ર આકારગ્રંથ નથી, માનવજીવનના અપાર વૈવિધ્યને આલેખતો સાહિત્યગ્રંથ જ નથી, પરંતુ 'વિરાટ' શબ્દની તમામ અર્થ છાયાઓને સાર્થક કરતો ભારતનો મૂર્તિમંત સરસ્વતીરૂપ અને વ્યાપકમાં વ્યાપક જીવનદર્શનનો એ મહાનત્તમ ગ્રંથાર્ણવ છે.[૨૮]

મહર્ષિ વેદવ્યાસ સ્વયં પોતે જ પોતાના કુટુંબની કથા જણાવે છે અને પોતે એક પાત્ર તરીકે જવાબદારી સ્વીકારે છે. મહભારતની કથામાં વ્યાસજી ઘણીબધી જગ્યાએ આવે છે. તેમાના મહત્વના પ્રસંગોમાં વ્યાસજીની હાજરી હતી તે પ્રસંગો આ પ્રમાણે છે.

મહર્ષિ વેદવ્યાસ મહાભારતમાં શ્રેષ્ઠ પાત્ર તરીકે દેખાય આવે છે. તેઓ ત્રિકાળજ્ઞાની હતા. તે બધાના મનની વાત જાણી લેતા હતા. સરસ્વતી નદિના કિનારે પુત્રોના જન્મ પહેલા મહર્ષિ વ્યાસજીએ ત્યાં આશ્રમ બનાવ્યો હતો. તેઓ નાનપણમાંથી જ માતાની આજ્ઞા લઇને તપ કરવા માટે જંગલમાં ચાલ્યા ગયા હતા. જતા–જતા તે માતાને કહેતા ગયા કે "જ ારે આપને મારી જરૂર પડે ત્યારે મને યાદ કરજો હું તમારી સમક્ષ હાજર થઇ જઇશ." જ ારે કુરુવંશની વૃદ્ધિ માટે માતા યાદ કરે છે ત્યારે ઉપસ્થિત થાય છે અને માતાની આજ્ઞાની અને ભીષ્મ પિતામહની સંમતિથી તેઓ પાંડુરાજા, ધૃતરાષ્ટ્ર અને વિદુરજીના જન્મથી પિતૃત્વના શ્રેષ્ઠ પદને પ્રાપ્ત કરી શકતયા.

→ પાંડૂના મૃત્યુ સમયે શ્રીવેદવ્યાસજી હસ્તિનાપુર પધારેલા અને પોતાના પૌત્રના મૃત્યુથી શોકિતત એવી સત્યવતીને વનમાં જઇને તપ કરવાની સલાહ આપી હતી.

→ કૌરવ–પાંડવના ગુરૂ દ્રોણે જ ારે તેઓની અસ્ત્ર–શસ્ત્ર વિદ્યાની પરીક્ષા કરી તે સમયે મહર્ષિ વ્યાસજી ત્યાં ઉપસ્થિત હતા.

→ પાંડવો જ ારે વનમાં ગયા ત્યારે વિદૂરજી તેને બચાવે છે. લાક્ષાગૃહથી નીકળીને પાંડવો એકચક્રા નગરીમાં જઇને રહ્યા. ત્યારે પાંડવોને મળવા માટે વ્યાસજી ત્યાં આવે છે. અને તેઓને

દ્રોપદીના પૂર્વજન્મનું વૃત્તાંત સંભળાવે છે. દ્રોપદી પાંડવોને માટે પહેલેથી નિશ્ચિત છે. તેથી પાંડવો દ્રોપદીના સ્વયંવરમાં હાજરી આપવા પાંચાલનગરી તરફ જાય છે. ત્યાં સ્વયંવરના નિયમ પ્રમાણે અર્જુને દ્રોપદીને જીતી લીધી. પછી માતાની આજ્ઞાથી પાંચેય ભાઈઓ તેની સાથે લગ્ન કરવા માટે તૈયાર થયા ત્યારે દ્રોપદીના પિતા અસહમત હતા ત્યારે મહર્ષિ વ્યાસ દ્રોપદીના પૂર્વજન્મની કથા સંભળાવીને દ્રુપદ રાજાને લગ્ન કરવા રાજી કરે છે.

→ રાજા યુધિષ્ઠિર ઈન્દ્રપ્રસ્થમાં યજ્ઞ કરે છે, ત્યારે મહર્ષિ વ્યાસ તે યજ્ઞમાં પોતાના શિષ્યો સાથે આવે છે અને વિદાય થવાના સમયે યુધિષ્ઠિરને કહે છે કે તેર વર્ષ બાદ ક્ષત્રિયોનો મહાસંહાર થશે અને તેમાં તમે પાંડવો જ નિમિત્ત બનશો.

→ મહાભારતના શ્રેષ્ઠ અને બુદ્ધિશાળી પાત્રો તે પાંડવો હતા. તે જ ારે કુટનિતિનો ભોગ બને છે અને કૌરવો તેનું બધુ જ છીનવી લે છે અને તેને બાર વર્ષ માટે વનમાં મોકલે છે. છતાં પણ દૂર્યોધનને સંતોષ થતો નથી. તે પાંડવોને વનમાં જ મારી નાંખવા સૈનિકોને મોકલે છે ત્યારે મહર્ષિ વ્યાસ ધૃતરાષ્ટ્રની પાસે ગયા અને પોતાના પુત્રોને આવુ કાર્ય ન કરવા માટે સમજાવે છે.

→ મહર્ષિ વ્યાસ સંજયને દિવ્ય દષ્ટિ આપે છે તેનાથી યુદ્ધની સમગ્ર ઘટના જોઈ શકાય. દ્વૈતવનમાં યુધિષ્ઠિરને વ્યાસ 'પ્રતિસ્મૃતિ' નામની વિદ્યા આપે છે જેનાથી દેવદર્શનની દષ્ટિ પ્રાપ્ત થાય છે. જે દિવ્ય દષ્ટિ આપવાથી યુધિષ્ઠિર અને સંજય એટલા પ્રભાવી બન્યા તો ત્યારે તે દષ્ટિ આપનાર મહર્ષિ વ્યાસજી કેટલા પ્રભાવી હશે?

→ પાંડવો વનમાં રખડતા–રખડતા બાર વર્ષ પૂર્ણ કરે છે ત્યારે મહર્ષિ વ્યાસજી ફરીવાર યુધિષ્ઠિરને નીતિનો ઉપદેશ આપે છે પછી જ ારે યુધિષ્ઠિર રાજ ની માંગણી કરે છે ત્યારે વ્યાસજી ધૃતરાષ્ટ્રને સમજાવે છે અને કહે છે કે પાંડવોને તેના ભાગનું અર્ધુ રાજ આપી દો છતા પણ ધૃતરાષ્ટ્ર માનતા નથી અને યુદ્ધ થાય છે. યુદ્ધ થાય છે ત્યારે પણ વ્યાસજી યુધિષ્ઠિર અને ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપે છે.

→ મહાભારતનાં યુદ્ધમાં પાંડવોનો વિજય થાય છે. ત્યારે રાજ માટે યુધિષ્ઠિરને તૈયાર કરીને બાણની શય્યા ઉપર સુતેલા ભીષ્મ પિતામહની પાસે ઉપદેશ લેવાની સલાહ વ્યાસજી આપે છે.

→ મહાભારતના યુદ્ધ પછી સોળમાં વર્ષે ધૃતરાષ્ટ્રને વનમાં જવાનો ઉપદેશ વ્યાસજી આપે છે. ત્યારપછી વનમાં રહેતા ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને મળવા માટે યુધિષ્ઠિર પરિવાર સાથે જાય છે ત્યારે વ્યાસજી ત્યાં ઉપસ્થિત હોય છે. વ્યાસજી પોતાની પ્રતિભાથી પાંડવો અને કૌરવોના પૂર્વજોનું દર્શન કરાવે છે.

→ મહર્ષિ વ્યાસ અંતમાં જ ારે અર્જુન કાબાઓથી લૂંટાઇને હતાશ થાય ત્યારે તેને સરળ ઉપદેશ આપીને કાળનું મહત્વ સમજાવે છે.

આવી રીતે મહર્ષિ વ્યાસ મહભારતની સમગ્ર કથાવસ્તુમાં સમર્થ પાત્ર તરીકે ઉપસી આવે છે. આવા કુશાગ્રબુદ્ધિ મહર્ષિ વિશે આપણે શું લખી શકીએ. સમગ્ર જગતમાં સાહિત્ય છે તે વ્યાસજીનું એઠુ જ છે. આવા મહામાનવ વિશે લખવું એટલે બે હાથથી સાગર માપવાનો વ્યર્થ પ્રયત્ન જેવું થાય. મહર્ષિ વ્યાસનું સાહિત્ય જગત વિશાળ સાગર છે અને આપણે તેના વિશે લખીએ એ તો માત્ર પાણીની અંજલી જેવું લાગે. આમ મહર્ષિ વ્યાસને કોટિ કોટિ વંદન.

## ૩. મહાભારતના પ્રસિદ્ધ આખ્યાનો :–

મહાભારત નામના પ્રસિદ્ધ ઐતિહાસિક મહાકાવ્યમાં અસંખ્ય આખ્યાનો–ઉપાખ્યાનો આવે છે. મહર્ષિ વ્યાસને સમાજને જે બોધ આપવો હતો તે આખ્યાનો દ્વારા આપે છે. મહાભારતના વર્ણ્ય વિષયને અસરકારક બનાવવા માટે મહર્ષિ આખ્યાનો અને ઉપાખ્યાનોનો સહારો લે છે. સમાજને નવા સિદ્ધાંતો શિખવાડવા માટે, સમાજની સમસ્યાને દૂર કરવા માટે તથા નૈતિક મૂલ્યોનું સ્થાપન કરવા માટે આખ્યાનો જરૂરી છે. મહાભારત આખ્યાનોનો ભંડાર છે કવિને જે જરૂરી લાગ્યુ તે તેમણે આવી રીતે સમાજ સમક્ષ રજૂ કર્યું છે.

આખ્યાન શબ્દ आ+ख्यै ધાતુ પરથી આવેલો છે. आख्यायते अनेन इत्याख्यानम् । નો અર્થ છે. 'પ્રકટ કરવું' તેને 'आ' જોડવાથી સારી રીતે પ્રકટ કરવું તેવો અર્થ થાય.

'આખ્યાન' નો અર્થ થાય માંડીને કથા કહેવી તે.

'આખ્યાન' એટલે કોઇ પૂર્વ જ્ઞાત ઘટનાને સમજાવવાની ક્રિયા.

વિ  નાથ સાહિત્ય દર્પણમાં આખ્યાન વિશે જણાવે છે કે – आख्याानं पूर्ववृत्तांतोक्तिः । અર્થાત્ પૂર્વ બની ગયેલા બનાવનું વૃતાંત કહેવું તે.

મહાભારતના આખ્યાનો–ઉપાખ્યાનોનો સંસ્કૃત સાહિત્ય પર ઘણો પ્રભાવ રહેલો છે. અમુક કથાનકને ભિન્ન–ભિન્ન સર્જકોએ અલગ–અલગ સ્વરૂપમાં રજૂ કરી અને તે આજે હજારો વર્ષ પછી પણ આપણી સામે જીવંત રહી શક ા. આ પ્રકારના આખ્યાનો અને ઉપાખ્યાનો એટલા સરસ છે કે શ્રોતાઓ આનંદિત થઇ જાય. મહાભારતમાં અસંખ્ય આખ્યાન–ઉપાખ્યાનો છે તેની સંખ્યા નિશ્ચિત નથી. આમ, મહાભારતના પ્રસિદ્ધ આખ્યાનોને સમજવાનો પ્રયત્ન કરીશું.

### ૩.૧ પરીક્ષિત ઉપાખ્યાન :–

આ પરીક્ષિત ઉપાખ્યાન મહાભારતના આદિપર્વના આસ્તિક પર્વ અંતર્ગત પરીક્ષિત ઉપાખ્યાન નામના ચાલિસમાં અધ્યાયમાં આવે છે. શૌનક ઋષિના જરુત્કારુ વિષયક પ્રશ્નના ઉત્તરમાં સૌતિ ઋષિ કૌરવવંશી રાજા પરીક્ષિતની કથા કહે છે.

પરી+ઇક્ષ પરથી સારી રીતે નિરીક્ષણ અને પરીક્ષણ કરવું, તે પરીક્ષિત.

સતત પોતાની જાતનું પરીક્ષણ કર્યા કરે, પ્રભુના સંકીર્તનમાં સતત પરીક્ષણ કર્યા કરે તે એટલે પરીક્ષિત.

ગર્ભમાં પરિચ્છિન્ન થયો તેથી પરીક્ષિત.

પરીક્ષિતે ગર્ભમાં ભગવાન વિષ્ણુનું ચતુર્ભુજ સ્વરૂપ જોયું હતું. તેને પૃથિવી પર શોધ્યા કર્યા, તેથી પરીક્ષિત.

પરીક્ષિત નામનો સૌપ્રથમ ઉલ્લેખ બૃહદારણ્યક ઉપનિષદ્‌ના અધ્યાય–૩ ના બ્રાહ્મણના પ્રથમ શ્લોકમાં થયો છે, ત્યાં પારીક્ષિત નામ છે. પારીક્ષિત ક ાં રહ્યા? તેવો પ્રશ્ન ત્રણવાર પૂછાયેલ છે.[૨૯]

પુરાણ સાહિત્યમાં એકાધિક પરીક્ષિત રાજાનો ઉલ્લેખ છે. પૌરાણિક કથાકોશ પ્રમાણે –

૧) પરીક્ષિત – મહાભારત પ્રમાણે સૂર્યવંશી ઈક્ષ્વાકુ કુળોત્પન્ન રાજા.

૨) પરીક્ષિત – મહાભારત અનુસાર સોમવંશી પુરુકુળોત્પન્ન અર્જુનનો પૌત્ર.

૩) પરીક્ષિત – સોમવંશી પુરુકુળોત્પન્ન અજમીઢ વંશના સંવરપ રાજાનો પૌત્ર.

૪) પરીક્ષિત – પરીક્ષિત નામનો એક રાજા, જેનું કુળ અજ્ઞાન છે.

મહાભારતની કથા પ્રમાણે મૃગયા પ્રેમી રાજા પરીક્ષિત મૃગયા માટે નીકળ્યા. પરંતુ તેને સફળ તા મળી નહી. તપસ્વી ઋષિને મૃગ બાબત પ્રશ્ન કર્યો, પરંતુ ધ્યાનસ્થ ઋષિએ ઉત્તર આપ્યો નહી. ક્રોધિત રાજાએ વગર વિચાર્યે ઋિ ના કંઠમાં મત સર્પ ફેં યો. પિતાના અપમાનથી ક્રોધિત થઇ પુત્ર શંગીએ રાજા પરીક્ષિતને શાપ આપ્યો કે –

"सप्तशत्रादितो नेता यमस्य सदनं प्रति ।"[૩૦] ‘‘સાત દિવસમાં તું મૃત્યુ પામીશ.’’

શમીક ઋષિના ગાયની કૂખે જન્મેલ પુત્ર તે શૃંગી. પોતાના પુત્રના સાપથી ઋષિ માહિતગાર હતા. પુત્રને ઉપદેશ આપતા ઋષિ નારાજ થઇ રાજાનું મહત્વ દર્શાવી રાજધર્મ વિશે ઉપદેશ આપતા કહેવા લાગ્યા – રાજા વિના અનેક પ્રકારના દોષ ઉત્પન્ન થાય છે. રાજા દોષિત વ્યકિતતને દંડ દ્વારા શિક્ષા કરે છે.[૩૧]

દંડ કરવાથી ભય નિર્માણ થાય છે અને તેના દ્વારા શાંતિ પ્રસ્થાપિત કરી શકાય છે. ભય પામેલો વ્યકિતત ધર્મનું અનુષ્ઠાન કરી શકતો નથી. રાજાથી ધર્મની સ્થાપના થાય છે અને ધર્મથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. રાજા દ્વારા સંપૂર્ણ યજ્ઞ કર્મ પ્રતિષ્ઠિત થાય છે. યજ્ઞથી દેવતાની પ્રાપ્તિ થાય છે.[૩૨]

તપસ્વી રાજા શ્રમિત હતા. તેને વિવેક ન હતો. મૌનથી દ્રવિત થઇને શાપ ન આપવા યોગ્ય વ્યકિતતને શાપ આપ્યો. મંત્રીઓ દ્વારા રાજાને વાયુ પણ પ્રવેશી ન શકે, તેવા મહેલમાં કેદ કર્યા. કશ્યપ ઋષિ રાજાનું વિષ મારણ કરવા તૈયાર થયા. પરંતુ તક્ષક નાગે તેને ધન આપી પરત કર્યા. શાપ અનુસાર બરાબર સાતમા દિવસે તક્ષક સર્પના દશંથી રાજા મૃત્યુ પામ્યા.

રાજા પરીક્ષિત થાકને કારણે વિવેકહીન થયા. તે સારાસાર વિવેક ભૂલી માત્ર થાક અને વિશેષ તો શિકારમાં મળેલી નિષ્ફળતાએ તેને વધારે વિવેકહીન બનાવી દિધા હતા. વિવેકહીન મનુષ્ય ધર્મ–અધર્મનો વિવેક જાણતો નથી. પરીક્ષિત શિકારમાં મળેલ નિષ્ફળતાથી ક્રોધિત બન્યા હતા. અને ક્રોધ તો સર્વસ્વ નાશનું કારણ છે. બુદ્ધિ વ્યકિતતને ભ્રષ્ટ કરી દે છે. સદ્‌બુદ્ધિ સદાચાર આચરાવે છે. જ ારે દુર્બુદ્ધિથી મનુષ્ય સદાચારી બની પોતાનું જ પતન નોતરે છે.

પરીક્ષિત શિકારથી થાકેલા હતા. દશ પ્રકારના અવગુણોએ તેના ઉપર સ્થાન ગ્રહણ કર્યું હતું.

તેથી ધર્મ–અધર્મ જાણી શકતયા નહી અને સૌથી મહત્વની બાબત એ છે કે તેના મસ્તક પર કલિયુગે સ્થાન ધારણ કર્યું હતુ. કારણ કે પરીક્ષિત જેવા બુદ્ધિશાળી વ્યકિતત પણ દુરાચાર કરવા માટે પ્રેરાયા હતા.

રાજા પરીક્ષિત દિગ્વિજય કરવા માટે નિકળે છે. ત્યા તે વસ્ત્ર અને આભૂષણથી સજજ શુદ્ધને ગાય અને બળદને દંડ વડે સજા કરતો જોયો. શુદ્ધ તે કલિયુગ, ગૌ તે પૃથ્વી અને વૃષભ અને ધર્મનું પ્રતીક હતો. કલિયુગમાં ધર્મનું તત્ત્યવ નહીં રહે. પૃથ્વી પર અરાજકતા વ્યાપી વળશે અને સર્વ લોકો શુદ્ધ જેવું કર્મ કરશે. રાજા પરીક્ષિત કલિયુગનો વધ કરવા શસ્ત્ર ઉપાડે છે ત્યાં તો શુદ્ર શરણે આવીને વિનંતી કરવા લાગે છે. કળિયુગમાં ભગવાનનું સ્મરણ કરતા જ તેની પ્રાપ્તિ થાય છે. તેને રહેવા માટે સ્ત્રી, મદ્ય, હિંસા, દ્યૂત, આ ચાર સ્થાન આપ્યા.

ભગવાનના નામ સ્મરણ માત્રથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. કળિયુગમાં કેશવનું કિર્તન કરવું એવું ભાગવતમાં કહેવામાં આવ્યુ છે. શ્રીમદ્ ભાગવત કથાનું માહાત્મ્ય ભકિતત માટે શ્રેષ્ઠ છે. શૃંગી ઋષિના શાપને કારણે પરીક્ષિતનું મૃત્યુ થવાનું હતું. ત્યારે સાત દિવસ સુધી પરીક્ષિતે શ્રીમદ્ ભાગવતનુ સ્મરણ કર્યું હતુ અને તેને મોક્ષની પ્રાપ્તિ થઇ.

પદ્મ પુરાણના શ્રીમદ્ ભાગવત મહાત્મ્યમાં સ્પષ્ટ લખ્યું છે કે –

सत्यादित्रियुगे बोधवैराग्यौ भुक्तिसाधकौ ।

कलौ तु केवलं भक्ति ब्रह्मसायुज्यकारिणी ।।[३४]

પુરાણકાર કળિયુગમાં કેવળ ભકિતત ઉપર આધાર રાખવાનું કહે છે. ભકિતત જ માણસને પોતાના ઉચ્ચ સ્થાન પર લઇ જઇ શકે છે.

રાજા પરીક્ષિત રાજધર્મ પાળનારા શ્રેષ્ઠ રાજા હતા. તેનામાં રાજાને શોભે તેવા ગુણો હતા પણ એક દુર્ગુણ હતો અને તે મૃગયા રમવાનો, જે શોખ તેના મોતનું કારણ બને છે. શમીક ઋષિ પુત્ર શૃંગીને રાજધર્મ સમજાવતા કહે છે – શાપ આપવો તે તપસ્વીનો ધર્મ નથી. રાજા પરીક્ષિત રાજધર્મના નિયમ પ્રમાણે પ્રજાનું રક્ષણ કરે છે. સાધુ પુરુષોએ રાજાના અપરાધને માફ કરવો જોઇએ. પરીક્ષિત રાજા શ્રમિત હતા. મારા મૌનવ્રતથી અજ્ઞાન હતા. તેથી તેમણે આ દૂર્વ્યહાર કર્યો હતો.

રાજા ભગવાન સમાન છે. સૃષ્ટિના સંચાલન માટે ભગવાનની જરૂર પડે છે તેમ રાજ યના સુચારુ સંચાલન માટે રાજાની જરૂર પડે છે. રાજા વગરના દેશમાં અનેક પ્રકારના દોષ ઉત્પન્ન થાય છે. રાજા ધર્મની વિમુખ બનેલ પ્રજાને ધર્મથી અભિમુખ બનાવે છે. જે મનુષ્ય મુર્ખતાને કારણે પ્રજાનો દ્વૈષ કરે છે તે નાશ પામે છે. કારણ કે રાજા તેનો નાશ કરવાનું વિચારે છે. આમ રાજાનું ખૂબ જ મહત્વ રહેલું છે.

ઉપરના આખ્યાનો જોતા એવું માલુમ થાય છે કે વિવેકભ્રષ્ટ તથા અવિવેકથી લોકોનો વિનાશ થાય છે. પાંડૂ રાજા, દશરથ રાજા અને પરીક્ષિત વગેરે રાજા તેનું ઉદાહરણ છે. મૃગયા રમવું તે રાજાનો શોખ હોય છે. પરંતુ તેનો વધુ પડતો શોખ વિનાશ નોતરે છે. મૃગયાને કારણે શુભ ફળ રાજા દુષ્યંત અને

ચંદ્રાપીડને પ્રાપ્ત થાય છે.

કળિયુગને કારણે પરીક્ષિતની કેવી દશા થઇ તે જોયું. ભગવાનનું સ્મરણ જ કળિયુગના પ્રભાવને દૂર કરી શકે. કળિયુગ માણસને પાપ કરવા માટે પ્રેરે છે અને માણસ કળિયુગના પ્રભાવમાં આવીને ગમે તે કરવા માટે તૈયાર થાય છે. કળિયુગના પ્રભાવે રાજા ન કરવાનું કાર્ય કરે છે અને અંતે વિનાશને નોતરે છે. આમ કળિયુગના પ્રભાવને શાંત કરવા માટે તથા તેના પ્રભાવને ઓછો કરવા માટે ભકિતત જ એકમાત્ર શ્રેષ્ઠ સાધન છે.

### ૩.૨ શકુન્તલોપાખ્યાન :

શકુન્તલોપાખ્યાન મહાભારતના આદિપર્વમાં આવતા સભાપર્વના ૬૮ માં અધ્યાયમાં આવે છે. જનમેજય રાજા વૈશમ્પાયન પાસેથી ગંધર્વ, દાનવ, દેવતા, રાક્ષસ અને અપ્સરાઓનું વર્ણન સાંભળે છે ત્યારપછી કુરુવંશનું વર્ણન સાંભળવાની આજ્ઞા કરે છે ત્યારે વૈશમ્પાયન દુષ્યન્ત શકુન્તલાની કથા કહે છે. આ શ્રેષ્ઠ કથા મહાભારતમાં શકુન્તલોપાખ્યાન તરીકે પ્રસિદ્ધ છે.

પૃથ્વીના પાલક, મહાન પરાક્રમી, મૃગયા પ્રિય, દુષ્યન્ત નામે રાજા હતો. તેને મૃગયાનો શોખ હતો એટલા માટે તે મૃગયા કરતા–કરતા કણ્વ ઋષિના આશ્રમે પહોંચે છે. આશ્રમમાં વિનિવેશે પ્રવેશવું જોઇએ એ માટે થઇને દુષ્યન્ત પોતાની સાથે રાખેલ સૈન્ય બહાર મુકીને આશ્રમમાં પ્રવેશે છે. તે આશ્રમમાં દુષ્યન્ત એક સુંદર કન્યાને જુએ છે અને તે કન્યા વિ મિત્ર અને મેનકાની પુત્રી શકુન્તલા હોય છે. તે કન્યા દુષ્યન્તને ક્ષત્રિય લાગે છે અને તેથી તેની સાથે લગ્ન કરવાનું વિચારે છે. તેને તે પ્રથમ દષ્ટિએ જોતા જ તેના પ્રેમમાં પડે છે તે આશ્રમ કન્યા નહિં પણ ક્ષત્રિય કન્યા છે તે જાણ થતા જ દુષ્યન્ત ખૂબ જ પ્રસન્ન થાય છે.

શકુન્તલાનો ઉછેર આશ્રમમાં થયો હતો એટલા માટે આશ્રમ કન્યા જેવા તેનામાં ગુણો હતા.

निर्जने तु वने यस्माच्छकुन्तैः परिवारिता ।
शकुन्तलेति नामास्याः कृतं चापि ततो मया ।।

નિર્જન વનમાં શકુન્તો દ્વારા ઘેરાયેલી હતી તેથી શકુન્તલા નામ પાડ્યું.[35]

રાજા દુષ્યંત ગુણવાન રાજા હતા. તે શાસ્ત્રને માનનારા હતા. રાજા ગમે તેની સાથે લગ્ન કરી શકે છતા પણ તેણે શકુન્તલાના કુળ વિશે જાણ છે. ત્યાર પછી લગ્નનો પ્રસ્તાવ આગળ ધરે છે. આ બાબત આદર્શ રાજાની નિશાની છે.

શકુન્તલા દુષ્યન્તને પિતા કોને કહિ શકાય તેના વિશે જણાવે છે. જે ગર્ભધાન દ્વારા શરીરનું નિર્માણ કરે છે, અભયદાન આપી પ્રાણની રક્ષા કરે છે, ધર્મશાસ્ત્ર તેને પિતા કહે છે. રાજા પણ પિતા સમાન છે કારણ કે તે પ્રજાનું રક્ષણ કરે છે. પ્રજા તેની સંતાન જ છે. કણ્વ ઋષિ શકુન્તલાના અન્નદાતા પિતા છે. દુષ્યન્તે શકુન્લા સાથે વિવાહની માંગણી કરે ત્યારે તેના જવાબમાં શકુન્તલા જણાવે છે કે –

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।

पुत्रस्तु स्थविरे भावे न स्त्री स्वातन्त्र्यमर्हति ।।

સ્ત્રી સ્વાતંત્ર્ય માટે યોગ્ય નથી. કુમાર અવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્ર સ્ત્રીનું રક્ષણ કરે છે.[૩૬]

સમાજમાં સ્ત્રીને સ્વતંત્રતા હોતી નથી. આમ સ્મૃતિકારોનો મત રહેલો છે. બાળપણમાં પિતાની ફરજ છે કે તે કન્યાનું રક્ષણ કરે. યુવાની કાળમાં સ્ત્રીના ચારિત્ર્યનું રક્ષણ કરવાની પતિની જવાબદારી હોય છે અને અન્ત કાળના સમયમાં પુત્રની જવાબદારી છે કે તે પોતાના માતા–પિતાની સંભાળ રાખે. આમ સમાજમાં સ્ત્રીનું સ્થાન ઘણું જ મહત્વનું છે અને તેની સારી રીતે સંભાળ રાખવામાં આવતી હતી.

કણ્વ ઋષિની પુત્રી શકુન્તલા દુષ્યન્ત સાથે શરતી વિવાહ કરવા માટે તૈયાર થાય છે. તે દુષ્યન્તને કહે છે કે –

मयि जयते यः पुत्रः स भवेत् त्वदनन्तरः ।

युवराजो महाराज सत्यमेतद् ब्रवीमि ते ।।[३७]

શકુન્તલા દુષ્યન્ત સામે શરત રાખે છે કે મારો પુત્ર થાય તે જ રાજા બનવો જોઈએ. આ પ્રકારના શરતી વિવાહ મહાભારતમાં રાજા શાન્તનુએ મત્સ્યગંધા સાથે પણ કર્યા હતા. તેમણે પણ આ પ્રકારની શરત રાખી હતી કે મારો પુત્ર રાજા બને.[૩૮]

દુષ્યંત આ શરત માન્ય રાખે છે અને શકુન્તલા સાથે ગાંધર્વ વિવાહ કરે છે. તેના પિતા કણ્વઋષિને આની જાણ થાય છે. પછી પિતાની આજ્ઞાથી શકુન્તલા પતિના ઘરે જવા તૈયાર થાય છે. શ્રાપને કારણે દુષ્યંત તેને ઓળખી શકતો નથી. આકાશવાણી થાય છે અને દુષ્યંત પુત્ર સહિત શકુન્તલાનો સ્વીકાર કરે છે. રાજા ત્યારે ન સ્વીકારવાનું કારણ આપે છે કે પ્રજા મને કહેત કે કામવશ આ કાર્ય કર્યુ છે માટે આવો રસ્તો શોધવો પડ્યો. પછી દુષ્યન્ત શકુન્તલાની માફી માંગે છે. ભરતને ગાદી સોંપી તે શકુન્તલા સાથે રાજભવનમાં નિવાસ કરે છે.

### ૩.૩ नलोपाख्यान :

મહાભારતમાં ઉલ્લેખ આવે છે તે પ્રમાણે નલ બ્રાહ્મણ ભકતત હતા. તે શૂરવીર, વેદના જ્ઞાતા, જુગારપ્રેમી અને સત્યવાદી હતો. વિદર્ભ દેશના રાજાની પુત્રી દમયંતી ખૂબ જ સુંદર હતી. તેનો સ્વયંવર ગોઠવાય છે. તેમાં ઈન્દ્ર, અગ્નિ, યમ વગેરે હાજર રહે છે છતાં પણ દમયંતી નલ રાજાને પસંદ કરે છે. કલિ પણ દમયંતીના સ્વયંવરમાં આવવા નીકળે છે પણ મોડો પડે છે ત્યાં દમયંતી નલ રાજાને પસંદ કરે છે. ત્યારે કલિ ખૂબ જ ગુસ્સે થાય છે અને નલ દમયંતીને હેરાન કરવાનો વિચાર કરે છે.

કલિ સમય મળતા નળરાજાના શરીરમાં પ્રવેશ કરે છે જેના કારણે નળરાજા જુગારમાં હારી

જાય છે. હાર થતા તે દમયંતી સાથે વનમાં જાય છે ત્યાં પક્ષી રૂપે આવીને કલિ નલનું વસ્ત્ર ઉપાડી જાય છે. નલ નિર્વસ્ત્ર આમતેમ ભટકે છે. પછી નલ દમયંતીને છોડી દે છે. અજગર દમયંતીને ગળી જાય છે ત્યારે એક પારધી અજગરનો વધ કરીને દમયંતીને બચાવે છે. દમયંતીનું ફરીથી નલરાજા સાથે મિલન થાશે તેવી ભવિષ્યવાણી થાય છે.[૩૯]

નલ રાજા ફરતા ફરતા એક વનમાં પ્રવેશ કરે છે ત્યારે તે વનમાં આગ લાગે છે. તે આગમાં નલ કર્કોટક નાગને બચાવે છે. નાગનાં દશંને કારણે નલનું શરીર કદરૂપું બની જાય છે. નાગ નલ ઉપર ઉપકાર કરે છે. બાહુક નામ રાખીને અયોધ્યા નરેશ ઋતુપર્ણને ત્યાં જવાનું કહ્યું. નાગ નલને એવા ચમત્કારી વસ્ત્રો આપે છે જે પહેરવાથી મૂળ રૂપમાં આવી જશે.[૪૦]

નલ ઋતુપર્ણની અ  શાળાના અધ્યક્ષ બનીને રહે છે. આગળ જતા ભીમ નલ અને દમયંતીને શોધવા માટે દૂતોને મોકલે છે. દૂતો દમયંતીને શોધી કાઢે છે અને નલ ઋતુપર્ણના અ  ાધ્યક્ષ તરીકે રહેતા હોય છે તેની માહિતી મેળવે છે. આ વાતની જાણ થતા દમયંતી ઝડપથી સ્વયંવરની સૂચના આપે છે. ઋતુપર્ણ ઝડપથી બાહુકને સ્વયંવરમાં લઇ જવાનો આદેશ આપે છે. આજે કલિને નલનો ત્યાગ કરવાનો દિવસ હતો. બાહુકે બનાવેલ રસોઇ પરથી તે નલ છે તેમ સાબિત થાય છે અને ત્યાં પુત્ર અને દમયંતીનું નલની સાથે મિલન થાય છે.

નલોપાખ્યાનની કથાનો ઉલ્લેખ અન્ય સ્થળે પણ થાય છે. સ્કંદપુરાણ, અગ્નિપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ અને શ્રીમદ્ ભાગવત પુરાણમાં પણ નલરાજાની કથાનો ઉલ્લેખ જોવા મળે છે. આ ઉપરાંત નલ કથા, કથા સાહિત્ય અને લોક સાહિત્યમાં જળવાઇ રહેલી છે. ગુણાઢ  ની બૃહત્કથામાં નલકથા પૈશાચી ભાષામાં લખાયેલી છે. ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરીમાં નલકથા સંક્ષેપમાં જોવા મળે છે.

શ્રીહર્ષનું નૈષધચરિત મહાકાવ્ય પણ નલની કથાનું વર્ણન કરતું મહાકાવ્ય છે. કૃષ્ણ–રામની કૃતિ પર શતકમાં નૈષધચરિતનો સંક્ષેપ રજૂ થયો છે. કલ્યાણ નૈષધ નામની એક કૃતિ પ્રાપ્ત થાય છે. સાત સર્ગનું  કાવ્ય છે તેમાં નલ નામના કાવ્યમાં નૈષધચરિતની અપૂર્ણ કથાને પૂર્ણ કરી છે. આ ઉપરાંત અન્ય પ્રાંતીય ભાષાઓમાં નલ કથા ઉપર ઘણું સાહિત્ય રચાયું છે. ગુજરાતી ભાષામાં પ્રેમાનંદ નળાખ્યાન પ્રસિદ્ધ છે.

નલોપાખ્યાન સંસ્કૃત સાહિત્યનું શ્રેષ્ઠ આખ્યાન છે. તેમાં નલ તથા દમયંતીમાં આદર્શ ગુણો દેખાય છે. આ આખ્યાનના  પાત્રો હંસ સજ્જનતાનું પ્રતિક છે. નર–ક્ષીરને અલગ કરવાનો વિવેક તેનામાં જોવા મળે છે. કલિયુગનો પ્રભાવ દરેક માણસ ઉપર પડે છે. કળિયુગના પ્રભાવ અને તેની તાકાત શું છે તે આમાં બતાવવામાં આવ્યું છે. દમયંતીનું પાત્ર પણ શ્રેષ્ઠ છે. તે પતિવ્રતા સ્ત્રી છે તેની સતીઓમાં ગણના થાય છે. દમયંતીના પ્રેમમાં આદર્શ ભારતીય નારીના દર્શન થાય છે.

પુરુષાર્થ દ્વારા પ્રારબ્ધને બદલાવી શકાય છે. નસીબમાં હોય તેટલું જ મળે છે તેમ આ આખ્યાન ઉપરથી શીખવા મળે છે. નલ– દમયંતીના પાત્ર દ્વારા આદર્શ ગુણો, માનવધર્મ, પતિવ્રતા ધર્મ તથા સત્ય, અહિંસા જેવા આદર્શો શીખવા મળે છે.

## ૩.૪ परशुरामोपाख्यान :–

મહાભારતના વનપર્વમાં તીર્થયાત્રા પર્વ અંતર્ગત પરશુરામ ઉપાખ્યાન નામના ૧૧૫ માં અધ્યાયમાં આવે છે.

મહાભારતમાં આવતી કથા પ્રમાણે ભગવાન પરશુરામે કાર્તવીર્ય અર્જુનનો વધ કર્યો હતો. તેને હજાર હાથ હતા. તેનો ત્રાસ એટલો વધી ગયો હતો કે તેનો નાશ કરવા માટે ભગવાને પ્રગટ થવું પડે તેમ હતુ આથી ભગવાન પરશુરામ પૃથ્વી ઉપર અવતર્યા હતા.

ગાંધી નામનો એક મહાક્રમી રાજા હતો. તેને એક ખૂબ જ સુંદર અને તેજસ્વી પુત્રી હતી. ભૃગુઋષિના પુત્ર ઋચિક સાથે તેના લગ્ન થયા હતા. લગ્ન પહેલા તેની શરત હતી કે તમારે એક હજાર વેગીલા ઘોડા આપવા જેનો રંગ સફેદ અને પીળો હોય તથા તેનો એક સાઇડના કાન કાળા રંગનો હોય. ઋચિકે આ શરતનો સ્વીકાર કર્યો. વિવાહ પછી ભૃગુ ઋષિએ ઋચિક સત્યવતીને વરદાન માંગવા કહ્યું. ત્યારે સત્યવતીએ પોતાની માતા માટે પણ પુત્ર પ્રાપ્તિની માંગણી કરી. ઋષિએ કહ્યું, ઋતુકાળના સ્નાન પછી તમે બંને પુત્ર પ્રાપ્તિ માટે જુદા જુદા વૃક્ષોનું આલિંગન કરી ચરુનું ભક્ષણ કરો તેવો આદેશ આપ્યો.[૪૧]

ભૃગુ ઋષિએ જે ચરુ ખાવાનો આદેશ આપ્યો હતો તે માતા–પુત્રીના ચરુ બદલી ગયા. તેથી સત્યવતીએ પુત્ર બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિય જેવો પુત્ર પ્રાપ્ત થયો. તથા તેની માતાનો પુત્ર ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણોચિત આચાર–વિચારવાળો થયો.સત્યવતીએ પોતાના પુત્રના બદલામાં પૌત્ર ક્ષત્રિયોચિત આચાર–વિચારવાળો બને તેમ માંગ્યું. ભૃગુ ઋષિએ તે પ્રમાણે થાય તેમ કહ્યું. સત્યવતીનો પુત્ર જમગ્નિ થયો રેણુકા નામની રાજકન્યા સાથે લગ્ન કર્યા. રેણુકાના પાંચ પુત્રો હતા તેમાં સૌથી નાના પુત્ર તે પરશુરામ હતા.

એકવાર પરશુરામની માતા રેણુકા તળાવમાં સ્નાન કરતા અને આનંદ કરતા યુગલોને જોઇ જાય છે અને તે વાતની જમદગ્નિને જાણ થતા તે ખૂબ જ ક્રોધિત થાય છે. તે પોતાના પુત્રોને તેની માતાનો વધ કરવાનું કહે છે ત્યારે કોઇ પણ પુત્ર તૈયાર થતો નથી. ત્યારે પરશુરામને કહ્યું –

जहीमां मातरं पापां मा च पुत्र व्यथां कृथाः ।
ततं आदाय परशुं रामो मातुः शिरोऽहरत् ।।

આ પાપિની માતાનો વધ કરો અને તેનું કોઇને દુઃખ ન રહે.[૪૨]

પિતાના કહેવાથી પરશુરામ માતાનો વધ કરે છે. પત્નીના વધથી જમદગ્નિનો ગુસ્સો શાંત થઇ જાય છે. પછી પ્રસન્ન થઇને પરશુરામને વરદાન માંગવાનું કહે છે. પરશૂરામ વરદાન માંગે છે કે – ‘‘ મારી માતા સજીવન થઇ જાય અને તેમણે કરેલ કૃત્ય તેને યાદ ન રહે, અને યુદ્ધમાં મારો સામનો કોઇ ન કરી શકે.’’[૪૩]

જમદગ્નિ અને કાર્તવીર્ય અર્જુનના પુત્ર વચ્ચે યુદ્ધ થાય છે. યુદ્ધમાં જમદગ્નિનો વધ થાય છે. એથી ગુસ્સે થઇને પરશુરામે કાર્તવીર્યના પુત્રોની હત્યા કરી. આમ ભગાવન પરશુરામે એકવીસ વખત પૃથ્વી ઉપરથી ક્ષત્રિયોનો નાશ કર્યો હતો.

ભગવાન પરશૂરામની કથાનો ઉલ્લેખ અન્ય સ્થળે પણ આવે છે. શ્રીમદ્ ભાગવત પુરાણ, વિષ્ણુ પુરાણ, વાયુ પુરાણ, અગ્નિ પુરાણ, નારદ પુરાણ, કૂર્મ પુરાણ, હરિવંશ પુરાણ વગેરે. બધી જ કથાઓમાં થોડા ઘણાં ફેરફાર જોવા મળે છે.

પ્રસ્તુત ઉપાખ્યાનમાંથી બોધ મળે છે કે ક્રોધ કરવાથી બુદ્ધિ નાશ પામે છે. જમદગ્નિ અને પરશુરામના પાત્ર દ્વારા તે જ્ઞાત થાય છે. પિતાને દેવ ગણવામાં આવતા અને પિતાનું સ્થાન સમાજમાં ઉચ્ચ ગણાતું હતું. માતાનું સ્થાન તે સમયે પણ મહત્વનું હતું. માતાને પણ સમાન દરજ્જો પ્રાપ્ત થતા હતો. પરશુરામ ખરા અર્થમાં માતૃ–પિતૃભકતત હતા. જે પિતાની આજ્ઞા માની માતાનો વધ કરે અને ફરીથી વરદાનમાં માતાનું પુનઃજીવન માંગે છે.

પરશુરામ શ્રેષ્ઠ પરાક્રમી, તેજસ્વી, વીર પુરુષ હતા. તે અન્યાયો સામે લડે છે. પૃથ્વીને એકવીસ દુષ્ટ રાક્ષસોથી બચાવે છે અને સંસ્કૃતિને પણ બચાવે છે.

### ૩.૫ **रामोपाख्यान :**

રામોપાખ્યાન મહાભારતમાં વનપર્વ અંતર્ગત રામોપાખ્યાન નામના ૨૭૪ માં અધ્યાયમાં આવે છે. માર્કન્ડેય ઋષિને યુધિષ્ઠિર પ્રશ્ન કરે છે કે શ્રી રામને વનવાસ કેવી રીતે મળ્યો અને સ્ત્રીના વિયોગથી કેવા કેવા દુઃખો પડ ા, ત્યારે તેના જવાબમાં રામ ઉપાખ્યાન કહે છે.

''राम'' શબ્દ ''रम'' ધાતુ પરથી બનેલો છે. જે પૃથ્વી પર રહી ભકતતજનોના સંપૂર્ણ મનોરથ પૂર્ણ કરે અને રાજાના રૂપમાં સુશોભિત છે તે રામ.

ઈક્ષ્વાકુ વંશમાં અજ રાજા ઉત્પન્ન થયા અને તેના પુત્ર દશરથ હતા. દશરથ રાજાને ચાર પુત્રો થયા તે ચાર પુત્રોમાં સૌથી મોટા પુત્ર એટલે શ્રીરામ. તેમના લગ્ન વિદેહ રાજકુમારી સીતા સાથે થયા હતા.

દશરથ રાજા વૃદ્ધ થાય છે એટલે તે પોતાના સૌથી મોટા પુત્ર રામને રાજગાદિ આપવાનો વિચાર કરે છે પરંતુ કૈકેયી પહેલાનું બાકી વચન માંગીને રામને ચૌદ વરસ માટે વનવાસ અને પોતાના

પુત્રને રાજગાદિ મળે એવું માંગે છે. પિતૃભકતત રામ પિતાના વચનને ખાતર લક્ષ્મણ, સીતા, સહિત વનમાં જાય છે. ત્યા રાવણની બહેન શૂપર્ણખા આવે છે ત્યારે લક્ષ્મણ તેના નાક–કાન કાપી લે છે તેથી ક્રોધીત થયેલો રાવણ સીતાનું અપહરણ કરે છે.

રાવણ સીતા માતાનું હરણ કરીને જતો હોય છે ત્યારે પક્ષીરાજ જટાયુ બચાવે છે ત્યારે રાવણ જટાયુનો પણ વધ કરે છે. પછી જટાયુ રામને સમગ્ર ઘટના કહે છે. પછી રામ લક્ષ્મણ બન્ને ભાઈઓ સીતાની શોધ કરવા નીકળી પડે છે રસ્તામાં સુગ્રીવ સાથે મિત્રતા થાય છે.

રાવણ સીતાને લંકામાં લઈ જાય છે અને તેને પત્ની બનાવવા માટે તૈયાર થાય છે ત્યારે સીતા કહે છે –

परदारास्म्यलभ्या च सततं च पतिव्रता ।
न चैवोपयिकी भार्या मानुषी कृपणा तव ।।

હું પરસ્ત્રી છું, પતિવ્રતા છું, તું મને નહીં પામી શકે, હું તારા જેવા નિશાચરની ભાર્યા બનવા તૈયાર નથી.[૪૪]

સીતા માતાની શોધ કરવા માટે સુગ્રીવ ચારેય દિશાઓમાં સૈનિકોને મોકલે છે. તથા હનુમાનને લંકામાં શોધ કરવા માટે મોકલે છે. લંકામાંથી પરત આવીને હનુમાન લંકાનું વર્ણન કરે છે. વાનરોની સેના એકઠી થઈ. લંકામાં જવા માટે પૂલ બાંધવામાં આવ્યો. પછી વાનરોની સેના લંકામાં પ્રવેશ કરી અને તેની જાણ માટે અંગદને દૂત તરીકે રાવણ પાસે મોકલે છે. ત્યાર પછી રાક્ષસો અને વાનરો વચ્ચે યદ્ધ થાય છે. ભગવાન શ્રી રામે રાવણની સેના સાથે યુદ્ધ કર્યું.

રાવણનો પુત્ર ઈન્દ્રજીત માયાવી હતો તે માયાનો સહારો લઈને યુદ્ધ કરે છે. લક્ષ્મણ મૂર્છિત થઈ જાય છે. યુદ્ધ કરતા કરતા લક્ષ્મણ ઈન્દ્રજીતનો વધ કરે છે. છેલ્લે રામ અને રાવણનું યુદ્ધ થાય છે અને રામ રાવણનો વધ કરી લંકાનું રાજ વિભિષણને આપે છે.

ભગવાન શ્રીરામ સીતાને લંકામાંથી છોડાવે છે. ત્યાર પછી રામ કહે છે –

कथं इयस्मद्विधो जातु जानन् धर्मविनिश्चयम ।
परहस्तगतां नारीं मुहूर्तमपि धारयेत् ।।

ધર્મ સિદ્ધાંતના જાણકાર પુરુષ અન્ય પાસે ગયેલ સ્ત્રીને કેવી રીતે ધારણ કરે ?[૪૫]

ભગવાન શ્રીરામ સીતાનો ત્યાગ કરે છે આ વાત સાંભળીને સીતા બેભાન થઈ જાય છે. જાગ્રત થતા તે શ્રીરામને કહે છે કે –

વાયુદેવ સમગ્ર પ્રાણીઓની અંદર રહે છે. મેં કોઈ પાપાચાર કર્યો હોય તો વાયુદેવતા મારા પ્રાણને હરી લે.[૪૬]

સીતા માતા આગળ જણાવે છે કે મેં તમારા સિવાય અન્ય કોઈ પુરુષનું સ્વપ્નમાં પણ ચિંતન

કર્યું નથી. એક માત્ર તમે જ મારા પતિ છો.[૪૭]

સીતા ખૂબ જ સંકલ્પ લેય છે અને પોતાની શુદ્ધતાના પ્રમાણો આપે છે. અંતે બ્રહ્મા, વાયુ, વરુણ અને અગ્નિ વગેરે દેવો સીતાની શુદ્ધતાનું પ્રમાણ આપે છે ત્યારે પછી રામે લક્ષ્મણ અને સીતા સાથે અયોધ્યા નગર તરફ પ્રસ્થાન કર્યું. અયોધ્યામાં ભરત સાથે મેળાપ થયો ત્યારે ભરતે સાચવી રાખેલી રાજગાદિ રામને સોપે છે. ત્યાર પછી રામનો રાજ ાભિષેક થાય છે અને શ્રીરામ અયોધ્યાનું શાસન સંભાળે છે.

મહાભારત મહાકાવ્યમાં અસંખ્ય આખ્યાનો ઉપાખ્યાનો આપવામાં આવ્યા છે. આ આખ્યાનો કહેવા પાછળનો ભાવ સામાન્ય લોકોને જ્ઞાન અને સમજ પ્રાપ્ત થાય તેવો રહેલો છે. લોકોએ સમાજમાં કેમ રહેવું કેવો વ્યવહાર કરવો તેનું માર્ગદર્શન રામાયણમાંથી પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રીરામ શ્રેષ્ઠ પિતૃભકતત હતા અને તે પિતાને દુઃખી જોઇને ખૂબ જ દુઃખી થાય છે તે કહે છે ''હું મહારાજની આજ્ઞાથી આગમાં પણ કૂદી પડું, વિષપાન કરું અને સમુદ્રમાં પણ કૂદી શકું. મહારાજ મારા ગુરૂ, પિતા અને હિતૈષી છે. રાજાને જે અભીષ્ટ હશે તે હું કરવા પ્રતિજ્ઞા કરું છું.''[૪૮]

ભગવાન શ્રીરામ ભરતને કહે છે કે, ''ચંન્દ્રનું તેજ ઓછું થઇ જાય, હિમાલય શિતળતાનો ત્યાગ કરે, સમુદ્ર પોતાની મર્યાદા ઓળંગી જાય પરંતુ હું પિતાની પ્રતિજ્ઞા નહી તોડી શકું.'' આમ શ્રી રામ પિતૃભકતત હતા. તેના જીવનમાં અન્ય પણ ઘણાં ગુણો હતા તે ગુણોને માનવ જો આજના સમયમાં પોતાના જીવનમાં ઉતારે તો તે પણ ભગવાન શ્રીરામ જેવો મહાન બની શકે.

### ૩.૬ સાવિત્રી ઉપાખ્યાન :–

મહાભારતમાં આવતું વનપર્વ આખ્યાન–ઉપાખ્યાનોથી ભરેલું છે. સાવિત્રી ઉપાખ્યાન વનપર્વના પતિવ્રતા માહાત્મ્ય પર્વના ૨૯૩ માં અધ્યાયમાં આવે છે. આ ઉપાખ્યાન ખૂબ જ પ્રસિદ્ધ છે. ધર્મરાજ યુધિષ્ઠિર દ્રૌપદીનું દુઃખ જોઇને ખૂબ જ દુઃખી થાય છે. તે જોઇને યુધિષ્ઠિર માર્કન્ડેયને પૂછે છે કે દ્રોપદી જેવી પ્રતિવ્રતા નારી સંસારમાં કોઇ હતી? તેના જવાબમાં ઋષિ માર્કન્ડેય આ સાવિત્રી ઉપાખ્યાન કહે છે.

મહાભારતમાં આવતી કથા પ્રમાણે મદ્ર દેશમાં અ  પતિ નામનો રાજા હતો. તે બ્રાહ્મણ ભકત, જીતેન્દ્રિય, ક્ષમાશીલ, વિશાળ હ્દયવાળા અને દાનવીર હતાં. તે નિઃસંતાન રાજા હતા. તેમણે સંતાન પ્રાપ્તિ માટે અઢાર વર્ષ સુધી ગાયત્રી મંત્રથી યજ્ઞ કર્યો. એટલા માટે સાવિત્રી દેવીએ પ્રસન્ન થઇ તેને ઘરે જન્મ ધારણ કર્યો. ગાયત્રી મંત્ર દ્વારા સાવિત્રી દેવીની કૃપાથી કન્યા જન્મી એટલા માટે તેનું નામ સાવિત્રી રાખ્યું.[૪૯]

સમય પસાર થતા સાવિત્રી ધીમે–ધીમે ઉંમર લાયક થાય છે. ત્યારે પિતાએ તેને પોતાની રીતે પતિ શોધવા કહયું કારણ કે –

अप्रदाता पिता वाच्यो वाच्यानुपयन पतिः ।

मृते भर्तरि पुत्र वाच्यो मातुररक्षिता ।।

વિવાહને લાયક કન્યાનું દાન ન કરવાથી પિતા નિંદાપાત્ર બને છે. ઋતુકાળમાં સમાગમ ન કરનાર પતિ નિંદનીય છે તથા પતિના મૃત્યુ પછી માતાનું રક્ષણ ન કરનાર પુત્ર નિંદનીય છે.[૫૦]

સાવિત્રી પોતાની રીતે પતિને શોધે છે ત્યારે પિતાએ પૂછ્ંુ કે તારો પતિ કોણ છે ત્યારે સાવિત્રીએ દ્યુમત્સેન પુત્ર સત્યવાન્નો નિર્દેશ કરે છે. પરંતુ નારદમુનિ દોષ જણાવતા કહે છે કે –

एको दोषोऽस्ति नान्योऽस्य सोऽद्यप्रभृति सत्यवान् ।

संवत्सरेण क्षीणायुर्देहन्यासं करिष्यति ।।

આજથી એક વર્ષ પછી સત્યવાનનું મૃત્યુ થશે તે એક દોષ તેનામાં છે. [૫૧]

નારદમુનિની વાત સાંભળી સાવિત્રીએ કહયું ,'' બંધુઓ વચ્ચે ધનભાગ એકવાર થાય છે, કન્યાદાન એક જ વાર થાય છે, વચનદાન એકવાર થાય, સત્યવાન્ને મેં પતિ તરીકે વરણ કરી લીધો. અતઃ હું કોઇ અન્ય પતિનું વરણ નહીં કરું.''[૫૨]

નારદમુનિની સલાહથી સાવિત્રીના સત્યાવાન્ સાથે લગ્ન થયા. બરોબર એક વર્ષ પછી સત્યવાન્નો મૃત્યુનો દિવસ નજીક આવ્યો. તેના માટે સાવિત્રીએ ત્રણ દિવસના ઉપવાસ કર્યા. મૃત્યુને દિવસે સાવિત્રી પોતાના પતિની સાથે વનમાં જાય છે. ત્યાં યમદેવ સત્યવાનનો જીવ લઇ લે છે. સાવિત્રી યમદેવની પાછળ ગઇ અને સત્યવાન્નો પ્રાણ પાછા આપવા વિનંતી કરી ત્યારે યમરાજે સાવિત્રીને પાંચ વરદાન આપ્યા.

પ્રથમ વરદાનમાં સાવિત્રીએ પોતાના સસરાની દષ્ટિ માંગી.

બિજા વરદાનમાં સસરાનું છિનવાઇ ગયેલું રાજ પાછું માંગ્યુ.

ત્રીજા વરદાનમાં તેમના પિતા અ પતિ ને સો પુત્રો થાય તેવું માંગ્યુ.

ચોથા વરદાનમાં પોતાને સત્યવાન્ દ્વારા સો પુત્રો પ્રાપ્ત થાય તે માંગ્યુ.

પાંચમા વરદાનમાં પુત્ર પ્રાપ્તિની યાચના કરી. પરંતુ પતિ વિના પુત્ર પ્રાપ્તિ કેવી રીતે શકતય બને? એટલાં માટે મારા પતિને જીવિત કરો, જેથી કરીને આપનું વચન સત્ય સાબિત થાય.[૫૩]

સાવિત્રી યમરાજ પાસેથી પતિને પુનઃ પ્રાપ્ત કરી પતિના ઘરે આવે છે. આ પ્રમાણે સાવિત્રીએ સ્વયંમનું, માતા–પિતાનું અને પતિને સંકટમાંથી રક્ષણ કર્યું.

આ આખ્યાન કથા ઉપદેશાત્મક છે. તેના દ્વારા સામાન્ય પ્રજાજનોને સરળ ઉપદેશ પ્રાપ્ત થાય છે. પ્રાચીન સમયમાં સંતાન પ્રાપ્તિ માટે યજ્ઞ કરવામાં આવતા હતા. દશરથ રાજાએ પુત્ર પ્રાપ્તિ માટે ઋષ્યશૃંગ ઋષિ પાસે યજ્ઞ કરાવ્યો હતો. નળ રાજાએ પણ પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કરાવેલ, રાજા હરિશ્ચંદ્રએ પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કરાવ્યો હતો.

ભારતીય પરંપરામાં સ્ત્રીને આદરપાત્ર સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન કાળમાં સ્ત્રીને આદરથી જોવામાં આવતી હતી. મહાભારત કાળમાં સ્ત્રી સ્વતંત્ર હતી. એટલા માટે તે પોતાની રીતે સ્વયં પતિની શોધ કરી શકતી હતી. સાવિત્રી સ્વયં પોતાની રીતે પતિની શોધ કરે છે.

ભારતીય સંસ્કૃતિમાં સાવિત્રી વ્રત પ્રખ્યાત છે. વર્તમાન યુગમાં પણ પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે વ્રત કરે છે. આ વ્રત જેયષ્ઠ મહિનાની પૂર્ણિમાને દિવસે કરવામાં આવે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ વડનું પૂજન કરી આ વ્રતની શરૂઆત કરે છે. ભારતીય સંસ્કૃતિ વ્રતો તથા ઉત્સવોની સંસ્કૃતિ છે. વ્રત તથા તપ દ્વારા વ્યકિતત ઈ   ર સુધી પહોંચે છે. સાવિત્રીએ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે વ્રતની શરૂઆત કરી હતી. તેમણે ત્રણ રાત્રિનું વ્રત ધારણ કર્યું.[૫૪]

સાવિત્રી ઉપાખ્યાન દ્વારા સુખી ગૃહસ્થ જીવન, જીવનમાં પતિનું મહત્વ અને પતિવ્રતા નારી કેવી હોય છે તેનં સુંદર ચિત્રણ રજૂ કર્યું છે. સાવિત્રી શ્રદ્ધાવાન હોય છે તે જાણવા છતા કે મારો પતિ અલ્પ આયુષ્યવાળા છે તો પણ તેની સાથે વિવાહ કરે છે. તે ધન, રાજ , સુંદરતા વગેરેથી લોભાતી નથી. પરંતુ તે તો સદ્‌ગુણોને પસંદ કરે છે. આ ઉપાખ્યાન દ્વારા એક ભારતીય આદર્શ નારીના ગુણો, નિર્ભયતા, સતીત્વ, અડગ શ્રદ્ધા અને ઈશ વિ   ાસ વગેરેના દર્શન થાય છે. સતી સાવિત્રી આદર્શ ભારતીય આર્ય નારીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

**૩.૭ સુકન્યા ઉપાખ્યાન :**

સુકન્યા ઉપાખ્યાન મહાભારતના વનપર્વમાં આવતાં તીર્થયાત્રામાં સુકન્યા આખ્યાન નામના ૧૨૨ માં અધ્યાયમાં આવે છે.

મહર્ષિ ચ્યવન મહાન્ તપસ્વી હતા. તે વનમાં તપ કરતા હોય છે ત્યારે તેના શરીર ઉપર કીડીઓએ રાફડો બનાવ્યો. તે રાફડામાંથી તેની બે આંખો જ દેખાતી હતી. એકવાર રાજા શર્યાતિ તેની રાણીઓ અને પુત્રીને લઈને સૈન્ય સહિત વનમાં વિહાર કરવા માટે આવ્યા. રાજા શર્યાતિની પુત્રી સુકન્યાએ કુતુહલતાથી તે રાફડામાં ઋષિની દેખાતી આંખો પર કાંટો ભરાવે છે. ક્રોધિત થઈ ચ્યવન ઋષિએ શર્યાતિના સંપૂર્ણ સૈન્યના મળમૂત્ર રોકી દીધા.

શર્યાતિ રાજા ઋષિની પાસે ક્ષમા માંગતા કહે છે કે –

अज्ञानाद्‌बालया यत् ते कृतं तत् क्षन्तुमर्हति ।

મારી દિકરીએ અજ્ઞાનવશ જે કૃત્ય કર્યું છે, તેને ક્ષમા કરો.[૫૫]

રાજા શર્યાતિ ચ્યવન ઋષિ પાસે પોતાની દિકરીએ કરેલા અપરાધની ક્ષમા માંગે છે ત્યારે ચ્યવન ઋષિ એક શરત કહે છે –

तामेव प्रतिग्रह्याहं राजन् दुहितरं तव ।
क्षस्यामीति महिपाल सत्यमेतद् ब्रवीमि ते ।।

તારી પુત્રીને પત્નીરૂપે સ્વીકારી તે અપરાધને ક્ષમા આપું.[૫૬]

રાજા શર્યાતિએ આગળ–પાછળનો કંઈપણ વિચાર કર્યા વગર પોતાની પુત્રી સુકન્યાને ચ્યવન ઋષિને આપી. સુકન્યા અવિરતપણે પતિની સેવામાં મગ્ન રહેવા લાગી. તેમની આવિ સેવાને જોઈને એકવાર અ નીકુમારોએ સુકન્યાની સામે લગ્નનો પ્રસ્તાવ મૂકતયો. પરંતુ સુકન્યા પતિવ્રતા સ્ત્રી હતી એટલે તે પ્રસ્તાવને અસ્વીકાર કર્યો અને તેમને કહ્યું, ‘મારા પતિને યુવાન બનાવી દો.’ અ નીકુમારોના કહેવાથી ચ્યવન ઋષિ જળમાં પ્રવેશ્યા અને તે અ નીકુમાર જેવા જ તેજસ્વી યુવાન બની ગયા.

અ નીકુમારો અને ચ્યવન ઋષિ ત્રણે યુવાન બનીને બહાર નીકળ્યા. તેમણે સુકન્યાને કહ્યુ અમારામાંથી કોઇ એકનો પતિ તરીકે સ્વીકાર કરો. ત્યારે સુકન્યાએ પોતાના પતિનો જ સ્વીકાર કર્યો. એટલા માટે પ્રસન્ન થઈને ચ્યવન ઋષિએ અ નીકુમારોને દેવરાજ ઇન્દ્ર સામે જવાના હધિકારી બનાવ્યા. આ વાતની જાણ રાજા શર્યાતિને થાય છે અને તે ખૂબ જ પ્રસન્ન થાય છે. ચ્યવન ઋષિની આજ્ઞાથી રાજાએ એક યજ્ઞનું અનુષ્ઠાન કર્યું. અ નીકુમારો તે યજ્ઞમાં હાજર રહ્યા. એટલા માટે ઇન્દ્ર ગુસ્સે થાય છે અને ચ્યવન ઋષિ ઉપર વજઘાત કરવા તૈયાર થાય છે. ત્યારે ચ્યવન ઋષિએ તેના હાથને સ્તંભાવિ દીધા, તથા ઇન્દ્રનો વધ કરવા માટે એક કૃત્યા ઉત્પન્ન કરી. ડરી ગયેલા ઇન્દ્રએ અ નીકુમારોનો સ્વીકાર કર્યો. ચ્યવન ઋષિ પ્રસન્ન થાય છે અને ઉત્પન્ન કરેલ કૃત્યાને મદ્યપાન, સ્ત્રી, મૃગયા અને દ્યૂત આ ચાર સ્થાનોમાં વહેંચી આપી. ત્યારપછી યજ્ઞ પૂર્ણ થાય છે અને ઋષિ ચ્યવન લાંબા સમય સુધી સુકન્યા સાથે નિવાસ કરે છે.

માણસે જીવનમાં કોઈપણ કાર્ય વિચાર્યા વગર કરવું જોઈએ નહીં. વિચાર્યા વગરનું કાર્ય પાછળથી પસ્તાવો કરાવે છે. સુકન્યા પણ અજાણતા કાર્ય કરે છે અને તેનુ ફળ ભોગવવું પડે છે. આમ કોઈપણ કાર્યની શરૂઆત કરતા પહેલા તેના લાભો અને હાનિ વિશે વિચાર કરી લેવો જોઈએ.

### ૩.૮ પતિવ્રતોપાખ્યાન :

પતિવ્રતોપાખ્યાન મહાભારતના વનપર્વનના માર્કંડેય સમાખ્ય પર્વના પતિવ્રતોપાખ્યાન નામના ૨૦૬ માં અધ્યાયમાં આવે છે.

કૌશિક નામના એક દ્વિજ જાતિમાં જન્મેલા બ્રાહ્મણ હતા. તે ધર્માત્મા, તપસ્વી અને વેદોના જાણકાર હતા. એક વખત તે વૃક્ષ નીચે બેસીને વેદોનું અધ્યયન કરતા હતા. ત્યારેએક પક્ષીએ તેમના પર બીટ કર્યું. ત્યારે મુનિએ ક્રોધિત થઈને તેને અચેતન બનાવી દીધું. પશ્ચાત્તાપ કરતા તે ઋષિ ભિક્ષા માટે ગયા. ત્યાં એક સ્ત્રીએ ભિક્ષા આપવાનું કહ્યું. એટલા માટે તે  ભા રહ્યા. ત્યારે તે સ્ત્રીના પતિ ઘરે આવ્યા જેથી તે સ્ત્રી તેની સેવામાં રહેતા ભિક્ષા આપવાનું ભૂલી ગઇ.

ઘરની બહાર બ્રાહ્મણ ભિક્ષાની રાહ જોતાં  ભા રહ્યા. થોડીકવાર પછી તે સ્ત્રીને પેલા

બ્રાહ્મણનું સ્મરણ થયું. ઝડપથી તે ભિક્ષા આપવા માટે બહાર ગઇ. ત્યારે બ્રાહ્મણ ખૂબ જ ગુસ્સે થયા. તે સ્ત્રી પતિવ્રતા હતી તેમણે બ્રાહ્મણને કહ્યું –

क्षन्तुमर्हसि मे विद्वान् भर्ता मे दैवतं महत् ।
स चापि क्षुधितः श्रान्तः प्राप्तः शुश्रूषितो मया ।।

હે વિદ્વાન્ ક્ષમા કરો, મારા માટે સર્વશ્રેષ્ઠ દેવતા પતિ છે. તેઓ ક્ષુધિત, શ્રમિત થયેલા ઘરે આવ્યા. તેથી તેમની સેવામાં મગ્ન થઇ ગઇ.

તે પતિવ્રતા સ્ત્રી શ્રેષ્ઠ અને દિવ્ય બ્રાહ્મણ કોને કહેવાય તેની ચર્ચા કરે છે. કહ્યું કે, 'તમારે ધર્મ વિશે વધારે જ્ઞાન મેળવવું હોય તો મિથિલાપુરીના ધર્મવ્યાધ પાસે જાઓ.' ત્યારે કૌશિક બ્રાહ્મણ પતિવ્રતા સ્ત્રીનો આભાર માની ધર્મવ્યાધ પાસે જાય છે. ધર્મવ્યાધ પ્રાણીઓનું માંસ વેચવાનો ધંધો કરતો હતો. તે બ્રાહ્મણના આગમનનું કારણ જાણી જાય છે.

ધર્મવ્યાધતેમને સરસ મજાનો ઉપદેશ આપે છે. હિંસા–અહિંસા, શુભાશુભ કર્મ અને ફળ. બ્રહ્મ પ્રાપ્તિના ઉપાયો, વિષય સેવનથી પ્રાપ્ત થતી હાનિ, સત્સંગથી થતો લાભ, બ્રહ્મ વિદ્યા, પંચમહાભૂતોના ગુણ, માતા–પિતાની સેવા શ્રેષ્ઠ ધર્મ વગેરે જ્ઞાન સભર તત્ત્યવજ્ઞાન સમજાવે છે.

પતિવ્રતા સ્ત્રીનું સમાજમાં આદરપાત્ર સ્થાન છે. ભારતીય સંસ્કૃતિ પતિને પરમે  ર માને છે.હિન્દુ સંસ્કૃતિમાં પતિવ્રતા સ્ત્રીના ઘણાં ઉદાહરણો જોવા મળે છે. સીતા, સાવિત્રી, દ્રોપદી, અનસૂયા, દમયંતી, ગાંધારી અને શકુન્તલા સ્ત્રીને માટે પતિ જ મોક્ષ અને સુખનું સાધન છે. જો તે તન,મન,ધન થી પતિની સેવામાં મગ્ન રહે તો તેને બીજે કયાંય ભગવાન શોધવા જવાની જરૂર નથી.

દ્રોપદી સત્યભામાને ઉપદેશ આપતા કહે છે કે, ''પતિ અને તેના સેવકોને ભોજન કરાવ્યા વિના ભોજન કરતી નથી. તથા પતિની પહેલા સૂતી નથી.''

''પતિના આશ્રયે રહેલું પત્નીઓનો ધર્મ છે. પતિ જ તેમનો દેવતા અને ગતિ છે. પતિ સિવાય નારીનું કોઇ આશ્રયસ્થાન નથી.''[૫૯]

આમ આ આખ્યાન ઉપરથી જ્ઞાન પ્રાપ્ત થાય છે કે પશ્ચાતાપ જ માનવના વર્તનને સુધારી શકે છે. એક વખત માનવને પછતાવો થાય તો તે ખરાબ કાર્ય બીજી વખત ન કરે એટલા માટે દરેક માણસે કોઇપણ કાર્યની શરૂઆત કરતા પહેલા તેના લાભ અને હાનીનો વિચાર કરી લેવો જોઇએ.

### ૩.૯ હંસકાકીયોપાખ્યાન :

આ આખ્યાન મહાભારતના કર્ણપર્વમાં આવતા હંસકાકીયોપાખ્યાન નામના ૪૧ માં અધ્યાયમાં આવે છે.

એક સમુદ્રના કિનારે દયાળુ વૈશ્ય રહેતો હતો. તે ક્ષમાશીલ, પવિત્ર, સંતાનપ્રેમી અને ધાવાન

હતો. ત્યાં જૂઠન ખાનારો એક કાગડી એક કાગડો પણ રહેતો હતો. તે કાગડો ધનપતિની જૂઠન ખાઇને ઘમંડી થઇ ગયો. એટલે તે તેનાથી મોટા પક્ષીઓનું આપમાન કરવા લાગ્યો. એક દિવસે તે સમુદ્રના કિનારે માન સરોવરના હંસ આવ્યા. હંસોને જોઇને વૈશ્ય કુમારોએ કાગડાની પ્રશંસા કરી તથા કાગડાને હંસની પાસે મોકલ્યો.

કાગડાએ હંસની પાસે જઇને અભિમાનપૂર્વક કહ્યું, 'ચાલો ઉડીએ' આ સાંભળીને હંસો હસવા લાગ્યા અને કહ્યું –

અમે માનસરોવરના હંસ છીએ, ઉડવામાં અમે બધા પક્ષીઓથી શ્રેષ્ઠ છીએ.[૬૦]

હંસે કાગડાને આવી રીતે વાકતયો કહ્યા ત્યારે કાગડાએ હંસની વાત સાંભળીને તેમને કહેવા લાગ્યો. '' હું એકસો એક પ્રકારની ઉડાન ડી શકું છું અને પ્રત્યેક ઉડાન સો–સો યોજનની હોય તે સર્વ વિભિન્ન પ્રકારની અને વિચિત્ર છે.[૬૧]

આમ કાગડો કેટલીક ઉડાનોના નામ આપે છે અને હંસને ઉડવા માટે આમંત્રણ આપે છે. ત્યારે કાગડાની આવી અભિમાનવાળી વાણી સાંભળીને હંસે વિનમ્રતાથી ''હું તો એક ઉડાન ઉડવાનું જાણું છું. ત્યારે હંસની આ વાત સાંભળીને બીજા કાગડાઓ હસવા લાગ્યા અને બોલવા લાગ્યા કે આ હંસ કાગડા સાથે કેવી રીતે હરીફાઇમાં ઉતરી શકશે?

હંસ અને કાગડો વચ્ચે ઉડવાની હરિફાઇ થઇ. કાગડો હંસનો મજાક કરતો–કરતો ઉડતોહતો. તે અલગ–અલગ ઉડાન બતાવતો હતો. અંતે કાગડો થાકી ગયો અને વિચારવા લાગ્યો આ સમુદ્ર પર હું કતયાં ઉતરીશ. ત્યારે હંસે આ જોયું અને કાગડાને પૂછ્ં, ''તારી ૧૦૦ ઉડાનમાંથી આ કયા પ્રકારની ઉડાન છે?'' ત્યારે આ સાંભળીને કાગડો કહેવા લાગ્યો –

वयं काक: कुतो नाम चराम: काकवाशिका: ।
हंस प्राणै: प्रपधै त्वामुदकान्तं नयस्व माम् ।।

હું પ્રાણ સાથે આપની શરણમાં આવ્યો છું. તું મને સમુદ્ર તટ પર પહોંચાડી દે.[૬૨]

હંસ કાગડાને પોતાની પીઠ ઉપર બેસાડે છે અને ટાપુ પર લઇ જાય છે. ત્યારે કાગડો અભિમાન છોડી શાંત થઇ ગયો. મહાભારત આખ્યાનોનો સાગર છે. મહર્ષિ આવી રીતે કંઇક ઉપદેશ આપવા માંગે છે. દરેક કથામાંથી કંઇક જ્ઞાન પ્રાપ્ત થાય છે. જે સામાન્ય સમાજ સુધી પહોંચે છે. જેનાથી લોકોને કાંઇક માર્ગદર્શન મળે.

અભિમાન, ગર્વ, નરકની સીડી છે. મૂર્ખતા અજ્ઞાનતાને કારણે આવે છે. અજ્ઞાનતાને કારણે અભિમાન આવે છે. જે અભિમાની હોય તેને સજ્જન પુરુષની વાતો પસંદ પડતી નથી. મૂર્ખ માણસ પોતે માની લીધેલા વિચારને જ જ્ઞાન સમજે છે અને આવા અધકચરા જ્ઞાનથી તે આંધળો બની જાય છે. આવો

અલ્પજ્ઞાની પોતાની જાતને મહાજ્ઞાની સમજવા લાગે છે. જેમ કાગડો પોતાની જાતને સમજતો હતો તેમ હંસ જ ।રે તેને સમજાવે ત્યારે તેનો ગર્વ અને અભિમાન ઓછા થાય છે.

### ૩.૧૦ માર્જારમૂષિક આખ્યાન :–

આ આખ્યાન મહાભારતના પ્રસિદ્ધ એવા શાંતિપર્વના આપદધર્મ નામના ૧૩૮ માં અધ્યાયમાં આવે છે. યુધિષ્ઠિર ભીષ્મની સાથે ચર્ચા કરતા હોય છે ત્યારે યુધિષ્ઠિર પૂછે છે કે શત્રુ આક્રમણ કરે ત્યારે રાજાએ શું કરવું જોઇએ. ત્યારે તેના જવાબમાં ભીષ્મપિતામહ આ આખ્યાન કહે છે.

એક વન હતું. તે વનમાં વૃક્ષ ઉપર લોમશ નામનો બિલાડો રહેતો હતો. તે વૃક્ષના મૂળ પાસે સો દરવાજાવાળુ દર બનાવીને એક ઉંદર રહેતો હતો. તે જ વનમાં એક ચાંડલ પણ રહેતો હતો. તે ચાંડાલ દરરોજ જાળ પાથરતો તેથી તેમાં પશૂઓ ફસાઇ જાય અને સવારે આવીને લઇ જતો હતો. એક દિવસ અજાણતા બિલાડો તેમાં ફસાઇ જાય છે. તે જોઇને પેલા ઉંદરને નિંરાત થઇ.

ત્યારે એક નોળીયો અને ઘુવડ ત્યાં આવી પહોંચ્યા. બન્ને શત્રુને જોઇને ઉંદર ગભરાઇ ગયો. ઉંદર વિચારપૂર્વક કહેવા લાગ્યો. શ્રેષ્ઠ વિદ્વાન, જ્ઞાતા પુરુષ ભયંકર આપત્તિમાં પણ દુઃખી થતો નથી. તે તેમાંથી મુકતત થવાનો રસ્તો શોધે છે. આવુ વિચારી તે બિલાડા પાસે જાય છે. બિલાડો પણ તે સમયે મુશ્કેલીમાં હતો. તેની પાસે જઇને નમ્ર પૂર્વકની વાણીથી કહેવા લાગ્યો.

એવું કહેવાય છે કે સાધુ પુરુષ તો સાત પગલા સાથે ચાલવાથી મિત્ર બની જાય છે. આપણે બંને નિત્ય સાથે રહીએ તેથી તું મારો વિદ્વાન મિત્ર છો.[૬૩]

આવી રીતે ઉંદરે બિલાડાના જાળના બંધન તોડવાનું કહ્યુ અને તેનો વિ ાસ જીત્યો. પછી ઉંદર બિલાડાની પીઠ પર ચઢી ગયો. આ દશ્યને જોઇને નોળીયો અને ઘુવડ ત્યાંથી જતા રહ્યા. બિલાડો બંધનમાંથી મુકતત થઇ ગયો, અને ફરી વૃક્ષ પર ચઢી ગયો. ઉંદર પોતાના દરમાં જતો રહ્યો. હવે બંને ભયમાંથી મુકતત થઇ ગયા. બિલાડો ઉંદર સાથે મિત્રતા કરવાનું કહે છે. ત્યારે ઉંદરે બિલાડા સાથે મિત્રતા કરવાનો ઇન્કાર કરી દીધો, તથા કહ્યુ કે કોઇ કોઇનો મિત્ર નથી કે કોઇનો કોઇ શત્રુ નથી, બધા સ્વાર્થવશ મિત્રતા અને શત્રુતા કરે છે.

ઉપરોકતત આખ્યાનમાં મહર્ષિ વ્યાસ નીતિશાસ્ત્રનું જ્ઞાન આપે છે. બીજા રાજાઓ આક્રમણ કરે ત્યારે શું કરવું, વ્યકિતતએ કયા સમયે કેવો વ્યવહાર કરવો, દુર્બળ રાજા પર સબળ રાજા આક્રમણ કરે તો શું કરવું, તથા મિત્ર શત્રુ બની જાય તો શું કરવું વગેરે બાબતોનું જ્ઞાન આપ્યુ છે. કાર્યોનો પ્રભાવ આવી બધી બાબતો ઉપર અસર કરે છે. આવશ્યકતા અનુસાર શત્રુ સાથે પણ મિત્રતા કરવી જોઇએ.

માણસે હંમેશા મિત્રતા સરખા અને સમોવડિયા વ્યકિતત સાથે કરવી જોઇએ. શત્રુ વિદ્વાન ન હોય તે સારો પણ મિત્ર મુર્ખ હોય તે સારું નહીં નીતિશતકમાં મહાકવિ ભર્તુહરિ મિત્રના લક્ષણો બતાવતા

કહે છે કે, ‘‘જે પાપ કરતા રોકે, હિતકારક કાર્યમાં જોડે, ગુપ્તમાં ગુપ્ત વાત છૂપાવે, ગુણોને પ્રદર્શિત કરે, સંકટ સમયે પણ સાથ છોડતો નથી, અને સમય આવે ત્યારે આપે છે તેને સંત પુરૂષો સાચા મિત્રનું લક્ષણ કહે છે.

મહર્ષિ વ્યાસ આવા આખ્યાનો દ્વારા રાજાઓને શ્રેષ્ઠ ઉપદેશ આપે છે. રાજાએ શાસન કરવા સમયે કેવા ધર્મો પાળવા? કેવી વસ્તુનો ખ્યાલ રાખવો? કોના તરફ શત્રુતા અને કોના તરફ મિત્રતાનો હાથ લંબાવવો, સમય અનુસાર મિત્ર અને દુશ્મન બનાવવો, શત્રુ સાથે મિત્રતા અને મિત્ર સાથે યુદ્ધ પણ કરવાની આવશ્યકતા પડે. મુશ્કેલીઓ આવે તેની પહેલા તેનો હલ શોધી લેવો.

રાજાએ પ્રજાનું રક્ષણ કરવા માટે અને પોતાની ઉન્નતિ સાધવા માટે આવા નીતિસભર શ્રેષ્ઠ ઉપદેશોને ગ્રહણ કરવા જોઇએ અને પોતાના આચરણમાં લાવવા જોઇએ. તે રાજા શ્રેષ્ઠ પ્રજાપાલક બની શકે.

**૩.૧૧ કપોતલુબ્ધક આખ્યાન :–**

આ આખ્યાન મહાભારતના શાન્તિપર્વના આપદ ધર્મ પર્વના ૧૪૩ માં અધ્યાયમાં આવે છે. ભિષ્મ પિતામહ યુધિષ્ઠિરને શરણાગતિની રક્ષા કેવી રીતે કરવી તેના પ્રતિ ઉત્તરરૂપે આ પ્રસંગ કહે છે.

એક અરણ્ય હતું. તેમાં એક દુષ્ટ પારધી રહેતો હતો. તે એટલો દુષ્ટ હતો કે તેના પરિવારજનોએ તેને છોડી દીધો હતો. તે જંગલમાં જઇ પક્ષીઓનો વધ કરતો હતો. એક વખત જંગલમાં ખૂબ જ તોફાન આવે છે. જેથી ઠંડીને કારણે તેનું શરીર ખૂબ જ કાંપવા લાગે છે. ત્યારે એક કબૂતરી ઠંડીથી બચવા એક જગ્યાએ બેઠી હતી. પારધીએ તેને પાંજરામાં પુરી દીધી. તોફાન સમાપ્ત થતા પારધી વિચારવા લાગ્યો આ વૃક્ષ પર રહેલ દેવતાનું શરણ લઉં.

આ વૃક્ષની ઉપર એક કબૂતર તેના કુટુંબ સાથે રહેતો હતો. કબૂતરી સવારથી બહાર ગયેલ હતી જે તોફાનમાં પરત ન આવતા કબૂતર ચિંતિત હતો. તેની પત્નીની તેને ખોટ સતાવતી હતી. તે તેના સદ્‌ગુણો વિશે વિચારવા લાગ્યો. પત્નીને કારણે ઘરને ગૃહ કહેવાય છે. ગૃહસ્થનું ગૃહ પત્ની વિના સૂનું છે. આમ અનેક પ્રકારે તેની પ્રશંસા કરવા લાગ્યો અને પત્ની ધર્મ સમજાવ્યો. આ સાંભળીને પારધીની કેદમાં પૂરાયેલી પેલી કબૂતરી બોલી– એક પારધી આપના નિવાસ સ્થાને ભૂખ અને ઠંડીને લીધે આવ્યો છે તેની યોગ્ય રીતે સેવા કરો.

ગૃહસ્થી કબૂતર પારધીનો અતિથિ સત્કાર કરે છે અને ઠંડીથી બચવા માટે અગ્નિ સળગાવે છે. હવે પારધી ભૂખ્યો હોય છે એટલા માટે તેની ભૂખ સંતોષવા માટે ખૂદ પોતે અગ્નિમાં પડીને આહાર યોગ્ય બનાવે છે. આ પ્રકારનું દશ્ય જોઇને પારધીને ખૂબ જ દુ:ખ થાય છે. ત્યારે પતિવ્રતા કબૂતરી પણ પોતાના પતિને મરતો જોઇને તે પણ અગ્નીમાં પડીને મૃત્યુ પામે છે. ત્યારપછી પારધીએ પણ પ્રાયશ્ચિત કર્યું અને સ્વર્ગલોકને પામે છે.

સામાન્ય રીતે મહાભારતના આખ્યાનોનો ઉદ્દેશ્ય લોકોના જીવનને જ્ઞાનનો ઉપદેશ આપવાનો છે. આપણા શરણે આવેલાનું રક્ષણ કરવું તે માણસનો શ્રેષ્ઠ ધર્મ છે. તેનું પ્રાણના ભોગે પણ રક્ષણ કરવું જોઇએ. આ ભારતીય સંસ્કૃતિનું નૈતિક મૂલ્ય છે. અન્યના પ્રાણની રક્ષા કરવી તેના માટે સર્વસ્વ અર્પણ કરવું એ વૈદિક સંસ્કૃતિનો મૂળ મંત્ર છે. આ તો શિષ્ટાચાર આ દેશનો ધર્મ છે. આથી આ દેશ વિ નો ધાર્મિક ગુરૂ છે.

ભારતીય સંસ્કૃતિમાં દામ્પત્ય પ્રેમનું ખૂબ જ મહત્વ છે. વૃક્ષ નીચે પત્ની સાથે હોય તો તે તેનું ઘર છે, અને મોટો મહેલ પત્ની વિનાનો હોય તો તે જંગલ સમાન લાગે છે. જે ઘરમાં પ્રિય વચન બોલનાર પત્ની ન હોય તેમણે વનમાં જઇને રહેવું એવો શુભાષિત પ્રચલિત છે. આમ આવિ રીતે પ્રચલિત આખ્યાનો દ્વારા સમાજને બોધ અને માર્ગદર્શન મળી રહે છે. આખ્યાનો–ઉપાખ્યાનોનો આ મૂળ ઉદેશ છે.

### ૩.૧૨ કૃતઘ્નોપાખ્યાન :

આ આખ્યાન મહાભારતના શાંતિપર્વના આપદધર્મ પર્વના કૃતઘ્ન ઉપાખ્યાન નામના ૧૬૮ માં અધ્યાયમાંથી લેવામાં આવ્યું છે.

સંસારમાં કેવા લોકો સાથે મિત્રતા કરવી કેવા લોકો સાથે સંબંધ ટકાવવો તે વિષયક સમજાવવા માટે ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને મ્લેચ્છોનો ઇતિહાસ જણાવે છે.

મધ્ય નામના દેશમાં ગૌતમ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે એક દિવસ ખૂબ જ સમૃદ્ધ નગરમાં ભીક્ષા માંગવા માટે ગયો. તે નગરમાં એક બ્રાહ્મણ પ્રેમી દુષ્ટ રહેતો હતો. તેમણે બ્રાહ્મણને રહેવા માટે સ્થાન આપ્યુ. ભીક્ષાની પણ વ્યવસ્થા કરી અને સેવા ચાકરી માટે એક દાસીને રાખી. તે ગૌતમ બ્રાહ્મણે બાણ ચલાવવાનો અભ્યાસ કર્યો હતો. આ બ્રાહ્મણ તે દુષ્ટ દસ્યુ બ્રાહ્મણના ખરાબ સંગને કારણે દરરોજ શિકાર કરવા લાગ્યો.

તે નગરમાં મૃગચર્મ, વલ્કલ અને જટા ધારણ કરેલ એક બ્રાહ્મણ આવ્યો. આ ગૌતમ તે બ્રાહ્મણથી વિરૂદ્ધ સ્વભાવનો હતો. ફરતાં–ફરતાં તે બ્રાહ્મણ ગૌતમને ઘરે પહોંચ્યો. ગૌતમને આવિ રીતે બ્રાહ્મણત્વથી ભ્રષ્ટ થયેલો જોઇ અને દુઃખી થયો. પછી તેને કહ્યું ''તું દ્વિજ છો, આથી દ્વિજોચિત સત્ત્યવ, શીલ, શાસ્ત્રજ્ઞાન, સંયમ અને દયાભાવનું સ્મરણ કરી તારે નિવાસસ્થાને પરત થઇ જા.''[૬૫]

ગૌતમ બ્રાહ્મણે કહ્યું – ''હું દરિદ્ર છું અને વેદથી અજાણ છું ધનની પ્રાપ્તિ માટે અત્રે આવ્યો છું'' આવનાર બ્રાહ્મણના દર્શનથી ગૌતમ આનંદિત થઇ ગયો અને સવાર થતા સાથે જવાનું નકતકી કર્યું. તે બ્રાહ્મણ ભૂખ્યો હતો છતાં તેમણે ગૌતમ બ્રાહ્મણના ઘરે ભોજન ન કર્યું. સવાર થતા તે બ્રાહ્મણના ચાલ્યા જવાથી ગૌતમ પણ સમુદ્ર તરફ ચાલતો થયો. રસ્તામાં વૈશ્યોના સમુહમાં ભળી જાય છે તથા તે સમુહ પર હાથીએ આક્રમણ કર્યું ત્યારે ભયથી રક્ષણ પામવા માટે ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યો.

ગૌતમ બ્રાહ્મણ ફરતા–ફરતા એક રમણીય જંગલમાં પહોંચી જાય છે. તે એક રમણીય વૃક્ષ નીચે બેસે છે. તે વૃક્ષ ઉપર રાજધર્મા નામનો બગલાનો રાજા નિવાસ કરતો હતો. તે પક્ષીને જોઇ ગૌતમને તે પક્ષીનું ભક્ષણ કરવાનું મન થયું. પક્ષી રાજધર્મા બ્રાહ્મણ ગૌતમનો અતિથિ સત્કાર કરે છે અને પોતાને મહર્ષિ કશ્યપ અને દક્ષ પ્રજાપતિની કન્યાના પુત્ર તરીકે ઓળખાવે છે. ગૌતમ બ્રાહ્મણનું અહીં આગમનનું કારણ પૂછયું. બ્રાહ્મણ ધન પ્રાપ્તિ માટે આવ્યો છે તે જાણી પક્ષી રાજધર્માએ કહ્યું –

तं गच्छ द्विजमुख्य त्वं स मद्वाकयप्रचोदितः ।
कामानमीप्सितांस्तुभ्यं दाता नास्त्यत्र संशयः ।।

આપ મારા મિત્ર વિરુપાક્ષ પાસે જાવ તે આપની મનોકામના પૂર્ણ કરશે.[૬૬]

રાજધર્માની વાત સાંભળી ગૌતમ બ્રાહ્મણ રાક્ષસરાજ વિરુપાક્ષ પાસે આવ્યો. વિરુપાક્ષે અનેક બ્રાહ્મણો સાથે ગૌતમને ભોજન કરાવ્યું અને અનેક સુવર્ણ, મોતી, હીરા વગેરેનું દાન કર્યું. ત્યારપછી ગૌતમ બ્રાહ્મણ ફરીથી તે વૃક્ષ પાસે દાનમાં મળેલ વસ્તુઓ લઇને આવ્યો. રાજધર્મા ફરીથી તેનું સ્વાગત કરે છે. ભોજન કર્યા પછી ગૌતમ બ્રાહ્મણ વિચારવા લાગ્યો. 'મેં મોહવશ વધારે ધન પ્રાપ્ત કર્યું, મારે ખૂબ દૂર જવું છે. માર્ગમાં ભોજન માટે કંઇ અન્ન નથી.''[૬૭]

ગૌતમ બ્રાહ્મણને રાજધર્માની હિંસા કરી તેનું માંસ ભક્ષણ કરવાનો વિચાર આવ્યો. તેમણે બગલાનો વધ કરી તે માંસ લઇને ત્યાથી નીકળી ગયો. રાજધર્મા રાક્ષસરાજ વિરુપાક્ષ પાસે ન પહોંચતા વિરુપાક્ષ વિચારવા લાગ્યો, આજે હું પક્ષીરાજ રાજધર્માને જોઇ શકતો નથી. તે બ્રાહ્મણે કદાચ મારા મિત્રનો વધ કરી નાંખ્યો હશે કારણ કે તે બ્રાહ્મણમાં બ્રાહ્મણત્વના ગુણો ન હતા. વિરુપાક્ષ પુત્ર રાજધર્માની શોધ માટે જાય છે. થોડે દૂર તેમણે રાજધર્માનું મૃત શરીર અને ગૌતમ બ્રાહ્મણને જોયા. મિત્રની આવી દશા જોઇને વિરુપાક્ષ આક્રંદ કરવા લાગ્યો. આ પાપીનો વધ કરો અને બધા જ રાક્ષસો તેના માંસનું ભક્ષણ કરો.

રાજાની આજ્ઞા અનુસાર રાક્ષસોએ તે બ્રાહ્મણના ટૂકડે–ટૂકડા કરી દસ્યુઓને આપ્યા. દસ્યુઓએ પણ તે કૃતઘ્નનું માંસ ખાવાનો ઇનકાર કરી દિધો. રાજા વિરુપાક્ષે રાજધર્માનો અગ્નિ સંસ્કાર કરીને મિત્રનો ધર્મ બજાવ્યો. ત્યારે સુરભિ ગાયએ આવી તેની ચિતા ઉપર દૂધમિશ્રિત ફેણ નાખ્યું જેને કારણે રાજધર્મા ફરી જીવતો થયો. ઇન્દ્રએ આવી રાજધર્માના પુનર્જીવન વિષે માહિતી આપી. રાજધર્માએ ઇન્દ્ર પાસે ગૌતમના પુનર્જીવનની માંગણી કરી. આ માંગણીનો સ્વીકાર કરી ઇન્દ્રએ ગૌતમને ફરીથી જીવિત કર્યો ગૌતમ તેની શુદ્ર પત્ની પાસે પાછો ફર્યો. પરંતુ સમાજે તેને કૃતઘ્ન ગણ્યો અને ગૌતમને નરકની પ્રાપ્તિ થઇ.

મહર્ષિ વ્યાસ રચિત મહાભારતમાં આખ્યાનરૂપી જ્ઞાનનો ખજાનો છે. તેમાં પણ શાન્તિપર્વમાં

તો અનેક કથાઓનું મિશ્રણ છે. આ કથાઓ નીતિ, ત્યાગ, મિત્રત, શત્રુતા, સેવાધર્મ અને ગુરુ પ્રત્યેનો આદર હોવો જોઇએ.

આ આખ્યાનમાં બ્રાહ્મણના દુર્ગુણો દર્શાવવામાં આવ્યા છે. બ્રાહ્મણ કર્મથી બ્રાહ્મણ બને તે અહીં દર્શાવવામાં આવ્યું છે. વર્તમાન યુગમાં પણ આપણે એવું સાંભળીએ છીએ કે બ્રાહ્મણે મદિરાપાન કર્યું, હિંસા કરી, જુગાર રમ્યા. આ બધું નિર્દેશ કરે છે કે આજનો બ્રાહ્મણ પણ પોતાના વેદોકતત કર્મથી ભટકતયો છે. તે માત્ર જન્મથી જ બ્રાહ્મણ હોય છે, કર્મથી નહી. આજે વેદમાં બતાવેલી વર્ણવ્યવસ્થા જોવા મળતી નથી. શુદ્ર પણ અધ્યયન કરાવી શકે છે. જેવી વ્યકિતતની સાથે માણસ રહે છે તેના જેવો તે બની જાય છે. સંગદોષ માણસને લાગે છે. ગૌતમ બ્રાહ્મણ પણ દુષ્ટ સાથે રહીને દુષ્ટ બની જાય છે. જીવનમાં મિત્ર બનાવવો સરળ છે, પરંતુ મિત્રભાવ બનાવી રાખવો કઠીન છે. મિત્રએ કરેલ ઉપકારનો બદલો ન ચૂકવવાથી ધર્મની હાનિ થાય છે. ગૌતમ બ્રાહ્મણે સ્વાર્થવશ બગલા સાથે મિત્રતા કરી અને અંતે મિત્રના હાડ–માંસનો આહાર કર્યો અને અંતે નરકમાં જાય છે. મિત્રનો દ્રોહ કરવો તેના કરતા વધારે ઉત્તમ તે છે કે મિત્ર જ ન બનાવવો. મિત્રતાનો દ્રોહ કરવો તેના જેવું પાતક એકપણ નથી.

### ૩.૧૩ ચિરકારી કોપાખ્યાન :

આ ઉપાખ્યાન મહાભારતના શાંતિપર્વના મોક્ષ ધર્મ પર્વ અંતર્ગત ૨૬૬ માં અધ્યાયમાં આવે છે.

મહર્ષિ ગૌતમને ચિરકારી નામે પુત્ર હતો. તે દરેક કાર્યમાં વિચાર કરીને જ કાર્ય કરતો હતો. ચિરકાળ સુધી જાગૃત રહેતો હતો. તેમજ શયન કરતો હતો. તે લાંબા સમય સુધી કાર્ય કરતો અને પૂર્ણ પણ કરતો હતો. તેથી તે ચિરકારી કહેવાયો.

મંદબુદ્ધિના લોકો તેને દુર્બુદ્ધિ કહેવા લાગ્યા. એક દિવસ ગૌતમ પોતાની પત્નીના ઇન્દ્ર સાથે કરેલ વ્યભિચાર પર ક્રોધિત થઇ પુત્ર ચિરકારીને આજ્ઞા કરી કે તારી માતાનો વધ કરી નાખ. આવો આદેશ આપી પિતા ગૌતમ તપ કરવા માટે ચાલ્યા ગયા. ચિરકારી પિતાના આદેશ પર વિચારવા લાગ્યો. કયા ઉપાય દ્વારા પિતાની આજ્ઞાનું પાલન પણ થાય અને માતાનો વધ પણ ન થાય? પિતાની આજ્ઞા માનવી એ પરમધર્મ છે. તથા માતાની રક્ષા કરવી તે પુત્રનો ધર્મ છે. પુત્ર માતા–પિતાને આધીન હોય છે.[૬૯]

ગૌતમ પુત્ર ચિરકારી માતાનું મહત્વ દર્શાવતા કહે છે –

पुत्रपौत्रीपपन्नोऽपि जननीं यः समाश्रितः ।
अपि वर्षशतस्यान्ते स द्विहायन्नवच्चरेत् ।।

પુત્ર–પૌત્રથી સમ્પન્ન હોવા છતાં જે માતાના આશ્રયે રહે છે તે સો વર્ષની અવસ્થા હોવા છતાં તેમની પાસે બે વર્ષના બાળકની જેમ આચરણ કરે છે.[૭૦]

ચિરકારીએ પિતા અને માતા બંનેનું જીવનમાં અનેરું સ્થાન છે તેમ કહ્યું. આમ તે લાંબા સમય સુધી વિચારતો બેસી રહ્યો. ગૌતમ ઋષિએ પુત્રને કરેલ આદેશ પર વિચારવા લાગ્યા. મારી પત્નીનો કોઇ અપરાધ નથી. પરંતુ બ્રાહ્મણવેશધારી ઇન્દ્ર દોષી છે. ગૌતમ ઋષિ પશ્ચાતાપ કરવા લાગ્યા અને પુત્ર ચિરકારી નામ પ્રમાણે આજે પણ કાર્ય કરે તેવું વિચારવા લાગ્યા. પુત્રને માતાનો વધ ન કરેલ જોઇ પિતા ગૌતમ અતિ પ્રસન્ન થયા અને પુત્રની પ્રશંસા કરવા લાગ્યા.

માતા પ્રેમનું ઝરણું છે. માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માતાના ચરણોમાં છે. બાળકની અવનતી અને ઉન્નતિનો આધાર તેની માતા પર જ છે. માતા કદાપિ મૃત્યુ પામતી નથી. તે માણસની માનસિક ચેતનામાં જીવંત રહે છે. તેથી જ માતા અને માતૃભૂમિને સ્વર્ગથી પણ મહાન કહી છે. ચિરકારી માતાનું ગૌરવ ગાતા રહે છે. મારા મનુષ્ય શરીરનો મુખ્ય હેતુ માતા છે. માતા મનુષ્યના શરીરરૂપી અગ્નિને પ્રકટાવનાર અરણી છે. સુખ અને સાંત્વના પ્રદાન કરનારી માતા છે. માતા જિવિત રહે ત્યા સુધી સનાથ છે અને માતાના મૃત્યુ પછી તે અનાથ બની જાય છે.

માતાનું સ્થાન વિ   માં કોઇ લઇ ન શકે. માતા જેવું પુત્રનું પાલન અન્ય કોઈ કરતુ નથી. માતા વિના સંસાર સૂનો લાગે છે. માતા સમાન કોઇ છાયા નથી. માતા તુલ્ય અન્ય કોઇ સહારો નથી. માતા સમાન કોઇ રક્ષક નથી. બાળક માટે માતા સમાન અન્ય કોઇ પ્રિય વસ્તુ નથી. તે ગર્ભમાં બાળકને ધારણ કરનાર હોવાથી ધાત્રી, જન્મ દેનાર હોવાથી જનની, પાલન પોષણ કરવાથી અંબા તથા વીર સંતાનના પ્રસવને કારણે વીરસૂ કહેવાય છે.[૭૧]

ચિરકારીને મન માતાનું સ્થાન મહત્વનું છે. તે પિતા કરતા પણ ચડિયાતી છે. માતાની એક આંખમાં ક્રોધ અને બીજી આંખમાં પ્રેમ હોય છે. માતા હસાવે છે અને રડાવે છે પણ. ભગવાન પરશૂરામ પણ માતૃભકતત હતા. પિતાની આજ્ઞા અનુસાર તે માતાનો વધ કરે છે પણ વરદાનમાં ફરી માતાને જીવતા થવાનું માગી લે છે. આમ માતા જગતમાં અનન્ય છે.

ચિરકારીએ પિતાનો આદેશ સાંભળી વિચાર્યું કે પિતાની આજ્ઞા પાલન પરમ ધર્મ છે. પિતા સ્વયં પોતાના શીલ, કુળ, સદાચાર અને ગોત્રની રક્ષા માટે સ્ત્રીના ગર્ભમાં આદાન કરે છે, અને પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે. પિતા ભરણ–પોષણ કરનાર, શિક્ષા આપનાર હોવાથી પ્રધાન ગુરૂ છે. તે ધર્મનું સાક્ષાત સ્વરૂપ છે. પિતા પુત્રનું સર્વસ્વ છે. ચિરકારી પણ માતૃ–પિતૃભકતત હતા. અને કોઇપણ કાર્ય કરતા પહેલા તેનો લાંબો વિચાર કરતા. આ તે કતયારેય કાર્યમાં નિષ્ફળ ન નિવડતા હતા.

### ૩.૧૪ ચ્યવન ઉપાખ્યાન :–

મહર્ષિ વ્યાસ રચિત મહાભારતના પ્રસિદ્ધ અનુશાસનપર્વના દાનધર્મ પર્વમાં ૫૦ માં અધ્યાયમાં ચ્યવન ઉપાખ્યાનનું નિરુપણ છે.

ભીષ્મ પિતામહ યુધિષ્ઠિરને ગાયોના મહત્વ સંબંધી પ્રશ્નના જવાબમાં આ ઉપાખ્યાન કહે છે.

ભૃગુ ઋષિના સાત પુત્રો હતા. ચ્યવન પણ તેમનો જ પુત્ર હતો. મહર્ષિ ચ્યવને બાર વર્ષ સુધી પાણીમાં તપ કર્યું તેના પરિણામે ઋષિએ સમગ્ર જળચર પ્રાણી પર સંપૂર્ણ અધિકાર જમાવી લીધો હતો. એક વખત તે જળાશયમાં મલ્લાહોએ જાળ ફેંકી. તે જાળમાં માછલાઓની સાથે ચ્યવન ઋષિને પણ ખેંચી લીધા. પાણીમાં રહેવાને કારણે ચ્યવન ઋષિ જળની લીલથી લપેટાઇ ગયા હતા.

તે જાળમાં ચ્યવન ઋષિ પણ તણાઈ આવ્યા હતા. ચ્યવન ઋષિને જોઈ મલ્લાહો નત મસ્તક નિરાશ થયા હતા. ચ્યવન ઋષિએ મત્સ્યો સાથે પોતાના પ્રાણત્યાગની વાત કરી. કારણ કે તે તેમના સહવાસી હતા.

ચ્યવન ઋષિની વાત સાંભળીને નિષાદ  રાજા નહુષ પાસે ગયા. નહુષ રાજા તત્કાળ ત્યાં પહોંચી ચ્યવન ઋષિનું પૂજન કર્યું અને કહ્યુ.'હું આપનું શું પ્રિય કરું ? આપની આજ્ઞાથી કઠીન કાર્ય પણ પૂર્ણ કરીશ.'[૭૨]

ચ્યવન ઋષિએ કહ્યું, મત્સ્યની સાથે મારું પણ ઉચિત મૂલ્ય ચૂકવી દો. ત્યારે નહુષે મલ્લાહોને એક હજાર સુવર્ણ મુદ્રા આપવા કહ્યું ચ્યવન ઋષિએ તેનો સ્વીકાર કર્યો. અંતે નહુષ એક કરોડ મુદ્રા ચ્યવન ઋષિને આપવા તૈયાર થયા છતાં ચ્યવન ઋષિએ તેનો સ્વીકાર કર્યો નહી અને કહ્યું,

राजन् नार्हाम्यहं कोटिं भूयो वापि महाद्यूते ।

सश्चशं दीयतां मूल्यं ब्रह्मणैः सह चिन्तय ।।

હું એક કરોડમાં અથવા તેનાથી અધિક મુદ્રામાં વિક્રય કરવા યોગ્ય નથી જે મારુ ઉચિત હોય તે મૂલ્ય બ્રાહ્મણો સાથે વિચાર કરી કહો.[૭૩]

ત્યારે એક પુરોહિતનું આગમન થયું. તેમણે રાજા તથા સર્વ મંત્રીઓને આનંદિત કરતા કહ્યું, ' 'બ્રાહ્મણો અને ગાયોનું કુળ એક છે. પરંતુ તે બંને બે રૂપમાં વિભકતત થઇ ગયા છે. બ્રાહ્મણ સર્વ વર્ણોમાં ઉત્તમ છે અને ગાય અમૂલ્ય છે. તેથી આપ તેને એક ગાય પ્રદાન કરો.[૭૪]

પુરોહિતના કહેવાથી ચ્યવન ઋષિને ગાયનું દાન કર્યું. ઋષિએ ગાયનો સ્વીકાર કર્યો અને મત્સ્યોની સાથે મલ્લાહ પણ સ્વર્ગલોકને પ્રાપ્ત થયો. ત્યાર પછી ચ્યવન ઋષિએ નહુષને ધર્મપરાયણ રહેવાનું વરદાન આપ્યુ અને પછિ પોતે આશ્રમમાં પધાર્યા.

ચ્યવન ઋષિ ગાયનું મહત્વ દર્શાવતા કહે છે, ''આ સંસારમાં ગાય સમાન કોઇ ધન નથી. ગાયનું દાન અને તેના દર્શનની શાસ્ત્રોમાં પ્રશંસા કરી છે. ગાય સદા લક્ષ્મી સમાન છે. ગાય મનુષ્યને અન્ન અને દેવતાઓને હવિષ્ય આપનારી છે.''

गायः स्वर्गस्य सोपानं गावः स्वर्गेऽपि पूजिताः ।

गायः कामदुहो देव्यो नान्यत् किंचित परं स्मृतम् ।।

ગાય સ્વર્ગની સીડી છે. ગાય સ્વર્ગમાં પૂજનીય છે. ગાય સમસ્ત કામનાઓને પૂર્ણ કરનાર દેવી છે. તેનાથી શ્રેષ્ઠ અન્ય કોઇ નથી.[૭૫]

ગાયના મહત્વને સ્વીકારીને તેની સુરક્ષા હેતુ વેદ, ઉપનિષદ્, પુરાણ એવં સ્મૃતિ શાસ્ત્રોમાં નિર્દેશ કર્યો છે. ભગવાન શ્રીરામ, શ્રીકૃષ્ણ, ઋષિ મુનિઓ એવં અનેક આચાર્યોએ ગૌ સેવાને પોતાની દૈનિક ચર્ચામાં મુખ્ય ગણી છે.

પ્રસ્તુત ઉપાખ્યાન પરથી ગાય અને ગાયના મહત્વ વિશે જ્ઞાન પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણ અને ગાય અમૂલ્ય છે. બ્રાહ્મણને દક્ષિણામાં ગૌદાન કરવાની પ્રથા પ્રચલિત હતી. ગાયને એક દેવી માની તેની પૂજા કરવામાં આવતી હતી. આમ આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા સમાજને યોગ્ય માર્ગદર્શન મળે તે માટે મહર્ષિ વ્યાસે વિવિધ કથાઓ દ્વારા મહાભારતને સમૃદ્ધ બનાવ્યું છે.

**૩.૧૫ નચિકેતા ઉપાખ્યાન :–**

નચિકેતા ઉપાખ્યાન અનુશાસનપર્વ નામના દાનધર્મપર્વ અંતર્ગત ૭૧ માં અધ્યાયમાં આવે છે.

ઉદ્દાલક ઋષિ યજ્ઞનું અનુષ્ઠાન કરે છે. તે સમયે પુત્ર નચિકેતા નદી તટે રાખેલ યજ્ઞનું સમિધ લાવવા કહ્યું. પરંતુ નચિકેતાને યજ્ઞ સામગ્રી જોવા મળી નહીં. પિતાને આ સમાચાર આપ્યા. જેને કારણે પિતાએ ક્રોધિત થઇ 'यमं पश्येति' કહી શાપ આપ્યો. શાપને કારણે નચિકેતા નિષ્પ્રાણ થઇ ગયો. આ જોઇ પિતા શોકમગ્ન થઇ ગયા. રાત્રિ થતા પુત્ર નચિકેતાના શરીરમાં પ્રાણ સંચાર થયો.

પિતાના પ્રશ્નને કારણે નચિકેતા યમસદનનું વર્ણન કરવા લાગ્યો. યમે નચિકેતાનો આતિથ્ય સત્કાર કર્યો. પછિ નચિકેતાએ પોતે જે લોકમાં જવા યોગ્ય હોય ત્યાં જવાની આજ્ઞા માંગી. યમરાજે કહ્યું તું મૃત્યુ પામ્યો નથી. તારા પિતાના કહેવાથી તે યમરાજને જોય લીધા. તારા પિતા અગ્નિ સમાન તેજસ્વી છે. તેની વાત અસત્ય કેવી રીતે કરે ?[૭૬]

નચિકેતાએ યમ પાસે સમૃદ્ધિશાળી લોકોના દર્શન કરવાનું વરદાન માંગ્યું. નચિકેતાએ પિતાને યમના પુણ્યશાળી લોકોનું વર્ણન કર્યું અને યમ દ્વારા અપાયેલા ગૌદાનના મહિમાને વર્ણવ્યો.

પ્રસ્તુત ઉપરોકતત આખ્યાનમાંથી આજ્ઞાકારી પુત્ર, વત્સલ પિતા, ગૌદાન વગેરે બાબતો ફલિત થાય છે. પિતાની આજ્ઞાનું પાલન કરવું તે પુત્રની નૈતિક ફરજ છે. આજ્ઞાકારી પુત્ર તરીકે ભગવાન્ શ્રીરામ પશ્ચાત નચિકેતાને મૂકી શકાય.

યમરાજા ગાયનું મહત્વ વર્ણવતા નચિકેતાને કહે છે, ‘‘સુપાત્ર બ્રાહ્મણ, ઉત્તમ સમય, વિશિષ્ટ ગૌ તથા દાનની સર્વોત્તમ વિધિ– આ સર્વે જાણીને ગૌદાન કરવું જોઇએ. જે બ્રાહ્મણ સ્વાધ્યાય, યજ્ઞ અનુષ્ઠાનમાં મગ્ન રહે છે તે ગૌદાન માટેનું ઉત્તમ પાત્ર છે. તથા જે વ્યકિતત ગાય પ્રત્યે ક્ષમાશીલ, રક્ષા કરવા માટે તત્ત્યપર, દયાભાવવાળો અને આજીવિકારહિત છે. તેવા બ્રાહ્મણને ગૌદાન માટે ઉત્તમ પાત્ર

માન્યો છે. જે વૃદ્ધ, રોગી, કોઇ મહાન યજ્ઞનું અનુષ્ઠાન કરનાર, હોમ માટે હવિષ્ય પ્રાપ્ત કરનાર, ગુરૂ દક્ષિણા આપવા, બાળકની પુષ્ટિ માટે ગાયના દુધની આવશ્યકતા આવી પડી હોય તેવી વ્યકિતતઓને ગાયનું દાન કરવું જોઇએ. દહેજમાં લાવેલ ગાય દાન માટે ઉત્તમ મનાય છે.[77]

ઉપરોકતત નચિકેતાના પાત્ર દ્વારા આદર્શ પિતૃભકિતતના દર્શન થાય છે. પિતાની આજ્ઞા શિરોમાન્ય રાખવી જોઇએ. જે પિતાની આજ્ઞાનું પાલન કરતો નથી તેને નર્કની પ્રાપ્તિ થાય છે. નચિકેતાના પાત્ર દ્વારા એ જ્ઞાન થાય છે કે વય અને જ્ઞાનને કોઇ સંબંધ નથી. નચિકેતા પોતાની અડગ શ્રદ્ધા અને વિ ાસ દ્વારા બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે છે.

### ૩.૧૬ નકુલ આખ્યાન :

નકુલ આખ્યાન મહાભારતના આ મેધિક પર્વના નકુળ આખ્યાન નામના ૯૦ માં અધ્યાયમાં વર્ણવેલ છે.

આ આખ્યાન વૈશમ્પાયન જનમેજયને કહે છે. યુધિષ્ઠિર યજ્ઞ કરે છે ત્યા નકુલ આવે છે અને મનુષ્ય વાણીમાં બોલે છે યુધિષ્ઠિરનું દાન બ્રાહ્મણની અપેક્ષાએ શૂન્ય છે.

યુધિષ્ઠિરના અ મેઘ યજ્ઞની સમાપ્તિ થાય છે ત્યારે એ નકુલ નામનું પ્રાણી ત્યાં આવીને મનુષ્યની વાણીમાં બોલે છે –

सक्तुप्रस्थेन वो नाचं यज्ञस्तुल्यो नराधिपाः ।

उच्छवृत्तेर्वदान्यस्य कृरूक्षेत्रनिवासिनः ।।

તમારો આ યજ્ઞ કુરુક્ષેત્ર નિવાસી ઉચ્છવૃતિધારી ઉદાર બ્રાહ્મણના એક પ્રસ્થ અનાજના દાન સમાન નથી.[78]

આ નકુલનું વાકતય સાંભળીને બ્રાહ્મણોને આશ્ચર્ય થયુ. એટલા માટે બ્રાહ્મણો તેનું કારણ પૂછવા લાગ્યા. બ્રાહ્મણોએ કહ્યું આ યજ્ઞ શાસ્ત્રીય વિધિ અનુસાર થયો છે. પૂજનીય વ્યકિતતની પૂજા કરી પુષ્કળ દાન કર્યું છે. તેમ છતાં આ યજ્ઞ ઉપર તમે કેમ આક્ષેપ કરો છો?

આ સાંભળીને નકુલ દાનની સધિકતા બતાવતા કહે છે. એક બ્રાહ્મણ સહપરિવાર જીવન નિર્વાહ કરતો હતો. તે શ્રેષ્ઠ બ્રાહ્મણ ત્રણ–ત્રણ દિવસે પરિવાર સાથે ભોજન કરતો. ત્રણ દિવસે ભોજન પ્રાપ્ત ન થાય તો બીજા ત્રણ દિવસ પશ્ચાત ભોજન કરતો. એક વર્ષે ભયંકર દુષ્કાળને કારણે અનેક દિવસ પર્યન્ત ભોજન ન મળ્યું. એક દિવસ એક શેર જવ પ્રાપ્ત થયા, જે સમર્ગ પરિવાર ભાગ પાડી ભોજન કરવા લાગ્યા.

ત્યારે એક બ્રાહ્મણ અતિથિ પધાર્યા. તેનો બ્રાહ્મણ પરિવારે આતિથ્ય સત્કાર કર્યો. બ્રાહ્મણે તેને પોતાના ભાગનું ભોજન આરોગવા કહ્યુ. પરંતુ તે અતિથિને આટલા ભોજનથી સંતોષ ન થયો. તે સમયે

બ્રાહ્મણ પત્નીએ પોતાના ભાગનું ભોજન અર્પણ કર્યું. તેમ છતાં તે અતિથિ સંતુષ્ટ થયા નહી. અંતે તેના પુત્ર અને પુત્રવધૂના ભાગનું અનાજ પણ આરોગી ગયા. ત્યારે બ્રાહ્મણ સંતુષ્ટ થયો આ જોઇ અતિથિ પ્રસન્ન થયા. તે અતિથિ અન્ય કોઇ નહીં, પરંતુ સાક્ષાત્ ધર્મ હતા. તે અતિથિએ સંતુષ્ટ થઇ બ્રાહ્મણને શ્રેષ્ઠ દાની તરીકે ઓળખાવ્યો અને બ્રાહ્મણને સ્વર્ગલોકમાં આવવા કહ્યું અને તેના દાનની પ્રશંસા કરતા કહેવા લાગ્યા.

''ભૂખ માણસની બુદ્ધિને વિકૃત બનાવે છે. ધાર્મિક વિચાર કરતા નથી, ધીરજ ખોઇ બેસે છે, જે ક્ષુધા પર કાબૂ મેળવે છે, તે સ્વર્ગ પર વિજય પ્રાપ્ત કરે છે.''[૭૯]

આ પ્રમાણે અતિથિરૂપે આવેલા ધર્મએ બ્રાહ્મણને ઉપદેશક વચનો કહ્યા.

ધર્મનો ઉપદેશ સાંભળીને તે બ્રાહ્મણ સપરિવાર સ્વર્ગલોકમાં ગયા. ત્યારે નકુલ દરમાંથી નીકળીને ત્યાં નીચે પડેલા અનાજના દાણા પર નકુલના મસ્તકનો સ્પર્શ થયો. બ્રાહ્મણના તપ તથા દાનના પ્રભાવથી નકુલનું મસ્તક સુવર્ણનું બની ગયું. અને અર્ધુ શરીર સુવર્ણનું થઇ ગયું. હવે બીજું અર્ધુ શરીર સુવર્ણનું બનાવવા હું યુધિષ્ઠિરના અ મેઘ યજ્ઞમાં આવ્યો. પરંતુ મને સફળતા મળી નથી. તેથી કહું છું. ''આ યજ્ઞ બ્રાહ્મણના એક પ્રસ્થ અનાજના બરાબર નથી. કારણ કે તે અનાજના કણના સ્પર્શથી મારું અર્ધુ શરીર સુવર્ણનું થઇ ગયું. પરંતુ આ યજ્ઞના દાનથી મારું અર્ધુ શરીર સુવર્ણનું ન થયું.''[૮૦]

બધા બ્રાહ્મણોને આ પ્રમાણે કથા કહીને નકુલ ત્યાંથી ચાલતો થયો.

માણસના જીવનમાં દાનનું મહત્વ છે. દાન હાથનું ઘરેણું છે. મનુષ્યનું તે નિત્યકર્મ છે. માણસે દરરોજ દાન કરવું જોઇએ. આ આખ્યાનમાં બ્રાહ્મણના દાન પાસે યુધિષ્ઠિરના અ મેઘ યજ્ઞનું દાન તુચ્છ લાગે છે. કારણ કે યુધિષ્ઠિરનું દાન ફલાસકિતત રહિત હતું. તેથી યુધિષ્ઠિરના દાન કરતા બ્રાહ્મણનું દાન શ્રેષ્ઠ છે.

''દાન દેવું એમ ફરજ સમજી, બદલાની આશા વિના યોગ્ય સમયે, યોગ્ય વ્યકિતતને જે અપાય તેને 'સાત્ત્યિવક દાન' કહ્યું છે. પરંતુ બદલો મેળવવા માટે જે દાન અપાય તે રાજસ દાન. જે દાન સત્ત્યકાર વગર, તિરસ્કારથી અને અયોગ્ય દેશકાળમાં આપવામાં આવે તેને 'તામસ્ દાન' કહ્યું છે.''[૮૧]

આ આખ્યાનમાં અતિથિરૂપે પધારેલ ધર્મ દાનની મહિમા ગાતા કહે છે, ''શ્રદ્ધાપૂર્વક દાન કરતાં મનુષ્યમાં એક સહસ્ત્ર આપવાની ક્ષમતા હોય તો સોનું દાન કરે. સોની શકિતત હોય તો દસનું દાન કરે. જેની પાસે કશું જ ન હોય તે શકિતત અનુસાર જળદાન કરે તો આ બધા સમાન મનાય છે. ન્યાયોપાર્જિત અન્ન પણ શ્રદ્ધાપૂર્વક આપવાથી પ્રસન્ન્તા અનુભવાય છે.'' અતિથિએ એક પ્રસ્થ અનાજના ફળરૂપે જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે તે રાજસૂય યજ્ઞ અને અ મેઘ યજ્ઞના ફળની અપેક્ષાએ અનેકગણું ઉત્તમ છે, જેને કારણે તેને બ્રહ્મલોકની પ્રાપ્તિ થઇ. તે દરિદ્ર બ્રાહ્મણના દાનના કણના સ્પર્શીથી નકુલનું મસ્તક સુવર્ણનું બની ગયું. આવો ઉત્તમ દાનનો મહિમા છે.

ભારતીય સંસ્કૃતિ પણ દાનને ખૂબ જ મહત્વનું ગણે છે. માણસે પોતાની ક્ષમતા પ્રમાણે યથાયોગ્ય દાન કરવું જોઇએ. દાનની પાછળ માનવતાનો ભાવ છૂપાયેલો છે. માત્ર હિન્દુ ધર્મ જ નહી અન્ય ધર્મો પણ દાનને એટલું જ મહત્વનું ગણે છે.

મહર્ષિ વ્યાસે આખ્યાનો–ઉપાખ્યાનો દ્વારા સમાજને નવિન તત્ત્યવજ્ઞાન આપવાનો નિઃસ્વાર્થ પ્રયત્ન કર્યો છે. નાની–નાની રોચક વાતો દ્વારા સમાજને નીતિ સભર તત્ત્યવજ્ઞાન આપી શકાય છે. ભારતીય સંસ્કૃતિમાં અસંખ્ય પ્રસંગો બની ગયા તે બધા પ્રસંગો માનવજીવનને કંઇ ને કંઇ માર્ગદર્શન આપે છે.

ભારતીય સંસ્કૃતિમાં અસંખ્ય શ્રેષ્ઠ ચરિત્રો થઇ ગયા તે બધા ઉત્તમ નીતિ, તત્ત્યવજ્ઞાનથી ભરેલા છે. ઉપનિષદો જ્ઞાનના ભંડાર સમા છે. તેમાથી માનવજીવનને વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત થાય છે. માણસ સમાજમાં રહે છે તો તેને સમાજમાં રહેવા માટે જ્ઞાનની આવશ્યકતા રહે છે. ત્યારે આવા દ્રષ્ટાંતો સરળ ભાષામાં જ્ઞાન પ્રદાન કરે છે. શ્રેષ્ઠ ચરિત્રો મુશ્કેલ પરિસ્થિતિમાં કેવો માર્ગ અપનાવે છે અને તેમાં પોતાની બુદ્ધિને જેમ સ્થિર રાખી શકે તે જાણવા મળે છે. સામાન્ય માણસ પણ તેનું અનુકરણ કરીને શ્રેષ્ઠ જીવન જીવિ શકે છે.

## ૪.	મહાભારતનું સંસ્કૃત સાહિત્યમાં સ્થાન :–

મહાભારત વિ   સાહિત્યનું સમૃદ્ધ કાવ્ય છે. ભારતવર્ષમાં મહાભારત સારસ્વત નંદનવનનું ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી વિવિધ ફળ પ્રદાન કરનારું કલ્પવૃક્ષ છે. જેવી રીતે ભારતીયો વિ  ના પ્રાચીનમાં પ્રાચીન સાહિત્ય એવા વેદ અને હિમાલય માટે ગૌરવ લે છે તેવું જ સ્થાન વિ  સાહિત્યના ઇતિહાસમાં મહાભારતનું છે. મહાભારત એવો મહાસાગર છે જેમાં અસંખ્ય જ્ઞાનસરિતાઓ મળીને આટલો સમૃદ્ધ બન્યો છે.

'यदहास्ति तदन्यत्र, यन्नेहास्ति न तत्क्वचित्'

– મહાભારત ૧.૬૨.૫૩

જે કાંઇ આમાં છે, તે અન્યત્ર છે. જે અહીં નથી, તે અન્ય કતયાંય નથી. રામાયણ અને મહાભારત આપણી ભારતીય સભ્યતાના શ્રેષ્ઠ ગ્રંથો છે. તે આપણા રાષ્ટ્રીય ઇતિહાસો છે. મહાભારતને આપણે માત્ર વૈદિક ગ્રંથ, પુરાણ, ઇતિહાસ, મહાકાવ્ય કે ધર્મગ્રંથ કહી શકીએ નહીં, તે માત્ર સામાજિક કે સાંસ્કૃતિક ચેતનાનો ગ્રંથ પણ નથી, વાસ્તવમાં તે એક બૃહદ્ રાષ્ટ્રનો આર્ષ ગ્રંથ છે.

મહાભારત જ્ઞાનનો દરિયો છે. તે આર્ય પ્રજાના આચાર, વિચાર, વ્યવહાર અને ધર્મનું રહસ્ય, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, યુદ્ધશાસ્ત્ર, યુદ્ધના વિવિધ કૌશલ્યો, કપટનીતિ, વર્ણાશ્રમના ધર્મો, સ્ત્રીધર્મ, પિતા–પુત્ર, પતિ–પત્ની, ગુરુશિષ્ય, રાજા–પ્રજા વગેરેના પારસ્પરિક ધર્મ, અધ્યાત્મ જ્ઞાન તથા પરમે   રનું નિરૂપણ વગેરે વિષયોનું જ્ઞાન મહાભારતમાં સંગ્રહાયેલું છે.

મહાભારત ઐતિહાસિક મહાકાવ્ય છે. તેમાં ફકતત કૌરવો અને પાંડવોના ઇતિહાસનું વર્ણન જ માત્ર મહાભારત ગ્રંથનું પ્રયોજન નથી, તેમાં આપણા હિન્દુ ધર્મનું વિસ્તૃત વર્ણન છે. માનવજીવન અને ભૌતિકજીવનની નિઃસારતા દર્શાવીને તેને મોક્ષમાર્ગ તરફ પ્રવૃત કરવાનું આ ગ્રંથનું મુખ્ય પ્રયોજન છે. પાંડવોનો કૌરવો ઉપરનો જય માત્ર ભૌતિક વિજય નથી, પરંતુ સનાતન ધર્મનો, સંસ્કૃતિનો વિજય છે.

મહાભારત સંસ્કૃત સાહિત્યનું અદ્વિતીય મહાકાવ્ય છે. એટલા માટે સંસ્કૃત સાહિત્યમાં તેને ખૂબ આદરથી જોવામાં આવે છે. રામાયણ–મહાભારતમાં વૈદિક આદર્શોનો અમલ કરી રચાયેલી સત્યજીવનની વાસ્તવિકતા ઉપસાવવામાં આવી છે, અને વાચકોને પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવ્યું છે, આ દષ્ટિએ રામાયણ અને મહાભારત વેદના પૂરક ગ્રંથો છે. તેમાંયે મહાભારતની તો 'પંચમવેદ' તરીકે ગણના થાય છે.[૮૨]

ભારતના પ્રાચીન ઇતિહાસ અને જગતના ઇતિહાસમાં મહાભારત મહાકાવ્યની ઉત્પત્તિ સાંસ્કતિક અને સાહિત્યિક બંને દષ્ટિએ ક્રાંતિકારી અને શકવર્તી બનાવે છે. મહાભારતના યુદ્ધના મૂળ બનાવની આસપાસ રચાયેલો જ્ઞાનચક્ર જેવો મહાભારત ગ્રંથ અસંખ્ય આડકથાઓથી ધર્મ, નીતિ અને સદાચારના બોધથી તેમજ લોકભોગ્ય આલેખનશૈલીથી

સંસ્કૃત સાહિત્યમાં રામાયણ પછી જો કોઇ મહાકાવ્ય સ્થાન પામ્યુ હોય તો તે મહાભારત છે. તે લોકોના દિલો પર હજીપણ રાજ કરે છે. સંસ્કૃત સાહિત્ય ખૂબ જ વિશાળ છે તેમા આ બે મહાકાવ્યોનું સ્થાન શિરોમોર છે, કારણ કે આ બંને આર્ષ મહાકાવ્યો છે. આર્ષ હોવાને લીધે તેનું મહત્વ વધી જાય છે. રામાયણ–મહાભારત જેવા આર્ષકાવ્યોના આધારે જ કાલિદાસ વગેરે કવિઓએ મહાકાવ્યનું સર્જન કર્યું, જે પાછળથી મહાકાવ્ય તરીકે પ્રસિદ્ધ થયા.

રામાયણ–મહાભારત બંને આર્ષકાવ્યો કેવળ કાલ્પનિક નથી તે મનુષ્ય જીવનના ઉદેશ્યરૂપ ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચતુર્વિધ પુરુષાર્થની શિક્ષા આપે છે. તે લૌકિક ભાવોની સાથે–સાથે ઐતિહાસિક ઘટનાને પણ રજૂ કરે છે. આ માટે જ તે સંસ્કૃત સાહિત્યમાં સ્થાન પામ્યુ છે.

મહાભારત સંસ્કૃત સાહિત્યની શાન સમુ છે. મહાભારત મહાકવિ વ્યાસની શીઘ્રકવિતાથી મંડિત રચના છે. વ્યાસજીએ જ ારે બ્રહ્માને કહ્યુ કે ''મે એક કાવ્ય મનોમન શબ્દબદ્ધ કર્યું છે.'' ત્યારે તેનું તાત્પર્ય એટલુ જ કે વ્યાસજીએ મહાભારતના સંપૂર્ણ કથાવસ્તુને પોતાના મનમાં વિચારી લીધું. આ રીતે રામાયણ અને મહાભારત બંને સ્વયંસ્ફૂરિત કાવ્યો કહી શકાય છે. જે બંને પ્રાચીન મહાકાવ્યો છે.

મહાભારતની કથાવસ્તુ જોતા તેમાં વિષય વૈવિધ્ય, કથાઓ, ઉપકથાઓ, આખ્યાન, પ્રશ્નોતરી વર્ણનો, બોધ–સ્તુતિ વગેરેને કારણે તેનું સ્વરૂપ ઘનઘોર જંગલ જેવું લાગે છે. મહાભારતમાં વહેતી કથાધારા મુકતત, અનેક રસોથી યુકતત વહેતી ભાવાભિયુકતત વસ્તુ કથાને સુવ્યવસ્થિત અને આસ્વાદિક બનાવે છે. અનેક કથાઓ હોવા છતા પણ મૂળ કથા ખૂબ જ રસપ્રદ છે. તે માટે આ મહાભારત આર્ષ મહાકાવ્ય છે, અને તે સંસ્કૃત સાહિત્યમાં સ્થાન પામ્યું છે.

મહાભારતમાં સંસ્કૃત સાહિત્યના બધા લક્ષણો જોવા મળે છે. અન્ય મહાકાવ્યના સ્વરૂપ કરતા મહાભારતનું સ્વરૂપ જુદુ અને વ્યાપક છે. ભારતીય વિદ્વાનો મહાભારતને મહાકાવ્ય કહેવાને બદલે ' ઈતિહાસ', 'પુરાણ' અને 'આખ્યાન' કહે છે. તેમ છતાં મહાભારતને મહાકાવ્યના સ્વરૂપ ઘડતરમાં અનન્ય ફાળો આપ્યો છે. કાવ્યરચનાને અનુકૂળ પ્રસંગ મહાભારતમાં વ્યાપક પ્રમાણમાં દષ્ટિગોચર થાય છે. વર્તમાન સર્જકોએ પોતાના કાવ્યોમાં જે રચના કરી છે તે મહાભારતના આધારે કરી છે. મહાભારતના આદિપર્વની શરૂઆતમાં મહાભારતને મહાકાવ્ય નહીં પરંતુ પૂર્ણ સાહિત્ય કહ્યું છે.

મહાભારત શબ્દથી જ મનમાં વિશાળ વસ્તુની કલ્પના ઉપસ્થિત થાય છે. કાવ્ય રચનાને અનુકૂળ પ્રસંગ મહાભારતમાં એટલા ક્રમબદ્ધ તથા વૈવિધ્યથી ભરપૂર છે કે પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના કવિઓએ જે પ્રસંગોનું વર્ણન કર્યુ છે તે બધાના બીજ મહાભારતમાંથી મળી આવે છે.

મહાભારતની કથા વિશાળતા, તેનું પ્રસંગ વર્ણન તથા રસ નિરૂપણને કારણે તેને સંસ્કૃત સાહિત્યમાં સ્થાન મળ્યું છે. જ ાં સુધી પૃથ્વી ઉપર લોકોનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી સંસ્કૃત સાહિત્યમાં રામાયણ અને મહાભારતનું સ્થાન અમર રહેશે.

## ૫. મહાભારત આદિકાવ્ય તરીકે :–

મહાભારત સંસ્કૃત સાહિત્યનું આદિકાવ્ય છે. પ્રાચીન શ્રેષ્ઠ મહાકાવ્યોમાં રામાયણ અને મહાભારત આવે છે. રામાયણ–મહાભારત જેવા આદિકાવ્યોના આધારે જ કાલિદાસાદિ કવિઓએ મહાકાવ્યનું સર્જન કર્યું. મહાભારત પ્રાચીન શ્રેષ્ઠ મહાકાવ્ય છે કારણ કે તે પછીના બધા જ કવિઓએ પોતાની કૃતિઓ મહાભારતની કથાવસ્તુનો આધાર લઈને અથાવ તેનું અનુકરણ કરીને રચવાનો પ્રયત્ન કર્યો છે.

મહાભારત આદિકાવ્ય, આર્ષ કાવ્ય છે. વિ નાથે સાહિત્ય દર્પણમાં રામાયણ મહાભારતને આર્ષ વિશેષણથી જોડી તેમની પ્રાથમિકતા, પ્રાચીનતા, પ્રામાણિકતા, પવિત્રતા વગેરે ગુણોને વ્યકતત કરતુ સંસ્કૃતિ જન્ય મહાકાવ્યથી ભિન્ન કર્યું.[૮૩]

તત્કાલિન માનવની અતિમાનુષીય તત્ત્યવ પરની શ્રદ્ધાને કારણે દેવ–દાનવોની યોજના કરી હોય, ધર્મ સ્વરૂપ રામ અને પાંડવોના રસ્તામાં વિવિધતા અને અવરોધ છે. તે માત્ર સદ્‌ગુણ અને દુર્ગુણનું પ્રતિક છે. દ્રોપદીનું સ્વાભિમાન, રાવણ પર સ્ત્રી તરફની વિકારયુકતત દષ્ટિ, ભીમનું સાહસ, યુધિષ્ઠિરની ધૈર્યવૃત્તિ, સાવિત્રીની પતિભકિતત, દુર્યોધન–દુઃશાસનની દીર્ઘ દ્વૈષવૃત્તિ, શકુનિની કપટવૃત્તિ વગેરેનું સૂક્ષ્મ વર્ણન છે. પ્રાચીન તત્કાલિન સમયની સ્થિતિ દર્શાવતું મહાભારત વિ નું આદિકાવ્ય છે.

સંસ્કૃત સાહિત્યના મોટા ભાગના કવિઓને પોતાના કાવ્યની પ્રેરણા મહાભારતમાંથી મળી છે. મહાભારત વિશાળ સાગર છે અને કવિઓ તે સાગરમાંથી એક રત્ન ઉપાડીને કંઈક નવું સર્જન કરે છે. મહાભારત ખૂબ જ પ્રાચીન એટલે સંપૂર્ણ ઈતિહાસનું વર્ણન તેમાં જોવા મળે છે. આર્યોનો સંયમ અને સાહસ, ધૈર્ય અને ભય, સહૃદયતા, ત્યાગ, ઉદારતા, વિશાલતા, કૃપણતા અને સંકુચિતતા આદિ ગુણોનું વર્ણન જોવા મળે છે. આ બધા વર્ણનો આદિકાવ્ય મહાભારતમાં જોવા મળે છે. સંસારમાં જેટલાં શ્રેષ્ઠ કવિ થશે, એમના કાવ્યને પ્રેરણા માટે મહાભારત મૂળ આશ્રય સ્થાન રહેશે.

મહાભારતમાં ભારતીય આર્યવંશોના સંપૂર્ણ ગુણોનું વર્ણન સમાવિષ્ટ છે. તેમાં કૌરવો–પાંડવોના યુદ્ધની કથા કેન્દ્રસ્થાને છે અને તેની આસપાસ અનેક નાની–મોટી કથાઓ વર્ણવવામાં આવી છે. આ કથા વકતતા અને શ્રોતા વચ્ચે થયેલા સંવાદરૂપે રજૂ થાય છે.

મહર્ષિ વ્યાસની રચના મહાભારતને પ્રથમ 'જય' નામ આપવામાં આવ્યું હતુ. વ્યાસના શિષ્ય વૈશમ્પાયને તે 'જય' કાવ્યમાં થોડા ઉમેરા સાથે એટલે કે 'ભારત' રૂપે તે કાવ્ય જનમેજયને કહી સંભળાવ્યું. સૌતિ ઉગ્રશ્રવાએ તે 'ભારત' કાવ્યમાં અન્ય કેટલાક ઉપાખ્યાન ઉમેરીને 'મહાભારત' ઈતિહાસ કાવ્ય બનાવીને તે શૌનકાદિ ઋષિઓને સંભળાવ્યું. એટલે આ કાવ્ય વિકસતા પ્રાચીન આદિ કાવ્ય બનીને મહાકાવ્ય બન્યું. મહાભારત કથાનક પ્રધાન હોવાની સાથે અન્ય વર્ણનો પ્રાપ્ત થાય છે.[૮૪]

આદિ કાવ્ય મહાભારત સંવાદાત્મક શૈલીમાં રજૂ કરવા ઉપરાંત તેને પર્વ, ઉપપર્વ, અધ્યાય અને શ્લોકોમાં વિભકતત કરવામાં આવ્યુ છે. શ્લોકોમાં વધુ પડતા અનુષ્ટુપ છંદ ઉપજાતિ અને વંશસ્થ છંદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. મહાભારતમાં અતિમાનુષ તત્ત્યવોનું વર્ણન મળે છે. ઇન્દ્ર, અગ્નિ, વરુણ, બ્રહ્મદેવ, વિષ્ણુ, શંકર વગેરે દેવો તથા રાક્ષસોનો માનવીય વ્યવહાર આ આદિકાવ્ય મહાભારતમાં જોવા મળે છે.

મહાભારતમાં માનવજીવન નિયતિ દ્વારા ચાલે છે તે સ્પષ્ટ થાય છે. અભિમન્યુનું યુવા કાળે મૃત્યુ, યુધિષ્ઠિરને જુગારનો મોહ આ બધુ નિયતિ દ્વારા થાય છે. સભાપર્વમાં વર્ણન છે કે કાળ લાકડી લઇને મારતો નથી પણ તે દરેકની બુદ્ધિને પરિવર્તીત કરી દે છે. ઋગ્વેદના સંવાદ સૂકતતો, સ્તુતિઓ, ઇન્દ્ર જેવા વીર યોદ્ધાઓની સ્તુતિમાંથી વિવિધ આખ્યાનો વિકાસ પામ્યા. આવા આખ્યાનોમાંથી પ્રેરણા લઇને વાલ્મીકિ અને વ્યાસ જેવા મહાન કવિઓએ ‘રામાયણ’ અને ‘મહાભારત’ જેવા આદિ કાવ્યોની રચના કરી.

ભારતીય પરંપરામાં રામાયણ–મહાભારતને વાલ્મીકિ અને વ્યાસની માત્ર કવિ કલ્પનાનું સર્જ ગણવામાં નથી આવ્યા કે લોકોને ઉપદેશતું રૂપક નથી. આર્ષ પ્રજામાં એકપત્નીત્વ તથા પિતાના આજ્ઞાંકિત પુત્ર તરીકે આદર્શ મૂર્તિ શ્રીરામ કે પરાક્રમી વીર પાંડવો કુશળ રાજનીતિજ્ઞ શ્રીકૃષ્ણએ ઐતિહાસિક પાત્રો છે. તેથી રામાયણ મહાભારતને ઇતિહાસ કહ્યા છે.

મહાભારત આદિ કાવ્ય છે તેમાં કોઇ શંકા નથી. મહભારત રત્નાકર સમાન છે. જે ઇતિહાસ, વિજ્ઞાન, આયુર્વેદ, ગણિત જેવા અમૂલ્ય રત્નોથી પૂર્ણ છે. મહાભારતના વર્ણ્ય વિષય જ્ઞાનના ભંડાર મનાય છે. પ્રાચીન ભારતની સભ્યતા, વૈભવ, જનજીવન આદિ મહાભારતમાં વર્ણિત છે. મહાભારત જેટલી જ મહત્વની તેની અન્ય કથાઓ છે. જે આખ્યાનો–ઉપાખ્યાનોથી પ્રસિદ્ધ અન્ય કથાઓ છે. માનવજીવનની અનેકવિધ ઘટનાઓને આટલી સૂક્ષ્મતાથી અને વાસ્તવિકતાથી આલેખનાર આ મહાકાવ્યના અંતરંગમાં આટલો વ્યાપક અને સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થ રહેલો છે.

આદિકાવ્ય મહાભારતના આખ્યાનોમાં ત્યાગ, વૈરાગ્ય, ધર્મ–અધર્મ, નીતિ–અનીતિ, પાપ–પુણ્ય, હિંસા–અહિંસા વગેરે બાબતોને સ્પષ્ટ કરે છે. તેના આખ્યાનોમાં પ્રાચીન માનવ્ય જીવનનું વર્ણન જોવા મળે છે તેને કારણે આપણે તેને આ દિકાવ્ય કહી શકીએ. પ્રાચીન સમયના લોકોનું માનવજીવન શિસ્તબદ્ધ અને નીતિસભર હતું. તેના જીવનના ઉચ્ચ અને દિવ્ય ગુણો આજપણ લોકોને ઉપયોગી નીવડે છે. તે કથાઓનું વર્ણન મહાભારતમાં કરવામાં આવ્યું છે તેને આધારે આપણે કહી શકીએ કે મહાભારત આદિ કાવ્ય છે.

ભારતીય સંસ્કૃતિમાં અને સાહિત્યમાં મહાભારતનું સ્થાન વિશિષ્ટ છે. મહાભારત મહર્ષિ વ્યાસની બુદ્ધિનું ફળ છે. સંસ્કૃત ભાષાના મહાકાવ્યાના શ્રીગણેશ સાથે જ મહાભારતનું નામ અવશ્ય આવે છે.

મહાભારત આપણી સંસ્કૃતિ અને સભ્યતાના બિંદુ સમાન છે. સંસ્કૃત સાહિત્યની અનુપમ ભેટ છે. મહાભારતને વિ  કોષ તરીકે પ્રસિદ્ધિ મળી છે. મહાભારત સમગ્ર વિદ્યાનો અક્ષયકોષ છે. મહાભારતના આદિપર્વમાં સ્વયં વેદ વ્યાસે બ્રહ્માને કહ્યું છે, ''મેં આ સંપૂર્ણ લોકમાં પૂજિત કાવ્યની રચના કરી છે, જેમાં વેદોના ગુપ્તતમ રહસ્ય તથા અન્ય સર્વ–શાસ્ત્રનો સાર સંકલિત કરીને સ્થાપિત કર્યો છે. માત્ર વેદોનું જ નહીં પરંતુ ઉપનિષદોનું પણ આમા વિસ્તારથી નિરૂપણ કર્યું છે.  એટલા માટે મહાભારતને આપણે આદિકાવ્ય કહી શકીએ છીએ.

મહાભારતને આદિ મહાકાવ્ય કહી શકીએ કારણ કે આ ગ્રંથમાં ઈતિહાસ અને પુરાણોનું મંથન કરીને તેનું પ્રશસ્ત રૂપ પ્રગટ કર્યું છે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળ ત્રણે સંજ્ઞાઓનું વર્ણન થયું છે. પ્રાચીન શાસ્ત્રોમાં જેનું વર્ણન છે તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ ચારે વર્ણોના કર્તવ્યનું વિધાન તથા પુરાણના બધા મૂળતત્ત્યવો પ્રગટ થયા છે. તપ એવં બ્રહ્મચર્યનું સ્વરૂપ, અનુષ્ઠાન, પૃથ્વીપ ચંદ્રમા, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, સતયુગ, ત્રેતા, દ્વાપર, કલિયુગ આ સર્વના પરિણામ અને પ્રમાણ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને તેના આધ્યાત્મિક અભિપ્રાય તથા અધ્યાત્મશાસ્ત્રનું મહાભારતમાં વિસ્તૃત વર્ણન જોવા મળે છે.

પ્રાચીન સમયમાં ઘણીબધી વિદ્યાઓ અસ્તિત્વમાં હતી. ન્યાય, શિક્ષા, ચિકિત્સા, દાન તથા પાશુપતશાસ્ત્રનું નિરૂપણ છે. તથા સાથે એ પણ બતાવવામાં આવ્યું છે કે મનુષ્ય વગેરેના ભિન્ન–ભિન્ન યોનિઓમાં જન્મનું કારણ શું છે? લોકપાવનતીર્થો, નદીઓ, પર્વતો, દેશો, સમુદ્રો, વનો, દિવ્યનગરો, કિલ્લાઓના નિર્માણનું કૌશલ્ય તથા યુદ્ધની કુશળતાનું વર્ણન છે. આ બધા પ્રાચીન કૌશલ્યનું વર્ણન મહાભારત મહાકાવ્યમાં જોવા મળે છે. તેને આધારે આપણે કહી શકીએ કે મહાભારત આદિ મહાકાવ્ય છે. ભિન્ન–ભિન્ન ભાષાઓ અને ગતિઓની જે વિશેષતાઓ છે તથા લોકોપયોગી પદાર્થો છે તે બધાનું આમા વિસ્તૃત વર્ણન જોવા મળે છે.

આમ મહાભારતમાં વિષયનું વૈવિધ્ય જોવા મળે છે. પ્રાચીન સમયની તત્કાલિન સ્થિતિનું વર્ણન તેમાં જોવા મળે છે. મહાભારતમાં માનવના માત્ર સામાજિક, આર્થિક અને ધાર્મિક પક્ષોનું જ મૂલ્યાંકન નથી કર્યું, પરંતુ સાંસ્કૃતિકસ્ત્રોતરૂપ મહાકાવ્ય દ્વારા સ્વદેશભકિતત અને પ્રેમના ભાવોને ઉજાગર કર્યા છે. મહાભારતના મૂળ આધ્યાત્મિકતત્વો અને સિદ્ધાંતો ઈ  ર, જીવ, આત્મા લોકપરલોક, ભાગ્ય–કર્મ, પાપ–પુણ્ય, સ્વર્ગ–નર્ક, જ્ઞાન–ભકિતત, પુર્નજન્મ, પ્રવૃતિ–નિવૃતિ, વગેરે વિભિન્ન વિષયો પર મનુષ્ય ના વ્યકિતતગત ચિંતન અને ધારણા પ્રત્યે અહીં સહિષ્ણુ માનસિકતાનો વિકાસ થાય તેવા વર્ણનો પ્રસ્તુત થયા છે. આ બધા વર્ણનો મહાભારતને પ્રાચીન સમયમાં મૂકે છે એટલે જ મહાભારતને આદિ મહાકાવ્ય કહી શકાય.

## ૬. મહાભારતના વર્ણ્ય–વિષયો :–

મહાભારત સંસ્કૃત સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓમાંની એક છે. મહાભારતમાં અલગ–અલગ વિષયોનું સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે. મહાભારતના વિષયો જ એટલા રસપ્રદ લાગે છે કે દરેક જનમાનસને તે આનંદદાયક લાગે છે. મહાભારતની કથાવસ્તુ શ્રોતાઓને પકડી રાખે છે. મહાભારત વર્તમાન સમયમાં પણ લોકોને એટલું જ ઉપયોગી નિવડી શકે તેમ છે. તે લોકોન સાચું માનવ્ય જીવન જીવતા શીખવાડે છે. તેની કથાઓ–ઉપકથાઓ માહિતી અને જ્ઞાન સભર હોય છે. જે નીતિ અને પ્રામાણિકતા શીખવાડે છે.

મહાભારત જ્ઞાન સભર ગ્રંથ છે. તે નીતિ જ્ઞાન, પ્રામાણિકતા, કૃતજ્ઞતા વગેરે વિશિષ્ટ ગુણો શિખવાડે છે. મહાભારતમા સંગ્રહિત શ્રીમદ્ ભગવદ્ગીતામાં વિ   સાહિત્યનું ટોચનું તત્વજ્ઞાન સમાયેલું છે. શ્રીમદ્ ભગવદ્ગીતા માનવ્ય જીવનને ડગલે ને પગલે શ્રેષ્ઠ માર્ગદર્શન આપે છે. ગીતામાં શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે સંવાદ આવે છે. અર્જુન જ ારે હતાશ થઇને થાકીને બેસી જાય છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ તેને ગીતાનું અમૂલ્ય તત્વજ્ઞાન કહી સંભળાવે છે. ગીતાનું તત્વજ્ઞાન સૂતેલાને ઉભો કરે છે અને ઉભેલાને ચાલતો કરે છે. આ અમૂલ્ય જ્ઞાન મહાભારતમાં સંગૃહીત છે.

મહાભારતમાં ૧૮ પર્વો છે. મહર્ષિ વ્યાસજીએ જ્ઞાનના સાગર સમાન વિશાળ ગ્રંથની રચના કરી છે. વ્યાસજીને ૧૮ ની સંખ્યા ખૂબ જ પ્રિય હોય તેમ લાગે છે. શ્રીમદ્ ભગવદગીતાના ૧૮ અધ્યાય છે, પુરાણોની સંખ્યા ૧૮ છે, મહાભારતનું યુદ્ધ પણ ૧૮ દિવસ સુધી ચાલ્યુ હતુ. મહાભારતના યુદ્ધમાં ૧૮ અક્ષૌહિણી સૈન્ય હતું. બન્ને પક્ષોના સેનાપતિ પણ ૧૮ હતા. સ્થિતપ્રજ્ઞના લક્ષણો પણ ૧૮ છે. યાદવાસ્થળી પણ યુદ્ધ પછી ૧૮ મા વર્ષે થઈ હતી. મહાભારતના યુદ્ધ પછી ૧૮ મા વર્ષે ધૃતરાષ્ટ્રનો દેહાંત થયો હતો. આમ મહાભારતમા ૧૮ અંકનું મહત્વ રહેલું છે.

મહાભારતના ૧૮ પર્વોમાં અનેક ઉપપર્વો છે અને તે બધા મળીને એક લાખ જેટલા શ્લોકોની સંખ્યા થાય છે. મહાભારતના પર્વો, ઉપપર્વો તથા અધ્યાયો વિશે વિસ્તૃત માહિતી આપી છે.

### (૧) આદિપર્વ ::

મહાભારતના પ્રથમ પર્વનું નામ આદિપર્વ છે. આ પર્વમાં ૨૨૭ અધ્યાય અને ૮૮૮૪ શ્લોકો છે તથા ૧૯ ઉપપર્વ છે.[૮૫]

આદિપર્વમાં ૧૯ ઉપપર્વો છે જે આ પ્રમાણે છે.

૧) અનુક્રમણિકા પર્વ

૨) પર્વસંગ્રહ પર્વ

૩) પૌષ્ય પર્વ

૪) પૌલોમ પર્વ

૫) આસ્તિક પર્વ

૬) અંશાવતરણ પર્વ

૭) સમ્ભવ પર્વ

૮) જતુ પર્વ

૯) હિડિમ્બ વધ પર્વ

૧૦) બક વધ પર્વ

૧૧) ચૈતરથ પર્વ

૧૨) સ્વયંવર પર્વ

૧૩) વૈવાહિક પર્વ

૧૪) વિદુરાગમન રાજયલમ્ભ પર્વ

૧૫) અર્જુન વનવાસ પર્વ

૧૬) સુભદ્રાહરણ પર્વ

૧૭) હરણાહરણ પર્વ

૧૮) ખાંડવદાહ પર્વ

૧૯) મય દર્શન પર્વ

ઉપરોકતત ૧૯ પર્વોમાં મહાભારતની રોચકકથા વર્ણિત છે.

આદિપર્વના પ્રથમ ઉપપર્વ અનુક્રમણિકા પર્વમાં ગ્રંથનું મહાત્મ્ય છે.

બીજા ઉપપર્વ પર્વસંગ્રહ પર્વમાં મહાભારતના વર્ણ્યવિષયનું વિસ્તૃત વર્ણન છે.

ત્રીજા પર્વમાં ઉત્તઙ્કના માહાત્મ્યનું વર્ણન છે.

પૌલોમ પર્વમાં ભૃગુવંશમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યુ છે.

આસ્તિક પર્વમાં નાગ અને ગરુડની ઉત્પત્તિની કથા વર્ણવવામાં આવી છે. તે ઉપરાંત ક્ષીરસાગર મંથન અને ઉચ્ચૈશ્રવા અ  ના જન્મની કથા છે.

સંભવ પર્વમાં મરીચ વગેરે મહર્ષિઓ તથા અદિતિ વગેરે દક્ષપુત્રીઓના જન્મની કથા છે. તે ઉપરાંત શકુન્તલા–દુષ્યંતની કથા, યયાતિ કથા, શાંતનું રાજાના ગંગા સાથે લગ્ન, મત્સ્યગંધા સત્યવતી સાથે રાજા શાંતનુના પુર્નવિવાહ, ભીષ્મ પિતામહના જન્મની કથા, મહર્ષિ વ્યાસજી વિચિત્રવીર્યની પત્નીઓ સાથે નિયોગ પદ્ધતિથી સંતાન ઉત્પત્તિની કથા, ધૃતરાષ્ટ્ર, પાંડુ તથા મહાત્મા વિદુરના જન્મની કથા, પાંડુ રાજાનું અકાળે અવસાન વગેરે કથાઓ આવે છે.

જતુગૃહ પર્વમાં પાંડવો વારણાવતમાં જાય છે તેનું વર્ણન, મહાત્મા વિદુર વારણાવતમાં પાંડવો પાસે સુરંગ ખોદાવે છે તેવું વર્ણન તથા પાંડવોનું બહાર નીકળી જવું વગેરે કથાઓ આવે છે.

હિડિમ્બા વધ પર્વમાં પાંડવોના વનવાસ દરમ્યાન રસ્તામાં હિડિમ્બાસુરનો ભેટો અને ભીમ દ્વારા તેનો વધ, ત્યારપછી ઘટોત્કચના જન્મની કથા આવે છે.

બકવધ પર્વમાં એકચકાનગરીમાં મહર્ષિ વ્યાસજીનું પાંડો સાથે મિલન થાય છે.

ચૈત્રરથમાં દ્રોણાચાર્ય અને દ્રુપદ રાજાની કથા આવે છે. દ્રોણાચાર્ય દ્રુપદરાજાને અપમાનિત કરે છે, ત્યારપછી દ્રોપદીનું પ્રાગટ કથા, દ્રોપદી સ્વયંવર, વિ મિત્ર અને વશિષ્ઠના ઝઘડાની કથા તથા ઔર્વઆખ્યાન ઈત્યાદિ કથા આવે છે.

સ્વયંવર પર્વમાં દ્રોપદીના પાંચ પાંડવો સાથે લગ્ન થાય છે તે કથાનું વર્ણન છે.

વૈવાહિક પર્વમાં પાંડવોના દ્રોપદી સાથે વિવાહ પૂર્ણ થાય છે, ભીષ્મ તથા વિદુરની સલાહથી પાંડવોને અર્ધુ રાજ સોંપવું. તથા આ પર્વમાં સુન્દ–ઉપસુન્દની કથા આવે છે.

અર્જુન વનવાસપર્વમાં અર્જુન દ્વારા નિયમ ભંગ થાય છે અને તેને વનવાસમાં જવું પડે છે. વનવાસ દરમ્યાન અર્જુનના ઉલૂપી, ચિત્રાંગદા સાથે લગ્ન, શ્રીકૃષ્ણ સાથે મિલન તથા શ્રીકૃષ્ણ સાથે દ્વારકા ગમનની કથા આવે છે.

સુભદ્રાહરણ પર્વમાં અર્જુન અને સુભદ્રાની કથા આવે છે. અર્જુનની સુભદ્રા પ્રત્યે આસકિતત, શ્રીકૃષ્ણની સહાયતા દ્વારા સુભદ્રાહરણ, અભિમન્યુ તથા દ્રોપદીના પુત્રના જન્મની કથા, તથા સંસ્કાર અને શિક્ષાના પ્રસંગની કથાઓ આવે છે.

ખાંડવદાહ પર્વમાં અગ્નિવેશમાં અર્જુન તથા શ્રીકૃષ્ણનું અગ્નિ સાથે મિલન, ખાંડવ દાહ પ્રસંગ તથા મય દાનવની શાપ મુકિતત વગેરે વિવિધ કથાઓ આવે છે.

મયદર્શન પર્વમાં મય દાનવે પાંડવો માટે વિચિત્ર પ્રકારની સભાનું નિર્માણ કર્યું તેની કથા આવે છે.

**(૨) સભાપર્વ ::**

સભાપર્વમાં ૭૮ અધ્યાય છે. તે ઉપરાંત ૧૦ ઉપપર્વ અને ૨૫૧૧ શ્લોકોની સંખ્યા છે.[૯૬]

સભાપર્વમાં ૧૦ ઉપપર્વો છે, જે નીચે પ્રમાણે છેઃ

૧. સભાક્રિયા પર્વ

૨. લોકપાલ સભાખ્યાન પર્વ

૩. રાજસૂયારમ્ભ પર્વ

૪. જરાસંઘવધ પર્વ

૫. દિગ્વિજય પર્વ

૬. રાજસૂય પર્વ

૭. અર્ધાભિહરણ પર્વ

૮. શિશુપાલવધ પર્વ

૯. દ્યૂત પર્વ

૧૦. અનુદ્યૂત પર્વ

મહાભારતના આદિપર્વના મયદર્શન પર્વ પછી સભાક્રિયા પર્વ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણના આદેશ અનુસાર મય દાનવ ખાંડવવનમાં એક સરસ મજાના ભવનનું નિર્માણ કરે છે. તથા અર્જુનને શંખ અને ગદા આપે છે.

લોકપાલ સભાખ્યાન પર્વમાં નારદ મુનિના મહારાજ યુધિષ્ઠિરની રાજસભામાં આવવું, નારદ મુનિનો ઉપદેશ, રાજસૂય યજ્ઞના અનુષ્ઠાનનો પ્રારંભ વગેરે કથાઓ આવે છે.

રાજસૂયારમ્ભ પર્વમાં યુધિષ્ઠિરનો અન્ય પાંડવો સાથે રાજસૂય યજ્ઞની વાતચીત, સંપૂર્ણ સૃષ્ટિનું શાસન મેળવવાની ભગવાન શ્રીકૃષ્ણની સલાહ, જરાસંઘવધનો નિર્ણય વગેરે કથાઓ આવે છે.

જરાસંઘવધ પર્વમાં ભીમ અને જરાસંઘના યુદ્ધનું વર્ણન આવે છે. જરાસંઘના મૃત્યુ બાદ તેમણે બંધક બનાવેલા રાજાઓની મુકિતતની કથા આવે છે.

દિગ્વિજય પર્વમાં પાંડવોના વિ   વિજય માટે પ્રસ્થાન કરવાની કથા આવે છે.

રાજસૂય પર્વમાં શ્રીકૃષ્ણની આજ્ઞાથી યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરે છે અને તેની દીક્ષા ગ્રહણ કરે છે.

અર્ધાભિહરણ પર્વમાં ભીષ્મની સંમતિથી શ્રીકૃષ્ણની અગ્રપૂજા કરવામાં આવે છે, ત્યારે શિશૂપાલ તેનો વિરોધ દર્શાવે છે તેવી કથાનું વિસ્તારપૂર્વક વર્ણન આવે છે.

શિશુપાલ વધ પર્વમાં શિશુપાલ ભીષ્મ પિતામહની નિંદા કરે છે, ત્યારે ભીષ્મપિતામહ ખૂબ જ ક્રોધિત થાય છે. ત્યારપછી ભગવાન શ્રીકૃષ્ણ સુદર્શન ચક્ર વડે શિશુપાલનો વધ કરે છે.

દ્યૂત પર્વની શરૂઆત મહર્ષિ વ્યાસમુનિની ભવિષ્યવાણીથી થાય છે. દુર્યોધન કપટ કરવા માટે યુધિષ્ઠિરને દ્યૂતનું આમંત્રણ આપે છે, યુધિષ્ઠિરની પ્રથમ વખત દ્યૂતમાં હાર થાય છે, ત્યારપછી બધુ જ હારી જાય છે અંતે દ્રોપદીને દાવમાં મૂકે છે તેને પણ હારી જાય છે. ત્યારપછી દુર્યોધન તથા અન્ય કૌરવો દ્રોપદીના ચીરહરણ કરે છે, દ્રોપદી ગુસ્સા પૂર્વક વાણી દ્વારા બધાને જણાવે છે, છેલ્લે ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરને હારેલુ બધુ જ પાછું આપી દે છે.

અનદ્યૂત પર્વમાં દુર્યોધન ફરીથી યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું આમંત્રણ આપે છે. ફરી હારી જાય તો બાર વર્ષ વનવાસમાં જવું પડે તેવી શરત હોય છે. યુધિષ્ઠિર ફરી હારી જાય છે અને વનવાસ તરફ પ્રયાણ કરે છે. યુધિષ્ઠિર વનમાં પ્રવેશ કરે છે ત્યારે સભાપર્વ પૂર્ણ થાય છે.

## (૩) વનપર્વ ::

મહાભારતના તૃતીય પર્વ વનપર્વમાં ૨૬૯ અધ્યાય છે. ૨૨ ઉપપર્વો અને ૧૧૬૬૪ શ્લોકો આવેલા છે.[૮૭]

મહાભારતનું તૃતીય પર્વ વનપર્વ ખૂબ જ લાંબું છે. તેમાં ૨૨ ઉપપર્વો આવેલા છે, જે આ પ્રમાણે છેઃ

૧) અરણ્ય પર્વ

૨) કિર્મીરવધ પર્વ

૩) અર્જુનાભિગમન પર્વ

૪) કૈરાત પર્વ

૫) ઈન્દ્રલોકાભિગમન પર્વ

૬) નલોપાખ્યાન પર્વ

૭) તીર્થયાત્ર પર્વ

૮) જટાસુર વધ પર્વ

૯) યક્ષયુદ્ધ પર્વ

૧૦) નિવાતકવચ યુદ્ધ પર્વ

૧૧) આજગર પર્વ

૧૨) માર્કન્ડેય સમસ્યા પર્વ

૧૩) દ્રોપદી–સત્યભામા પર્વ

૧૪) ઘોષયાત્રા પર્વ

૧૫) મૃગસ્વપ્નોદ્ભવ પર્વ

૧૬) વ્રીહિદ્રોણિક પર્વ

૧૭) દ્રોપદીહરણ પર્વ

૧૮) જયદ્રથ વિમોક્ષ પર્વ

૧૯) રામોપાખ્યાન પર્વ

૨૦) પતિવ્રતા માહાત્મ્ય પર્વ

૨૧) કુંડલાહરણ પર્વ

૨૨) આરણેય પર્વ

મહાભારતના વનપર્વમાં પ્રથમ ઉપપર્વ અરણ્ય પર્વ આવે છે. તેમાં પાંડવો કુંતામાતાને મહાત્મા

વિદુરજીના ઘરે મૂકીને વનમાં પ્રસ્થાન કરે છે. મહર્ષિ ધૌમ્ય મુનિના ઉપદેશથી સૂર્ય ભગવાનની પાંડવો ઉપર કૃપા થાય છે અને તેને અક્ષયપાત્રની પ્રાપ્તિ થાય છે. મહર્ષિ વ્યાસ દ્વારા સુરભિખ્યાન, મૈત્રેયના શાપ દ્વારા દુર્યોધનના શાપનો સંકેત વગેરે કથાઓ આ અરણ્ય પર્વમાં આવે છે.

કિર્મીરવધ પર્વમાં શકિતતશાળી ભીમ દ્વારા કિર્મીરવધની કથાનું વર્ણન આવે છે.

અર્જુનાભિગમન પર્વમાં શાલ્વનું ભગવાન શ્રીકૃષ્ણની દ્વારીકા નગરી ઉપર આક્રમણ તથા શ્રીકૃષ્ણ પુત્ર પ્રદ્યુમન દ્વારા તેનો પ્રતિકાર વગેરે કથાનું નિરૂપણ છે. કારાતપર્વમાં અર્જુન અને કિરાતવેષધારી ભગવાન શંકર સાથેના યુદ્ધનો પ્રસંગ, અર્જુનને દેવતાઓ દ્વારા દિવ્યાસ્ત્રની પ્રાપ્તિ તથા સ્વર્ગ પ્રસ્થાનની કથા આવે છે.

ઈન્દ્રલોકાભિગમન પર્વમાં સ્વર્ગમાં અર્જુન દ્વારા સંગીત વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને ઉર્વશીના શાપની કથા આવે છે.

નલોપાખ્યાન પર્વમાં પ્રસિદ્ધ નૈષધ દેશના નળરાજા અને ભીમપુત્રી દમયંતીની કથા આવે છે.

તીર્થયાત્ર પર્વમાં પાંડવોની સમસ્ત તીર્થયાત્રા સ્થાનોનું વર્ણન છે. તીર્થયાત્રા દરમિયાન ઋષ્યશૃંગ ઉપાખ્યાન, પરશુરામ ઉપાખ્યાન, ચ્યવનની કથા, જંતુ ઉપાખ્યાન, રાજા શિબિની દાનશીલતાનો પ્રસંગ, યવક્રીત પતનની કથા છે.

જટાસુર વધ પર્વ અંતર્ગત જટાસુર દ્વારા દ્રોપદી સહિત યુધિષ્ઠિર, નકુલ તથા સહદેવ હરણની કથા તથા ભીમ જટાસુરનો વધ કરે છે તે પ્રસંગનું નિરૂપણ છે.

યજ્ઞયુદ્ધ પર્વમાં પાંચાલીના આદેશ અનુસાર ગંધમાદન પર્વત પર પ્રયાણની કથા આવે છે.

નિવાતકવચ યુદ્ધ પર્વમાં અર્જુન તપસ્યાનું વર્ણન કરે છે તથા તેમણે પ્રાપ્ત કરેલા દિવ્યાસ્ત્રોના પ્રદર્શનની કથા આવે છે.

આજગર પર્વમાં સર્પનું રૂપ ધારણ કરનાર નહુષે ભીમને બંધનમાં લીધો. યુધિષ્ઠિરે અજગર વેંષધારી નહુષના પ્રશ્નોના જવાબ આપી ભીમને બંધનમાંથી મુકતત કર્યો.

માર્કંડેય સમસ્યા પર્વ અંતર્ગત પાંડવોનો કામ્યક વનમાં પ્રવેશ, પતિવ્રતા સ્ત્રી, ધર્મવ્યાધ ઉપાખ્યાન દ્વારા ધર્મ સંબંધી તથ્યો ઉજાગર થાય છે. દ્રોપદી તથા સત્યભામાનો સંવાદ પણ આ પર્વમાં આવે છે.

ઘોષયાત્રા પર્વમાં અર્જુન દ્વારા પરાસ્ત ગંધર્વ દુર્યોધનને મુકતત કરે છે તે પ્રસંગનું નિરૂપણ છે.

મૃગસ્વનોદ્ભવ પર્વમાં મૃગની પ્રાર્થના દ્વારા પાંડવોના કામ્યક વનમાં પ્રવેશની કથા છે.

વ્રીહિ દ્રોણિક પર્વમાં દુર્વાસા દ્વારા મુનિ મુદ્ગલના દાનધર્મ અને દેવદૂત દ્વારા સ્વર્ગના ગુણદોષ વર્ણવવામાં આવે છે અને તેના ગુણદોષને જાણીને ત્યાં ન જવાની કથા આવે છે.

દ્રોપદીહરણ પર્વમાં જયદ્રથ દ્રોપદીનું હરણ કરે છે. પાંડવો જયદ્રથને હરાવે છે તથા તેને અપમાનિત કરે છે.

જગદ્રથવિમોક્ષ પર્વમાં અપમાનિત થયેલો જયદ્રથ શિવની ઉપાસના કરે છે, શિવની ઉપાસના દ્વારા તે અસ્ત્ર પ્રાપ્ત કરે છે.

રામોપાખ્યાન પર્વમાં ભગવાન શ્રીરામની દિવ્ય કથાનું નિરૂપણ છે.

પતિવ્રતા માહાત્મ્ય પર્વમાં અપતિની પુત્રી સતી સાવિત્રી તથા દ્યુમત્સેનના પુત્ર સત્યવાન્‌ના પાવન સંબંધની કથા આવે છે. સત્યવતી યમરાજા પાસેથી પોતાના પતિનો જીવ પાછો લાવે છે તે પતિનું મહત્વ દર્શાવતો પ્રસંગ આ પર્વમાં આવે છે.

કુંડલાહરણ પર્વમાં કર્ણના કવચકુંડળ દાન લેવા ઈન્દ્રનું આગમન થાય છે. ઈન્દ્ર દ્વારા અમોઘ શકિતતનું પ્રદાન તથા કર્ણના જન્મની કથા આવે છે.

આરણેય પર્વમાં યજ્ઞ અને યુધિષ્ઠિરનો સંવાદ આવે છે. યક્ષ યુધિષ્ઠિરને પ્રશ્નો પૂછે છે અને યુધિષ્ઠિર તેના સાચા જવાબો આપે છે. ત્યારે પાંડવો જીવતદાન પ્રાપ્ત કરે છે. પાંડવોએ એક વર્ષ અજ્ઞાતવાસ કેવી રીતે પસાર કરવો તેની કથા આવે છે.

### (૪) વિરાટ પર્વ ::

મહાભારતના ચતુર્થ પર્વ વિરાટપર્વમાં ૬૭ અધ્યાય આવેલા છે. તેમાં પાંચ અનુપર્વો અને ૨૦૫૦ શ્લોકો છે.[૮૮]

મહાભારતના વિરાટપર્વમાં પાંચ ઉપપર્વો છે તે આ પ્રમાણે છે.

૧. પાંડવ પ્રવેશ પર્વ

૨. સમય પાલન પર્વ

૩. કીચક વધ પર્વ

૪. ગોહરણ પર્વ

૫. વૈવાહિક પર્વ

મહાભારતના વિરાટ પર્વના પાંડવ ઉપપર્વમાં પાંડવો પોતાનો અજ્ઞાતવાસ વિરાટરાજાની નગરીમાં પસાર કરે છે. તે દરમ્યાન પાંડવો શમીવૃક્ષ ઉપર અસ્ત્ર–શસ્ત્ર છુપાવે છે. તથા ગુપ્તવેષે વિરાટ રાજાના રાજ માં અજ્ઞાતવાસનો સમય વીતાવે છે.

સમય પાલન પર્વમાં મહાપરાક્રમી ભીમ જીમુત મલ્લનો વધ કરે છે તે કથા આવે છે.

કીચક વધ પર્વમાં ભીમસેન વિરાટ રાજાના સાળા કીચકનો વધ કરે છે.

ગોહરણ પર્વમાં કીચકનો વધ થાય છે તે જાણી કૌરવો પાંડવોના અજ્ઞાતવાસની શોધ કરે છે. કૌરવો દ્વારા વિરાટરાજાની ગાયોનું હરણ, તથા અર્જુનઉત્તરના વિજય ની કથા આવે છે.

વૈવાહિક પર્વમાં વિરાટ રાજાને પાંડવોનો પરિચય થાય છે. વિરાટરાજા ઉત્તરાના લગ્ન અર્જુન સાથે કરવાનો પ્રસ્તાવ મૂકે છે. અર્જુન ઉત્તરાના લગ્ન પોતાના પુત્ર અભિમન્યુ સાથે કરવાનું કહે છે.

## (૫) ઉદ્યોગપર્વ ::

મહાભારતના ઉદ્યોગપર્વમાં ૧૮૬ અધ્યાય છે. આ પર્વમાં દસ ઉપપર્વો અને ૬૬૯૮ શ્લોકો છે. [૮૯]

મહાભારતના ઉદ્યોગપર્વના દસ ઉપપર્વો આ પ્રમાણે છે.

૧. સેનોદ્યોગ પર્વ

૨. સંજયયાન પર્વ

૩. પ્રજાગર પર્વ

૪. સનત્સુજાત પર્વ

૫. યાન સંધિ પર્વ

૬. સૈન્ય નિર્માણ પર્વ

૭. ઉલૂક દૂતાગમન પર્વ

૮. રથાતિરથ સંખ્યા પર્વ

૯. અમ્બોપાખ્યાન પર્વ

૧૦. ભગવદ્યાન પર્વ

મહાભારતના ઉદ્યોગપર્વમાં આવતા સેનોદ્યોગ ઉપપર્વમાં વિરાટ રાજાનું વર્ણન છે. વિરાટ રાજાની સભામાં શ્રીકૃષ્ણ, બલરામ, સાત્યકી અને પાંચાલ નરેશ દ્રુપદનું આગમન થાય છે. શ્રીકૃષ્ણ કૌરવો અને પાંડવોને બન્નેને યુદ્ધમાં સહાયતા કરવાનું આ ાસન આપે છે. ઈન્દ્ર દ્વારા ત્રિશિરાવધ, વૃત્રાસુર ઉત્ત્યપતિ તથા તેના વિનાશની કથા પ્રસ્તુત છે.

સંજયયાન પર્વમાં દ્રુપદ રાજાનો પુરોહિત કૌરવોને શાંતિપૂર્ણ રીતે ઈન્દ્રપ્રસ્થ આવવાનું આગ્રહ કરે છે. સંજયને પાંડવો પાસે શાંત પ્રસ્તાવ માટે મોકલવા વગેરે કથાઓનું વર્ણન છે.

પ્રજાગર પર્વમાં મહાત્મા વિદુર મહારાજ ધૃતરાષ્ટ્રને ધર્મનો ઉપદેશ આપે છે.

સનત્સુજાત પર્વમાં વિદુર આગ્રહપૂર્વક સનત્સુજાતને ધૃતરાષ્ટ્રને ધર્મનો ઉપદેશ આપવાનું કહે છે.

યાન સંધિ પર્વમાં શ્રીકૃષ્ણએ આપેલા જવાબો, યુધિષ્ઠિરના પ્રસ્તાવને ભીષ્મ, દ્રોણાચાર્ય તથા વિદુર વગેરે દ્વારા સંમતિ મળે છે. દુર્યોધન, શકુનિ અને કર્ણ તે પ્રસ્તાવને સ્વિકારતા નથી.

સૈન્ય નિર્માણ પર્વમાં પાંડવો પોતાના સૈન્યમાં સેનાપતિની નિયુક્તિત કરે છે.

ઉલૂક દૂતાગમન પર્વમાં દૂર્યોધન પાંડવોને અપમાનિત કરવા માટે શકુનિ પુત્ર ઉલૂકને દૂત બનાવીને મોકલે છે. તથા પાંડવો યુદ્ધક્ષેત્રમાં પ્રસ્થાન કરે છે તેની કથાનું નિરૂપણ છે.

રથાતિરથ સંખ્યા પર્વમાં ભીષ્મ પિતામહ પાંડવ પક્ષોના અતિરથીઓનો પરિચય કરાવે છે. તથા પોતે પાંડવો અને શીખંડીનો વધ નહી કરે તેવું જણાવે છે.

અમ્બોપાખ્યાન પર્વમાં અંબાના જીવનચરિત્રનું વર્ણન છે. ભીષ્મ–પરશુરામ યુદ્ધ, અંબાનું પુર્નજન્મમાં શીખંડી બનવું તથા શીખંડીનો વધ ન કરવા ભીષ્મ પ્રતિજ્ઞાનું વર્ણન છે.

ભગવદ્યાન પર્વમાં શ્રીકૃષ્ણ દૂત બનીને હસ્તિનાપુર જાય છે. દમ્ભોદ્ભવની કથા, માતાલિ દ્વારા કન્યા માટે ઉત્તમ વરની શોધ, ગાલવ ચરિત્ર, વિદુલાની કથા તથા શ્રીકૃષ્ણ ભગવાન ધૃતરાષ્ટ્રની સભામાં વિ  રૂપદર્શન જેવું વિરાટ પ્રદર્શન બતાવે છે.

**(૬) ભીષ્મ પર્વ ::**

મહાભારતના ભીષ્મ પર્વમાં ૧૧૭ અધ્યાય છે. ૫૮૮૪ શ્લોકો અને ચાર ઉપપર્વો છે.[૯૦]

ભીષ્મ પર્વના ઉપપર્વો આ પ્રમાણે છે.

૧. જમ્બુખંડ વિનિર્માણ પર્વ

૨. ભૂમિ પર્વ

૩. શ્રીમદ્ ભગવદ્ગીતા પર્વ

૪. ભીષ્મવધ પર્વ

મહાભારતના ભીષ્મ પર્વમાં આવતા ઉપપર્વોમાં જમ્બુખંડ વિનિર્માણ પર્વમાં બંને પક્ષો યુદ્ધના નિયમોનું નકતકી કરે છે. સંજયને યુદ્ધના દર્શન માટે મહર્ષિ વ્યાસ દિવ્ય દષ્ટિ પ્રદાન કરે છે.

ભૂમિ પર્વમાં વિવિધ પ્રકારના દ્વીપોનું વર્ણન આવે છે. પુષ્કર, કુશ, શાકદ્વીપ, કૌંચ વગેરે દ્વીપોનું વિસ્તારપૂર્વક વર્ણન આવે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા પર્વમાં અર્જુન પોતાના સગા–વહાલાઓને જોઇને યુદ્ધ કરવાની ના પાડી દે છે તથા પોતાના અસ્ત્ર–શસ્ત્ર નીચે મુકી દે છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને શ્રીમદ્ ભગવદ્ગીતાનો દિવ્ય ઉપદેશ આપે છે. વિ  ના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાનનું ભીષ્મ પર્વમાં નિરૂપણ છે.

ભીષ્મવધ પર્વમાં અર્જુન મોહમુકતત થાય છે, ભીષ્મ, દ્રોણ, શલ્પ તથા કૃપાચાર્યની સંમતિથી યુદ્ધ માટે તૈયાર થાય છે. અર્જુન શીખંડીને વચ્ચે રાખીને ભીષ્મ સામે યુદ્ધ કરે છે. ભીષ્મ સ્ત્રી ઉપર હથિયાર ઉઠાવતા નથી ત્યારે અર્જુન ભીષ્મ ઉપર બાણ ચલાવે છે અને ભીષ્મ પિતામહ બાણશય્યા ઉપર ઢળી પડે છે.

**૭. દ્રોણપર્વ ::**

મહાભારતના દ્રોણપર્વમાં ૧૭૦ અધ્યાય છે. ૩૯૦૯ શ્લોકો અને આઠ ઉપપર્વો છે.[૯૧]

મહાભારતના દ્રોણપર્વના આઠ ઉપપર્વો આ પ્રમાણે છે.

૧. દ્રોણાભિષેક પર્વ

૨. સંશતક વધ પર્વ

૩. અભિમન્યુ વધ પર્વ

૪. પ્રતિજ્ઞા પર્વ

૫. જયદ્રથવધ પર્વ

૬. ઘટોત્કચ વધ પર્વ

૭. દ્રોણવધ પર્વ

૮. નારાયણાસ્ત્રમોક્ષ પર્વ

મહાભારતના દ્રોણાભિષેક નામના ઉપપર્વમાં દ્રોણાચાર્ય યુદ્ધ ભૂમિ ઉપર આવવાથી કૌરવ સેના ઉત્સાહિત થાય છે. કર્ણ દ્રોણાચાર્યને સેનાપતિ બનાવવાનું કહે છે ત્યારે તે પ્રસ્તાવને બધા સ્વીકારી લે છે.

સંશતક વધ પર્વમાં અર્જુન અચલ, ભગદ્દત અને વૃષક વગેરેનો વધ કરે છે. શકુનિ માયાની રચના કરે છે તેમાં તેનો પરાભવ થાય છે. અ  ત્થામા દ્વારા રાજા નીલનો વધ વગેરે કથાઓ આવે છે.

અભિમન્યુ વધ પર્વમાં અભિમન્યુ શલ્યના ભાઇનો વધ કરે છે. રુકમરથ, સત્યશ્રવા ક્ષત્રિય સમૂહ વગેરે યોદ્ધાઓનો વધ, તે ઉપરાંત એક દુઃખદ ઘટના બને છે, છ મહારથીઓ મળીને એક અસ્ત્ર–શસ્ત્ર વિનાના યોદ્ધા અભિમન્યુનો છળ પૂર્વક વધ કરે છે તેનું દુઃખદ વર્ણન છે.

પ્રતિજ્ઞા પર્વમાં અર્જુન દિવસ ન આથમે ત્યાં સુધી જયદ્રથનો વધ કરવાની પ્રતિજ્ઞા કરે છે. તેનો વધ ન થાય તો પોતે અગ્નિ સમાધિ લેશે તેવું જાહેર કરે છે.

જયદ્રથ વધ પર્વમાં અર્જુન શોકગ્રસ્ત હોય છે અને તે વિવિધ યોદ્ધાઓનો વધ કરે છે. અર્જુન દ્વારા સૈનિક, શ્રુતાયુ, અમ્બષ્ઠ, અશ્યુતાયુ, મ્લેચ્છ, નિયતાયુ, દીર્ઘાયુ વગેરેનો વધ કરે છે. તે ઉપરાંત તેની પ્રતિજ્ઞા અનુસાર જયદ્રથનો પણ વધ કરે છે.

ઘટોત્કચ વધ પર્વમાં દ્રોણાચાર્ય દ્વારા શિવિ વધ, ભીમસેન કલિંગના રાજકુમારનો વધ કરે છે. તથા અ  ત્થામા દ્રુપદના પુત્રનો પણ વધ કરે છે.

દ્રોણવધ પર્વમાં દ્રુપદના પૌત્રોનો વધ થાય છે. વિરાટ રાજાનો વધ થાય છે. દ્રોણાચાર્ય શસ્ત્રનો ત્યાગ કરે છે ત્યારે દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન તેનો વધ કરે છે. વગેરે વર્ણનો આવે છે.

નારાયણાસ્ત્રમોક્ષ પર્વમાં દ્રોણાચાર્યનો વધ થાય એટલા માટે કૌરવોની સેનામાં માતંગ છવાય જાય છે. અ  ત્થામા દ્રોણાચાર્યના મૃત્યુના સમાચાર જાણીને નારાયણસ્ત્ર પ્રાકટ  તથા તેમનો પ્રયોગ વગેરેનું વર્ણન આવે છે.

## (૮) કર્ણપર્વ ::

મહાભારતના કર્ણપર્વમાં ૬૯ અધ્યાય છે તથા ૪૯૬૪ શ્લોકો અને એક ઉપપર્વ છે.[૯૨]

### ૧. કર્ણપર્વ :

મહાભારત કર્ણપર્વ ઉપપર્વમાં કર્ણ શલ્પને સારથિ બનાવે છે તે કથા આવે છે તે ઉપરાંત પુરાણમાં આવતા પ્રસિદ્ધ ત્રિપુરવધની કથા છે. હંસ અને કાગડાનું ઉપાખ્યાન પણ આવે છે.

## (૯) શલ્ય પર્વ ::

મહાભારતના શલ્યપર્વમાં ૫૯ અધ્યાય છે તથા ૩૨૨૦ શ્લોકો અને ત્રણ ઉપપર્વ છે.[૯૩]

મહાભારતના શલ્યપર્વમાં ત્રણ ઉપપર્વો છે, જે આ પ્રમાણે છેઃ

૧. શલ્યવધ પર્વ

૨. હ્દય પ્રવેશ પર્વ

૩. ગદાપર્વ

શલ્યવધ ઉપપર્વમાં કૌરવો સેનાના મુખ્ય સેનાપતિ મૃત્યુ પામે છે ત્યારપછી શલ્યરાજ મુખ્ય સેનાપતિ બને છે.

હ્દય પ્રવેશ પર્વમાં કૌરવસેનાના સંહારની કથા છે. યુદ્ધ દરમ્યાન દુર્યોધન સરોવરમાં છૂપાય જાય છે તેવી કથા આવે છે.

ગદાપર્વમાં પાંડવો સરોવર પાસે જઇને દુર્યોધનને યુદ્ધ કરવાનું આહ્‌વાન કરે છે. ત્યારપછી ભીમ અને દુર્યોધનનું યુદ્ધ થાય છે, યુદ્ધમાં દુર્યોધન મૃત્યુ પામે છે. નિયમ વિરૂદ્ધના યુદ્ધથી બલરામ ગુસ્સે થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગાંધારીને આ  ાસન આપે છે. ત્યારપછી અ  ત્થામા પ્રતિજ્ઞા કરે છે અને સેનાપતિનું પદ સ્વીકારે છે.

## (૧૦) સૌપ્તિક પર્વ ::

મહાભારતના સૌપ્તિક પર્વમાં ૧૮ અધ્યાય અને ૮૭૦ શ્લોકો છે. આ પર્વમાં બે ઉપપર્વો છે.[૯૪]

મહાભારતના સૌપ્તિક પર્વમાં ઉપપર્વો આ પ્રમાણે છેઃ

૧. સૌપ્તિક પર્વ

૨. ઔષિક પર્વ

સૌપ્તિક પર્વમાં રાતના સમયે પાંડવોની સેના ઉપર આક્રમણ, પાંડવ સેનાના મૃત્યુના સમાચાર જાણી દુર્યોધન પ્રસન્નતાથી પ્રાણત્યાગ કરે છે.

ઔષિક પર્વમાં પાંચાલ વીરોનો સંહાર સાંભળી યુધિષ્ઠિર વિલાપ કરે છે. ભીમસેન અ  ત્થામાનો વધ કરવા માટે પ્રયાણ કરે છે. અ  ત્થામા ઉત્તરાના ગર્ભ ઉપર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરે છે.

**(૧૧) સ્ત્રી પર્વ ::**

મહાભારતના સ્ત્રી પર્વમાં ૨૭ અધ્યાય છે. ત્રણ ઉપપર્વો અને ૭૭૫ શ્લોકો છે.[૯૫]

મહાભારતના સ્ત્રી પર્વના ઉપપર્વો આ પ્રમાણે છેઃ

૧. જલપ્રદાનિક પર્વ

૨. સ્ત્રીવિલાપ પર્વ

૩. શ્રાદ્ધ પર્વ

જલપ્રદાનિક પર્વમાં મહાત્મા વિદુર પુત્રોના મૃત્યુથી દુઃખી થયેલા ધૃતરાષ્ટ્રને આ  ાસન આપે છે.

સ્ત્રીવિલાપ પર્વમાં ગાંધારી વ્યાસજી દ્વારા પ્રાપ્ત શકિતતથી સેનામાં થયેલા સંહારને જુએ છે. આ સંહાર જોઈને વીર યોદ્ધાઓની પત્નીઓ વિલાપ કરે છે.

શ્રાદ્ધ પર્વમાં મૃત વ્યકિતતઓની અંતિમ ક્રિયા કરવામાં આવે છે.

**(૧૨) શાંતિ પર્વ ::**

મહાભારતના શાંતિપર્વમાં ૩૩૯ અધ્યાયો છે. જેમાં ૧૪૭૩૨ શ્લોકો અને ત્રણ ઉપપર્વો છે.[૯૬]

મહાભારતના શાંતિપર્વના ત્રણ ઉપપર્વો છે, જે આ પ્રમાણે છેઃ

૧. રાજધર્માનુશાસન પર્વ

૨. આપદ્ધર્મ પર્વ

૩. મોક્ષધર્મ પર્વ

મહાભારતના  રાજધર્માનુશાસન નામના ઉપપર્વમાં  યુદ્ધને કારણે થયેલ નર સંહારને કારણે યુધિષ્ઠિરનો સંન્યાસી બનવાનો નિર્ણય, વ્યાસજી યુધિષ્ઠિરને ઉપદેશ આપે છે, મૃત્યુની શય્યા પર પડેલ ભીષ્મ પિતામહ પણ યુધિષ્ઠિરને ઉપદેશ આપે છે.

આપદ્ધર્મ પર્વમાં આપત્તિગ્રસ્ત રાજાના કર્તવ્યનું વર્ણન છે. રાજાના કર્તવ્યના વિષયમાં બિલાડી અને ઉંદરનું આખ્યાન, ગીધ–શિયાળની કથા, શરણાગતની રક્ષા કાજે કબૂતર યુગલ સંવાદ, આવી અનેક ઉપદેશાત્મક કથાઓ આવે છે.

મોક્ષપર્વમાં પ્રહલાદ–અવધૂત સંવાદ, જાજલિ આખ્યાન, મહર્ષિ ગૌતમ તથા ચિરકારી ઉપાખ્યાન, તથા નર–નારાયણની કથાઓ આવે છે.

**(૧૩) અનુશાસન પર્વ ::**

મહાભારતના અનુશાસન પર્વમાં ૧૪૬ અધ્યાયો છે તથા ૮૦૦૦ શ્લોકો છે. આ પર્વના બે ઉપપર્વો છે.[૯૭]

મહાભારતના અનુશાસન પર્વમાં બે ઉપપર્વો છે, જે આ પ્રમાણે છેઃ

૧. દાનધર્મ પર્વ

૨. ભીષ્મસ્વર્ગારોહણ પર્વ

દાનધર્મ પર્વ યુધિષ્ઠિરને સાંત્વના આવપા માટે ગૌતમી, સર્પ, બ્રાહ્મણી, મૃત્યુ, વ્યાધ વગેરેના સંવાદો આવે છે. વિ ામિત્રનુ બ્રાહ્મણત્વ લાભની કથા, ભંગાસ્વનનું ઉપાખ્યાન, ચ્યવનની કથા, નચિકેતાની કથા વગેરે વાર્તાઓ આવે છે.

ભીષ્મ સ્વર્ગારોહણ પર્વમાં ભીષ્મ સ્વર્ગમાં જવાની તૈયારી કરે છે. તે યુધિષ્ઠિરને કર્તવ્યનો ઉપદેશ આપી ભગવાન શ્રીકૃષ્ણ પાસે પ્રાણ ત્યાગની રજા લઇને પ્રાણત્યાગ કરે છે.

**(૧૪) આ ામેધિક પર્વ ::**

મહાભારતના આ ામેધિક પર્વમાં ૧૦૩ અધ્યાય છે. જેમાં ૩૩૨૦ શ્લોકો તથા ત્રણ ઉપપર્વો છે.[૯૮]

મહાભારતના આ ામેધિક પર્વમાં ત્રણ ઉપપર્વો છે, જે નીચે પ્રમાણે છેઃ

૧. અ મેધ પર્વ

૨. અનુગીતા પર્વ

૩. વૈષ્ણવધર્મ પર્વ

અ મેધ પર્વમાં શ્રીકૃષ્ણ અને મહર્ષિ વ્યાસની આજ્ઞાથી યુધિષ્ઠિર અ મેધ યજ્ઞ કરે છે. મહર્ષિ વ્યાસ ધન પ્રાપ્ત કરવાનું કહે છે. તેના ઉપાયમાં સંવર્ત અને મહૂતનો પ્રસંગ કહે છે.

અનુગીતા પર્વમાં ભગવાન શ્રીકૃષ્ણ સમગ્ર વિ નું જ્ઞાન અર્જુનને કહે છે. ઉત્તઙ ક મુનિનું આખ્યાન આ પર્વ અંતર્ગત છે. આ ઉપરાંત ઉત્તરાનો મૃત બાળકને જન્મ, શ્રીકૃષ્ણ દ્વારા મૃત બાળકને સજીવન કરવો, અ મેધ યજ્ઞ, યજ્ઞમાં હિંસાત્મક બલિની નિંદા વગેરે વર્ણનો છે.

વૈષ્ણવધર્મ પર્વમાં શ્રીકૃષ્ણ દ્વારા યજ્ઞ એવં દાનની મહત્તા પ્રતિપાદિત કરી છે. તદ્પશ્ચાત્ શ્રીકૃષ્ણનું દ્વારકાગમનનું નિરૂપણ આવે છે.

**(૧૫) આશ્રમવાસિક પર્વ ::**

મહાભારતના આશ્રમવાસિક પર્વમાં ૪૨ અધ્યાય છે. જેમાં ૧૫૦૬ શ્લોકો અને ત્રણ અનુપર્વો છે.[૯૯]

આશ્રમવાસિક પર્વમાં ત્રણ અનુપર્વો છે, જે આ પ્રમાણે છેઃ

૧. આશ્રમવાસિક પર્વ

૨. પુત્રદર્શન પર્વ

૩. નારદાગમન પર્વ

આશ્રમવાસિક પર્વમાં પાંડવોના વ્યવહારથી સંતુષ્ટ થયેલ ધૃતરાષ્ટ્ર અને ગાંધારી ધર્માનુસાર વાનપ્રસ્થાશ્રમમાં જવાનો નિર્ણય કરે છે. ધૃતરાષ્ટ્ર યુધિષ્ઠિરને રાજનિતિનો ઉપદેશ આપે છે. વિદુર કૌરવોનું શ્રાદ્ધ કર્મ કરે છે.મહર્ષિ વ્યાસ યુધિષ્ઠિરને ધર્મનું તત્ત્યવ જ્ઞાન આપે છે.

પુત્રદર્શન પર્વમાં ધૃતરાષ્ટ્રના કહેવાથી વ્યાસના ગંગાકિનારે હણાયેલા સર્વજનો જલથી પ્રકટ કરે છે. યુધિષ્ઠિર અને પાંડવો હસ્તિનાપુર આવે છે તેવી કથાનું વર્ણન છે.

નારદાગમન પર્વમાં ધૃતરાષ્ટ્ર દાવાનળમાં પ્રવેશ કરે છે તેવી સુચના યુધિષ્ઠિરને આપવામાં આવે છે. માતા કુંતીના મૃત્યુ ઉપર પાંડવો શોક પ્રગટ કરે છે. ત્યારબાદ શ્રાદ્ધકર્મ કરવામાં આવે છે અને ગંગા નદીમાં તેના અસ્થિ વિસર્જન કરવામાં આવે છે.

## (૧૬) મૌસલ પર્વ ::

મહાભારતના મૌસલ પર્વમાં ૩૨૦ શ્લોકો છે. આઠ અધ્યાય તથા એક ઉપપર્વ છે.[૧૦૦]

મૌસલ પર્વમાં એક જ ઉપપર્વ છે, જે આ પ્રમાણે છેઃ

૧. મૌસલ પર્વ

મહાભારતના મૌસલ પર્વ નામના ઉપપર્વમાં યાદવોના વિનાશની કથા છે. ઋષિના શાપ અનુસાર સામ્બના ઉદરમાંથી મૂસલની ઉત્પત્તિ, યાદવો વચ્ચે ભયંકર સંહાર, અર્જુનનું દ્વારકાગમન, શ્રીકૃષ્ણ–બલરામનું પરધામ ગમન અને દ્વારકાનું સમુદ્રમાં સમાપન વગેરે પ્રકારના વિવિધ પ્રસંગોની કથા આવે છે.

## (૧૭) મહાપ્રસ્થાનિક પર્વ ::

મહાભારતના મહાપ્રસ્થાનિક પર્વમાં ત્રણ અધ્યાય છે. આ પર્વમાં ૧૨૩ શ્લોકો અને એક ઉપપર્વ છે.[૧૦૧]

મહાપ્રસ્થાનિક પર્વમાં એક જ ઉપપર્વ છે, જે આ પ્રમાણે છેઃ

૧. મહાપ્રસ્થાનિક પર્વ

આ પર્વમાં દ્રોપદી સહિત બધા જ પાંડવોના મહાપ્રસ્થાનની કથા આવે છે. યદુવંશીઓના શ્રાદ્ધ તર્પણ કરીને પાંડવો દ્રોપદી સહતિ પ્રજાજનોની આજ્ઞા લઇને મહાપ્રસ્થાન કરે છે. રસ્તામાં અર્જુન, ભીમ, સહદેવ, નકુલ તથા દ્રોપદી પડી જાય છે. મહારાજ યુધિષ્ઠિર સદેહે સ્વર્ગમાં જાય છે.

## (૧૮) સ્વર્ગારોહણ પર્વ ::

મહાભારતના સ્વર્ગારોહણ પર્વમાં પાંચ અધ્યાય છે. આ પર્વમાં ૨૦૯ શ્લોક તથા એક ઉપપર્વ છે.[૧૦૨]

આ પર્વનો એક જ ઉપપર્વ છે, જે આ પ્રમાણે છેઃ

### ૧. સ્વર્ગારોહણ પર્વ

આ પર્વમાં દેવદૂત યુધિષ્ઠિરને નરકનું દર્શન કરાવે છે. પોતાના સગાવહાલાઓનું રૂદન સાંભળીને યુધિષ્ઠિર નરકમાં રહેવાનો નિર્ણય કરે છે. ઇન્દ્ર અને ધર્મ તેને શાંત કરે છે. યુધિષ્ઠિર દેહનો ત્યાગ કરીને દિવ્યલોકમાં જાય છે ત્યાં શ્રીકૃષ્ણ, અર્જુન, ભીષ્મ, બલરામ વગેરેને મૂળ રૂપમાં જોવે છે તથા તે બધાને મળે છે. આ સ્વર્ગારોહણ પર્વમાં મહાભારતનો ઉપસંહાર પણ આવે છે.

ઉપરોકતત મહાભારતના વર્ણ્ય વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ વિષયોને લઇને મહર્ષિ વ્યાસે વિશાળ મહાભારતની રચના કરી છે. મહાભારતની બે વાચના મળે છે. એક ઉત્તરીય વાચના અને બીજી દાક્ષિણાત્ય વાચના. ઉત્તરીય વાચનાની શ્લોક સંખ્યા ૩૬,૬૦૦ છે. તથા દાક્ષિણાત્યની વાચનાની શ્લોક સંખ્યા ૬૫૮૪ છે. એક રીતે તો મહાભારતને શતસાહસ્ત્રી કહેવાય છે. સૌતિના કથન મુજબ ''પુણ્યકર્મો મનુષ્યોના ઉપાખ્યાનો સહિત એક લાખ શ્લોકવાળો મહાભારત ઉત્તમગ્રંથ છે.''[૧૦૩]

મહાભારત એક વિશાળ સાગર જેવું છે. વર્તમાન સમયમાં મહાભારતના ઘણાંબધાં સંસ્કરણો મળે છે. તેમાં મદ્રાસનું દાક્ષિણાત્ય સંસ્કરણ, ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટનું સંસ્કરણ, ચિત્રશાળા પ્રેસનું નીકલંઠની ટીકાવાળું સંસ્કરણ તથા ગીતાપ્રેસ ગોરખપુર સંસ્કરણ પ્રસિદ્ધ છે.

મહાભારત તથા રામાયણ ભારતીય લોકોના પ્રાણ છે. સંપૂર્ણ ભારતની પ્રજા રામાયણ તથા મહાભારતના રંગે રંગાયેલી છે. મહાભારત વિષયો જ એટલા રસપ્રદ અને રોચક છે કે દરેક માણસ તેના પાત્રોને તેના જીવનચરિત્રને સારી રીતે જાણે છે. મહાભારતના શ્રેષ્ઠ પાત્રો શ્રીકૃષ્ણ, અર્જુન, દ્રોણાચાર્ય, ભીષ્મ પિતામહ, દ્રોપદી અભિમન્યુ વગેરેને ભારતીય પ્રજા ખૂબ જ નીકટથી જાણે છે. ભારતીય પ્રજા ધાર્મિક છે તે ધાર્મિકપણાની પાછળ રામાયણ અને મહાભારત જવાબદાર છે. આમ વિ સાહિત્યને ભારતની જો કોઇ મોટી દેન હોય તો તે મહર્ષિ વ્યાસ રચિત મહાભારત છે.

# <u>પ્રકરણ–૩, આદિ મહાકાવ્ય : મહાભારત</u>

## <u>પાદટીપ</u>

01. लक्षैणैकेनयत् प्रोक्तम् – मत्स्यपुराण, ५३
02. इदं शतसहस्त्रं हि श्लोकानां पूण्यकर्मणाम् ।
    सत्यवत्यात्मजनेक व्याख्यातममित्तौ सा ।।
    – म.भा३आदिपर्व ५६/१३
03. Vaidya C.V. The Mahabharata A. Critian P.23
04. વેદવ્યાસ અને મહાભારત – ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, પૃ.૭૦
05. पाणिनि कालीन भारतवर्ष – डॉ. वासुदेवशरण अग्रवाल
06. महाभारत – गीताप्रेस गोरखपुर
07. नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
    देवी सरस्वतीं चैव ततो जयमुदीरचेत् ।।
08. अष्टो श्लोकसहस्त्राणि अष्टौ श्लोकशतानि च ।
    अहं वेह्मि शुको वेत्ति संजयो वेत्ति वा न वा ।। – महाभारत १.८१.३
09. चतुर्विंशति साहस्त्री चक्रे भारतसंहिताम् ।
    उपाख्यानैर्विना तावभ्दारत प्रोच्यते बुधैः ।। – महाभारत आदिपर्व १/६१
10. इदं तु शतसहस्त्रं लोकानां पुण्यंकर्मणाम् ।
    उपाख्यानैः सह ज्ञेयमाद्यं भारतमुत्तमम् ।। – महाभारत १.१.१०१
11. Winternitz - History of India literature P.317
12. त्रिभिर्वषैः सदोत्यायी कृष्णद्वैपायनो मुनिः ।
    सत्यवत्यात्मजेनेह व्याख्यातममितौजसा ।। – महाभारत १.५६.३२
13. इदं शतसहस्त्रं लोकानां पुण्यंकर्मणाम् ।
    सत्यवत्यात्मजेनेह व्याख्यातममितौजसा ।। – महाभारत १.६२.१४
14. महाभारत – १.१.५०
15. अेंजन – १.१.६१–७०
16. अेंजन – १.१.९८
17. अेंजन – १५.२०.३२
18. तेनैत ऋषयो युक्तास्तिष्ठन्त्यब्दशतं नृणाम् ।
    ते त्वदीये द्विजाः काले अधुना चाश्रिता मधाः ।।

यदा देवर्षय: मधासु विचरन्ति हि ।

तदा प्रवृतस्तु कलिर्द्वादशाब्दशतात्मक: ।। – भागवत पुराण-१२.२.२८-३१

19. अत: स्पष्ट है कि मूल महाभारत की रचना इससे (४०० ३.५) कम से कम दोसो वर्ष पूर्व अवश्य हुई होगी । महाभारत बुद्ध के पहले की रचना है, परंतु वर्तमान रूप बुद्ध के पीछे प्राप्त हुआ, यही मानना न्यायसंगत है ।

बलदेव उपाध्याय, "संस्कृत साहित्य का इतिहास" पृ.१६

20. મહાભારતના મોતી – શ્રી યોગે રજી પૃ.૨૦

21. न्यस्तो द्वीपे स यह् बाल तस्माद् द्वेपायन: स्मृत: । – महाभारत आ.प. – ६२/८६

22. विव्यास वेदान् यस्मात् स तस्माद् व्यास इति स्मृत: । – महाभारत आ.प. – ६२/८८

23. 'ભારત રત્ન' – શ્રી ઉપેન્દ્રરાય સાંડેસરા–પ્રસ્તાવના

24. नमोऽस्तु ते व्यास विशालबुद्धे

कुललारविन्दायतपत्रनेत्र ।

येन त्वया भारततैलपूण:

प्रज्वालितो ज्ञानमय: प्रदीप: ।।

– श्रीमद्‌भगवद्‌गीता – अथ हृदयादिन्यास:

25. नम: सर्वविदे तस्मै व्यासाय कविवेधसे ।

चक्रे पुण्यं सरस्वत्या यो वर्षमिव भारतम् ।।

– महाकवि बाण – 'हर्षचरितम्'

26. विस्तीर्यतन्महद्ज्ञानमृषि: संक्षिप्य चाब्रतीत् ।

इष्टं हि विदुषा लोके समासव्यास धारणम् ।।

– महाभारत – १.१.५१

27. "संस्कृत साहित्य का इतिहास" – वाचस्पति गैरोला पृ.२३०

28. વેદવ્યાસ અને મહાભારત – ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા

29. पारीक्षिता अमवन्निति – बृहदारण्यक उपनिषद – ३/३/१

31. अराजकं जनपदे दोषा जायन्ति वै सदा ।

उद्वृतं सततं लोकं राजा दण्डेन शास्ति वै ।।

– महाभारत – १.१.५१

32. एजन – ४१/२९

33. अभ्यार्पितस्तदा तस्मै स्थानानि कलये ददौ ।
द्यूतं पानं स्त्रियं सूना यत्राधर्मचर्तुविधः ।।
34. पद्म पुराण – महात्म्य – २/४
35. महाभारत – ७२/१६
36. एजन – ७२/५
37. एजन – ७३/१७
38. अस्यां जायेत यः पुत्रः स राजा पृथिवीपते ।
त्वदूर्ध्वमभिषेक्तव्यो नान्यः कश्चन पार्थिव ।।
– महाभारत आदिपर्व १००/५६

39. उदर्कस्तव कलयाणि कल्याणो भविता शुभे ।
वचं पश्याम तपसा क्षिप्र्र प्रक्ष्यसि नैषधम् ।।
– महाभारत वनपर्व – ६४/९२
40. अनेन वाससाच्छन्नः स्वं रूपं प्रतिपत्स्ये ।
इत्युकत्वा प्रददौ तस्मै दिव्यं वासोयुगं तदा ।।
– महाभारत वनपर्व – ६६/२५
41. ऋतो त्वं चैव माता च स्नाते पुंसवनाच वै ।
आलिङ्गैतां पृथग् वृक्षौयुगं तदा ।।
– महाभारत वनपर्व – ११५/२५
42. एजन वनपर्व – ११६/१४
43. स वव्रे मातुरूत्वानमस्मृतिं च वधस्य वै ।
पापेन तेन चास्पर्शं भ्रातृणां प्रकृति तथा ।।
अप्रतिद्वन्द्वतां युद्धे दीर्घमायु भारत ।
ददौ च सर्वान कामास्ताग्नमदग्निर्भहातताः ।।
– महाभारत वनपर्व – ११६/१७,१८
44. महाभारत वनपर्व – २८१/२५
45. एजन – २९१/१२

46. अन्त रति भूतानां मातरिश्वा सदागतिः ।
स मे विमुञ्चतु प्राणान् यदि पापं चराम्यहम् ।।

– महाभारत – २९१/२३

47. यथाहं त्वश्चते वीर नान्यं स्वप्नेऽप्यचिन्तयम् ।
तथा मे देवनिर्दिष्टस्त्वमेव हि पतिर्भव ।।

– महाभारत – २९१/२५

48. अहो धिङ नाईसे देवि वक्तुं मामीश्चशं वचः ।
अहं हि वचनाद् राज्ञः पतुयमपि पावके ।।

मक्षयेयं विषं तीक्ष्णं पतेयमपि चार्णवे ।
नियुक्तो गुरूणा पित्रा नृपेण च हितेन च ।।

तद् बूहि वचनं देवि राज्ञो यदभिकाक्षितम् ।
करिष्ये प्रतिजाने च रामो द्विर्ताभिभाषते ।।

–વાલ્મિકી રામાયણ– १८/२८/३०

49. सावित्र्या प्रीतया दत्ता सावित्र्य हुतया ह्यपि ।
सावित्रीत्येव नामास्या कुर्विप्रास्तथा पिता ।।

– महाभारत वनपर्व – २९१/२४

50. एजन – २९३/३५

51. एजन – २९४/२३

52. सकृदंशो निपतति सकृत् कन्या प्रदीयते ।
सकृदाह ददानीति त्रीण्येतानि सकृत् सकृत् ।।
दीर्घायुरथवाल्यायुः सगुणो निर्गुणोऽपि वा ।
सकृद् वृतो मया भर्ता न द्वितीयं वृणोम्यहम् ।।

– महाभारत वनपर्व – २९७/५४

53. वरातिसर्गः शतपुत्रता मम त्वचैव दत्तोहियते च मे पतिः ।
वरं वृणे जीवतु सत्यवानयं तवैव सत्यं वचनं भविष्यति ।।

– महाभारत वनपर्व – २९७/५४

54. चतुर्थऽहनि मर्तव्यमिति संचिन्त्य भाविनी ।
व्रत त्रिरात्रमुश्चिरय दिवारात्रं स्थिताभवत् ।।

– महाभारत वनपर्व – २९६/३

55. महाभारत वनपर्व – १२१/२३

56. एजन वनपर्व – १२१/२३

57. एजन वनपर्व – २०६/२०

58. नाभुक्तवति नास्नाते नासंविष्टे च भर्तरि ।
न संविशामि नाश्नामि सदा कर्म करेष्वमि ।।

– महाभारत वनपर्व – २३३/२४

59. पत्याश्रयो हि मे धर्मो मत: स्त्रीणां सनातन: ।।
स देव: सा गतिर्नान्या तस्य का विप्रियं चरेत् ।।

– महाभारत वनपर्व – २३३/३७

60. महाभारत कर्णपर्व – ४१/२२

61. महाभारत कर्णपर्व – ४१/२५

62. एजन – ४१/५८

63. महाभारत शान्तिपर्व – १३८/३९–४०

64. एष: शाकुनिक: शेते तव वासं समाश्रित: ।
शीतार्त क्षुधार्त पूजामस्मै समाचर ।।

– महाभारत शान्तिपर्व – १४५/७,८

65. अवबुध्यात्मनौऽऽत्मानं सतब्रं शीलं श्रुतं दमम् ।
अनुक्रोशं च संस्मृत्य त्यज वासमिमं द्विज ।।

– महाभारत शान्तिपर्व – १६८/४८

66. एजन शान्तिपर्व – १७०/१६

67. गृहीतो लोभमोहाभ्यां दूरं च गमनं मम ।
न चास्ति पति मोक्तव्यं प्राणसंधारं मम ।।

– महाभारत शान्तिपर्व – १७१/३२

68. चिरं स चिन्तयत्यर्थी रंजाग्रच्चिरं स्वपन् ।
चिरं कार्याभिपत्तिं च चिरकारी तथोच्यते ।।

– महाभारत शान्तिपर्व – २६६/५

69. पितुराज्ञां कथं कुर्यां न हन्या मातरं कथम् ।
कथं धर्मच्छलेनास्मिन् निमश्चेयमसाधुवत् ।।
पितुराज्ञा परो धर्मः स्वधर्मा मातुरक्षणम् ।
अस्वतन्त्रं च पुत्रत्वं किं तु मां नानुपीडयेत् ।।

– महाभारत शान्तिपर्व – २६६/१०,११

70. महाभारत शान्तिपर्व – २६६/२८

71. एजन शान्तिपर्व – २६६/२५,३२

72. करवाणि किं ते तन्मे बुहि द्विजोत्तम ।
सर्व कर्तास्मि भगवन् यद्यपि स्यात् सुदुष्करम् ।।

– महाभारत अनुशासन पर्व – ५१/४

73. एजन अनुशासन पर्व – ५१/११

74. ब्राह्मणानां गवां चैव कुलमेकं द्विधा कृतम् ।
एकत्र मन्त्रास्तिष्ठन्ति हविरन्यत्र तिष्ठति ।।
अनर्धेया महाराज द्विजा वर्णेषु चोतमाः ।
गाव पुरूषव्याध्र गौर्मूलयं परिकलप्यताम् ।।

– महाभारत अनुशासन पर्व – ५१/२२

75. महाभारत अनुशासन पर्व – ५१/३३

76. यमोऽब्रवीन्मां न मृतोऽसि सौम्य यमं पश्येत्याह स त्वां तपस्वी ।
पिता प्रदीप्ताग्निसमानतेजा न तच्छवयमनृतं विप्र कर्तुम् ।।

– महाभारत अनुशासन पर्व – ७१/१८

77. महाभारत अनुशासन पर्व – ७१/३०,३६

78. महाभारत आश्वमेघिकपर्व – ९०/६

79. क्षुधा निर्णुदति प्रज्ञां धर्मबुद्धिं व्यापोहति ।।
क्षुधा परिगतज्ञानो धृति त्यजति चैव ह ।
बुमुक्षां जयते यस्तु स स्वर्गे जयते ध्रुवम् ।।

–महाभारत आश्वमेघिकपर्व–९०/९०,९१

80. ततो मयोक्तं तद् वाक्यं प्रहस्य ब्राह्मणर्षमाः ।
सक्तुप्रस्थेन यज्ञोऽयं सम्मितो नेति सर्वथा ।।

–महाभारत आश्वमेघिकपर्व – ९०/११४-११६

81. दातव्यमिति पश्चानं दीयतेऽनपकारिणे ।
देशे काले च पात्रे च तश्चानं सात्त्विकं स्मृतम् ।।
यत्तु प्रत्युतकारार्थं कलमुश्चिश्य वा पुनः ।
दीयते च परिकिलष्टं तश्वानं राजसं स्मृतम् ।।
अदेशकाले पश्वानपात्रेभ्य दीयते ।
असत्कृतमवज्ञातं तत्तामसमुदाह्यतम् ।।

–श्रीमद् भगवद्गीता – १७/२०, २१, २२

82. महाभारत – १८.५.४९

83. अस्मिन्नार्षे पुनः सर्गा भवन्त्याख्यान संज्ञकाः ।
अस्मिन्महाकाव्ये यथा महाभारतम् ।।

– विश्वनाथ साहित्यदर्पण – ६/३२५

84. महाभारत – १.६१–७०

85. अष्टौ श्लोकसहस्त्राणि अष्टौ श्लोकशतानि च ।
श्लोका चतुराशीतिर्मुनिनोक्ता महात्मना ।।

– महाभारत आदिपर्व – २/१३१

86. अत्तयायः सप्ततिर्ज्ञेयास्तथा चाष्टौ प्रसंख्यगा ।
श्लोकानां द्वे सहस्त्रे तु पश्च श्लोकशतानि च ।।
श्लोकौकादरा ज्ञेयाः पर्वण्यस्मित् द्विजोत्तमाः ।
अतः परं तृतीयं तु ज्ञेयमारण्यकं महत् ।।

– आदिणर्व २/१४१–१४२

87. अत्रात्रयाशते द्वे तु संखया परिकीर्तिते ।
एकोनसप्ततिवै तथात्रयायाः प्रकीर्तिताः ।।
एकादशसहस्त्राणि श्लोकानां षद शतानि च ।
चतुः षष्टिस्थता श्लोकाः पर्वण्यस्मित् प्रकीर्तिताः ।।

– महाभारत आदिपर्व – २/२०४–२०५

88. सप्तषष्टिरथो पूर्णा श्लोकानापि मे श्रृणु ।
श्लोकानां द्वे सहस्त्रे तु श्लोकाः पश्चारादेव तु ।।

– महाभारत आदिपर्व – २/२१६

89. श्लोकानां षट्सहस्त्राणि तावन्त्येय शतानि च ।
श्लोकानां नवति: प्रोक्तास्तथैवाष्टो महात्मना ।।

– महाभारत आदिपर्व – २/२४३

90. अध्यायानां शतं प्राक्तं तथा सप्तदशापरे ।
पश्च श्लोकसहस्त्राणि संख्ययाष्टौ शतानि च ।।

– महाभारत आदिपर्व – २/२५२

91. अष्टोश्लोकसहस्त्राणि तथा नव शतानि च ।
श्लोका नव तथैवात्र संख्यातास्तत्वदर्शिना श्च ।।

– महाभारत आदिपर्व – २/२६९

92. एकोनसप्तति: प्रक्तद अत्तयाया: कर्णपर्वणि ।
चत्वायैव सहस्त्राणि नव श्लोकशतानि च ।।

93. संख्याता बहुवृत्तान्त श्लोकसंख्यात्र कथ्यते ।
त्रीणि श्लोकसहस्त्राणि द्वे शते विंशतिस्तथा ।।

– महाभारत आदिपर्व – २/२८९–९०

94. अष्टादशास्मिन्न्संख्या पर्वण्युक्ता महात्मना ।
श्लोकानां कथितान्यत्र शतान्यष्टौ प्रसंख्यया ।।
श्लोका सप्तति: प्रोक्ता मुनिना ब्रह्मवादिना ।

– महाभारत आदिपर्व – २/३१०–३११

95. सप्तशिंतिरसंख्यया: पर्वण्यस्मिन् प्रकीर्तिता ।
श्लोकसप्तशती चापि पश्चसप्ततिसंयुता ।।

– महाभारत आदिपर्व – २/३२३–२४

96. त्रिंशच्चैव तथा ध्याया नव चैव तपोधना: ।
चतुर्दश सहस्त्राणि तथा सप्तशतानि च ।।
सप्तश्लोकास्तथैवात्र पश्चविशंतिसंख्यया ।

– महाभारत आदिपर्व – २/३३०–३३१

97. एतत् त्रयोदशं पर्व धर्मनि यकारणम् ।
अत्तयापानां शतं त्वत्र षट्चत्वारिंशदेव तु ।।
श्लोकानां तु सहस्त्राणि प्रोक्तान्यष्टौ प्रसख्यया ।

– महाभारत आदिपर्व – २/३३७–३३८

98. त्रीणि श्लोकसहस्त्राणि तावन्त्येव शतानि च ।
विंशति तथा श्लोका: संख्यातास्तत्वदर्शिना ।।

– महाभारत आदिपर्व – २/३४३–३४४

99. द्विचत्वाशिंशदसंख्यया: पर्वे तदमिसंख्यया ।
सहस्त्रमेकं श्लोकानां पश्चश्लोकशतानि च ।।
षडेव च तथा श्लोका: संख्यातास्तत्वदर्शिना ।

– महाभारत आदिपर्व – २/३५२–५३

100. यत्रात्रयायाष्टौ समाख्याता: श्लोकानां च शतत्रयम् ।
विंशति तथा श्लोका: संख्यातास्तत्वदर्शिना ।।

– महाभारत आदिपर्व – २/३६३–६४

101. यत्र अधयायास्त्रय: प्रोक्ता: श्लोकानां च शतत्रयम् ।
विंशति तथा श्लोका: संख्यानास्तत्वदर्शिना ।।

– महाभारत आदिपर्व – २/३६९

102. अध्याया: पश्च संख्याता पर्वण्यस्मिन् महात्मना ।
श्लोकानां द्वे शते चैव प्रसंख्याते तपोधना: ।।
नवश्लोकास्तथैवान्ये संख्याता: पह्मर्षिणा ।

– महाभारत आदिपर्व – २/३७७–३७८

103. इदं शतसहस्त्रं तु लोकानां पुण्यकर्मणाम् ।
उपाख्यानै: सह ज्ञेयमाधं भारतमुत्तमम् ।।

– महाभारत आदिपर्व – १/१०१